# दु:षमगण्डिका

જૈન ઈતિહાસ કહો...

ભવ્ય ભૂતકાળ કહો...

કે દુઃષમ કાળની

રસપ્રદ ઘટના કહો...

આ ગ્રંથ સૌ પ્રથમ વાર

પ્રકાશિત થઈ રહ્યો છે

જે

વિદ્યાર્થીઓ, વિદ્વાનો અને

ઈતિહાસકારો માટે

અવર્જનીય આલંબન છે.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્ગુરુભ્યો નમઃ

શ્રી ભુવનભાનુસૂરિ-જન્મશતાબ્દીએ નવલું નજરાણું-૬૨

पूजनीयाचार्यवर्यश्रीप्रतिप्रभुसूरिविरचिता

नवनिर्मित-दुःषमोपनिषद्व्याख्याविभूषिता

गुर्जरव्याख्यालङ्कृता

# दुःषमगण्डिका

-ः मूलग्रन्थसंशोधनम्+नूतनसंस्कृतवृत्तिसर्जनम्+गुर्जरानुवादः+सम्पादनम् :-


प्राचीन आगमशास्त्रोद्धारक प.पू. आचार्यदेव-

श्रीमद्विजयहेमचन्द्रसूरीश्वरशिष्याः

प.पू. आचार्यदेवश्रीमद्विजयकल्याणबोधिसूरीश्वराः



-ः प्रकाशक :-

श्री जिनशासन आराधना ट्रस्ट

મૂળ ગ્રંથ : દુઃષમગંડિકા (૭૨ પ્રાકૃત ગાથા)
મૂળ કૃતિકાર : પ.પૂ. આચાર્યવર્ય શ્રી પ્રતિપ્રભુસૂરીશ્વરજી મહારાજા
નવનિર્મિત સંસ્કૃત વૃત્તિ : દુઃષમોપનિષદ્
હસ્તાદર્શો પરથી મૂળ કૃતિ સંશોધન + નૂતન સંસ્કૃતવૃત્તિ સર્જન + ગુર્જર ભાવાનુવાદ + સંપાદન : પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ
વિષય : શ્રી વીરપ્રભુના નિર્વાણથી શ્રી પદ્મનાભપ્રભુની ઉત્પત્તિ સુધીના કાળનું વર્ણન
વિશેષતા : એક લઘુગ્રંથમાં પણ યુગપ્રધાનો, ઐતિહાસિક પ્રસંગો, વિવિધ મતો અને ગ્રંથોની ઉત્પત્તિઓ, સામાચારી પરાવર્તનો આદિ અનેકાનેક મહત્ત્વની વિગતોનો સમાવેશ. હસ્તાદર્શો પરથી સંશોધિત થઈ સૌ પ્રથમવાર પ્રકાશિત થતો ગ્રંથ. નૂતન ટીકામાં મૂળગ્રંથનિર્દિષ્ટ કથાનકો, સાક્ષીપાઠો, મતાંતરો આદિનો સમાવેશ. વિદ્યાર્થીઓ-વિદ્વાનો-ઈતિહાસકારો માટે એક અવર્જનીય આલંબન.
પઠન-પાઠન અધિકારી : ગીતાર્થ ગુરુ અનુજ્ઞાત આત્મા

- **વિ.સં. ૨૦૬૭ • વી.સં. ૨૦૩૭ • ઈ.સ. ૨૦૧૧**
  **આવૃત્તિ :** પ્રથમ • **પ્રતિ :** ૫૦૦ • **મૂલ્ય :** રૂા. ૨૦૦
- **પ્રકાશક :** શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
  E-mail : jinshasan_108@yahoo.com

© શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યથી પ્રકાશિત થયું છે. માટે ગૃહસ્થે મૂલ્ય ચૂકવીને માલિકી કરવી.

આ પુસ્તકના કોઈપણ અંશનો ઉપયોગ કરતા પૂર્વે લેખક તથા પ્રકાશકની લેખિત મંજૂરી મેળવવી જરૂરી છે.

Copyright held by Shree Jinshasan Aradhana Trust under Indian Copyright Act, 1957. http://copyright.gov.in/documents/ copyright rules 1957, pdf.

Note : Unauthorised usage, whether uploading on any website or printing in a book or forwarding to others on the internet or putting up on a blog is prohibited. Reproduction of this text by any means whether in part or in full, cannot be made unless express written consent obtained from shree Jinshasan Aradhana Trust. Any violation of this shall be deemed a violation of the intellectual rights of the publisher & of the copyright act, 1957.

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ,** ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com



चरमतीर्थपतिः करुणासागरः श्रीमहावीरस्वामी



अनन्तलब्धिनिधानः श्रीगौतमस्वामी



पञ्चमगणधरः श्रीसुधर्मास्वामी

# કૃપા વરસે અનરાધાર

સિદ્ધાંતમહોદધિ સુવિશાલગચ્છસર્જક પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

અજોડ ગુરુસમર્પિત ગુણગણનિધિ પ.પૂ. પંન્યાસપ્રવર

**શ્રી પદ્મવિજયજી ગણિવર્ય**

વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

अनुमोदना... अभिनंदन... धन्यवाद

# સુકૃત સહયોગી

# શ્રી અમીઝરા એપાર્ટમેન્ટના આરાધકો

## અઠવાલાઈન્સ - સુરત

**જ્ઞાનનિધિના સદ્‌વિનિયોગ બદલ શ્રીસંઘ તથા ટ્રસ્ટીઓની ભૂરી ભૂરિ અનુમોદના**

- **પ્રાપ્તિસ્થાન : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

**મુંબઈ :** શ્રી ચંદ્રકુમારભાઈ સી. જરીવાલા, દુ.નં. ૬, બદ્રીકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ 'ઈ' રોડ, નેતાજી સુભાષ માર્ગ, મુંબઈ. ફોન : ૨૨૮૧૮૩૯૦

શ્રી અક્ષયભાઈ જે. શાહ, ૫૦૬, પદ્મએપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે, સર્વોદયનગર મુલુંડ (વે.) મુંબઈ-૪૦૦૦૮૦. ફોન : ૨૫૬૭૪૭૮૦

**પાટણ :** શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી, ૬-બી, અશોકા કોમ્પ્લેક્ષ, પહેલા રેલવે ગરનાળા પાસે, પાટણ, ઉ.ગુ. ફોન : ૨૩૧૬૦૩

**અમદાવાદ :** શ્રી બાબુભાઈ, સિદ્ધાચલ બંગલોઝ, સેન્ટ એન. સ્કુલ પાસે, હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૫.
ફોન : ૨૭૫૦૫૭૨૦, ૨૨૧૩૨૫૪૩

# દુઃષમ કાળે ઈણ ભરતે

પૂજનીય પૂર્વાચાર્ય શ્રી પ્રતિપ્રભુસૂરિજીની આ રચના... મહદંશે આ ગ્રંથ અન્ય પ્રમાણિત ગ્રંથો સાથે સંવાદ ધરાવે છે. આ બાબત પ્રસ્તુત ગ્રંથ પ્રમાણભૂત હોવાની સાક્ષી પૂરે છે. પણ અમુક સ્થળે વર્ણવેલ વિગત અન્યત્ર પ્રાપ્ત થતી નથી. અમુક સ્થળ સંપૂર્ણપણે ઉકેલી શકાયા પણ નથી. જેમાં મારી અલ્પજ્ઞતા પણ કારણ છે. કેટલીક બાબતો પૂર્વકાળથી જ મતાંતરભરપૂર-વિવાદાસ્પદ રહી છે. એવી બાબતોમાં એક મતનો નિશ્ચય દુઃસંભવિત હોય છે. આવી બાબતોમાં મધ્યસ્થતાપૂર્વક બહુશ્રુત પુણ્યાત્માઓ પાસે સમાધાન મેળવવા ભલામણ કરું છું. અત્રસ્થ ઉણપ અને ક્ષતિઓની સમ્માર્જના કરવા બહુશ્રુત પુણ્યાત્માઓને મારી નમ્ર વિનંતી છે.

# સંશોધનમાં ઉપયુક્ત હસ્તાદર્શો

क - શ્રીહેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિર - પાટણ
ડા-૧૯૭, ગ્રન્થ-૭૯૮૧, પ્રથમ પત્ર



ख - શ્રીહેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિર - પાટણ
શ્રી સંઘનો જ્ઞાન ભંડાર, ક્ર.-૨૧૨૨, પત્ર-૨, પ્રથમ પત્ર



क - શ્રીહેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિર - પાટણ
ડા-૧૯૭, ગ્રન્થ-૭૯૮૧, ઉપાન્ત્ય પત્ર



ख - શ્રીહેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિર - પાટણ
શ્રી સંઘનો જ્ઞાન ભંડાર, ક્ર.-૨૧૨૨, પત્ર-૨, ઉપાંત્ય પત્ર



શ્રીભુવનભાનુસૂરિ

100

જન્મ શતાબ્દી વર્ષ

૧૯૬૭ ૨૦૬૭

# યુગો સુધી ઝળહળશે ભુવનભાનુના અજવાળા ☆ જન્મશતાબ્દી વર્ષે ભાવભીની શ્રદ્ધાંજલિ ☆



વૈરાગ્યવારિધિ

તિતિક્ષામૂર્તિ

અધ્યાત્મયોગી

અપ્રમત્તસાધક

નિર્યામણાનિપુણ

ન્યાયવિશારદ

સંઘહિતચિંતક

વર્ધમાન તપોનિધિ

સુવિશાળ ગચ્છાધિપતિ

ગુરુકૃપાપાત્ર

સુવિશુદ્ધસંયમી

પ્રવચનપ્રભાવક

અનેકાંતદેશનાદક્ષ

શ્રેષ્ઠકર્મસાહિત્યસર્જક

શિબિર આદ્યપ્રણેતા

બાળદીક્ષાસંરક્ષક

અપ્રતિમ પ્રભુભક્ત

અદ્ભુત ગુણાનુરાગી

નિર્દોષચર્યાચારી

સર્વતોમુખી પ્રતિભાસ્વામી

૧૯૬૭ ૨૦૬૭

# शुद्धिपत्रम्

| पेज | लाईन | अशुद्ध | शुद्ध |
|---|---|---|---|
| ६ | ७ | उसप्पिणीइ | उ(अव)सप्पिणीइ |
| ६ | १८ | ઉત્સર્પિણીમાં | અવસર્પિણીમાં |
| ७ | १ | उत्सर्पिण्याम् | अवसर्पिण्याम् |
| ७ | ८ | ઉત્સર્પિણીમાં | અવસર્પિણીમાં |
| ११ | ४ | तदेषोत्सर्पिणी | तदेषावसर्पिणी |
| ११ | ४ | अवसर्पिण्यास्तु | उत्सर्पिण्यास्तु |
| ११ | ५ | अवसप्पिणीय | अ(उ)वसप्पिणीय |
| ११ | १४ | ઉત્સર્પિણીની | અવસર્પિણીની |
| ११ | १५ | અવસર્પિણીમાં | ઉત્સર્પિણીમાં |
| ११ | १६ | અવસર્પિણીમાં | ઉત્સર્પિણીમાં |
| १२ | १ | अवसर्पिण्यां | उत्सर्पिण्यां |
| १२ | २ | सर्वथाऽप्युत्सर्पिणी | सर्वथाऽप्यवसर्पिणी |
| १२ | ९ | અવસર્પિણીમાં | ઉત્સર્પિણીમાં |
| १२ | १० | ઉત્સર્પિણીની | અવસર્પિણીની |
| ४८ | ८ | गुरूणा | गुरुणा |
| ५२ | १७ | નેવ્યાશી | ઓગણએંશી |
| ७६ | ७ | तीर्थखल्पे | तीर्थकल्पे |
| ७७ | ५ | અગિયારસો | એક હજાર |
| ७८ | ९ | અગિયારસો | એક હજાર |
| ८६ | १० | कालकाचार्यपर्श्वे | कालकाचार्यपार्श्वे |
| ९७ | ६ | कालयसुरीहि | कालयसूरिहि |
| १२५ | २ | चन्द्रप्रभुः | चन्द्रप्रभः |
| १२८ | ७ | तस्याग्रे | तस्या अग्रे |

अथ दुःषमोपनिषद्-व्याख्याविभूषिता

# दुःषमगण्डिका

**श्रीवर्द्धमानं जिनवर्द्धमानं,**
**सूरीन्द्रमेवं गुरुहेमचन्द्रम् ।**
**प्रणम्य नम्यं वितनोमि वृत्तिं,**
**श्रुतोत्तमे दुःषमगण्डिकाख्ये ॥**

अथ को दुःषमगण्डिकाशब्दस्यार्थ इति, उच्यते, गण्डिकेहैकार्थाधिकारा ग्रन्थपद्धतिः, सोऽर्थश्च प्रकृते दुःषमारसत्क इत्ययं ग्रन्थो दुःषमगण्डिका । ननु यद्येवं तर्हि

---

આર્હન્ત્યની લક્ષ્મીથી વધતા એવા વર્દ્ધમાન જિન અને સૂરીન્દ્ર એવા ગુરુ હેમચન્દ્ર, આ વંદનીયને વંદન કરીને દુઃષમગંડિકા નામના ઉત્તમ શ્રુત પર વૃત્તિ રચું છું.

**પ્રશ્ન** - દુઃષમગંડિકા આ શબ્દનો શું અર્થ છે ?

**ઉત્તર** - ગંડિકાનો અર્થ છે એક અર્થના અધિકારવાળી ગ્રંથની પદ્ધતિ. તે અર્થ પ્રસ્તુતમાં દુઃષમા આરાનો છે માટે આ ગ્રંથ દુઃષમગંડિકા છે.

**શંકા** - જો એવું હોય, તો પહેલા 'દુઃષમા આરો' આ પદના અર્થને જ પહેલા સ્પષ્ટ કરો ને ?

दुःषमारपदार्थ एव प्रथमं स्फुटीक्रियतामित्यत्र तत्स्वरूपं प्रतिपादयितुं नान्तरीयकत्वात्प्रथमं कालविभागं निरूपयति -

**अवसप्पिणि-उसप्पिणिभेएण होइ दुविहा कालो ।**
**सागरकोडाकोडीवीसाए सो समप्पेइ ॥१॥**

अवसर्पयति हीयमानारकतया, अवसर्पयति वा - क्रमेणायुःशरीरादिभावान् हापयतीत्य**वसर्पिणी**, उत्सर्पति वर्द्धते आरकापेक्षया वर्द्धयति वा क्रमेणायुरादि - भावानि**त्युत्सर्पिणी**, एताभ्यां जातो भेदः-**अवसर्पिण्युत्सर्पिणीभेदः**, तेन **द्विविधः**

---

**સમાધાન** - હા, ગ્રંથકારશ્રીને તેનું સ્વરૂપ કહેવું છે. પણ તે કહેવા માટે કાળવિભાગ સમજાવવો જરૂરી હોવાથી પહેલા તેનું નિરૂપણ કરે છે -

**અવસર્પિણી-ઉત્સર્પિણી આ ભેદથી કાળ બે પ્રકારનો છે. તે વીશ કોડાકોડી સાગરોપમે સમાપ્ત થાય છે. ॥૧॥**

આરાઓ હાનિ પામતા હોવાથી જે અવગતિ કરે છે, અથવા તો જે ક્રમશઃ આયુષ્ય, શરીર વગેરે વસ્તુઓને ઘટાડે છે, તે અવસર્પિણી. જે આરાઓની અપેક્ષાએ ઉર્ધ્વગતિ કરે છે - વધે છે, અથવા તો આયુષ્ય વગેરે વસ્તુઓને ક્રમશઃ વધારે છે, તે ઉત્સર્પિણી. આ બેથી થયેલો જે ભેદ તે અવસર્પિણી-ઉત્સર્પિણી ભેદ. તેનાથી

- प्रकारद्वयोपेतः, **कालः** - समयः, **भवति** । एतच्च भरतैरवतक्षेत्रावधिकृत्यावगन्तव्यम्, अन्यत्रावस्थितत्वेनैकविधत्वात्कालस्य, तथा चागमः - जंबुद्दीवे णं भंते ! दीवे भारहे वासे कतिविहे काले पन्नत्ते ? गोयमा ! दुविहे काले पन्नत्ते, तं जहा-ओसप्पिणिकाले अ उस्सप्पिणिकाले अ - इति (जम्बूद्वीपप्रज्ञप्तौ २२) । **सः** - उक्तप्रकारद्वयसहितः कालः **सागरकोटाकोटिविंशत्या समाप्यते** - निष्ठितो भवति । सागरश्चासङ्ख्यवर्षप्रमाणः कालः, स चोपमया

---

બે પ્રકારનો કાળ છે. આ વાત ભરત-ઐરાવત ક્ષેત્રની અપેક્ષાએ સમજવી. કારણ કે તે સિવાયના ક્ષેત્રોમાં કાળ અવસ્થિત હોવાથી એક પ્રકારનો છે.

આગમમાં પણ કહ્યું છે - ભગવંત ! જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં કેટલા પ્રકારનો કાળ કહ્યો છે ? ગૌતમ ! બે પ્રકારનો કાળ કહ્યો છે. તે આ પ્રમાણે - અવસર્પિણીકાળ અને ઉત્સર્પિણીકાળ. (જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં સૂત્ર-૨૨).

તે = હમણા કહેલ બે પ્રકારનો કાળ વીશ કોડાકોડી સાગરોપમે સમાપ્ત થાય છે. સાગરોપમ એ અસંખ્ય વર્ષપ્રમાણ કાળ છે. અને તે ઉપમાથી આગમમાં આ

सिद्धान्त एवं निरूपितः - जं जोयणवित्थिण्णं तं तिगुणं परिरएण सविसेसं । तं जोयणमुच्चिट्टं पल्लं पलिओवमं णाम ॥ एक्काहिग-बेहिग-तेहिगाण उक्कोस सत्तरत्ताणं । सम्मट्ठं सण्णिचितं भरियं वालग्गकोडीणं ॥ ओगाहणा तु तेसिं अंगुलभागे हवे असंखेज्जे । एतं लोमपमाणं एत्तो वोच्छामि अवहारं ॥ वाससते वाससते एक्केक्के अवहडम्मि जो कालो । सो कालो णायव्वो उवमा एक्कस्स पल्लस्स ॥ एतेसिं पल्लाणं कोडाकोडी हवेज्ज दसगुणिता । तं सागरोवमस्स उ एक्कस्स

---

રીતે કહ્યો છે - એક એવો ખાડો હોય કે જે એક યોજન વિસ્તારવાળો હોય. તે પરિધિથી સાધિક ત્રણ યોજન હોય. એક યોજનની ઊંચાઈ હોય. આવો ખાડો = પલ્ય. તેની ઉપમાથી પલ્યોપમ છે. એક-બે-ત્રણ... એમ ઉત્કૃષ્ટથી સાત રાતના (સાત દિવસના) બાળકોના કરોડો વાળના અગ્રભાગોથી એ ખાડો ભરેલો હોય. તે વાળના અગ્રભાગોની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી હોય, આ રીતે વાળનું પ્રમાણ કહ્યું. હવે તેનો અપહાર કહું છું. સો-સો વર્ષે તેમાંથી એક-એક વાળ કાઢતા તે ખાડો ખાલી થઈ જાય, તેટલો કાળ એક પલ્યની ઉપમા સમજવો જોઈએ. અર્થાત્ એટલો કાળ એક પલ્યોપમ કહેવાય. આ પલ્યોપમો જ્યારે દશ કોડાકોડી

भवे परिमाणं - इति (**ज्योतिष्करण्डके** ८८-९२) । उक्त-कालप्रमाणमेव विभागेनोपदर्शयन्नाह -

**दसकोडाकोडीओ सागरमाणेण हुंति पुन्नाओ ।**
**उसप्पिणीपमाणं चेव अवसप्पिणीए वि ॥२॥**

**सागरमानेन** - अनन्तराभिहितस्वरूपसागरोपमलक्षण-कालविशेषप्रमाणेन, **पूर्णाः** - अन्यूनाः, **दशकोटाकोट्यो भवन्ति**, एताव**देवोत्सर्पिणीप्रमाणम्**, नाधिकं नापि न्यूनमिति

---

પ્રમાણ થાય, તે એક સાગરોપમનું પ્રમાણ છે. (જ્યોતિ-ષ્કરંડક ८८-९२).

કહેલા કાળના પ્રમાણને જ વિભાગથી દેખાડતા કહે છે -

**દશ કોડાકોડી સાગરોપમ પૂરા થાય એ જ ઉત્સર્પિણીનું પ્રમાણ છે. આ જ અવસર્પિણીનું પણ પ્રમાણ છે. ॥૨॥**

સાગરના પ્રમાણથી = હમણા જેનું સ્વરૂપ કહ્યું તે સાગરોપમ નામના કાળવિશેષના પ્રમાણથી પૂર્ણ એવા દશ કોડાકોડી થાય, એટલું જ ઉત્સર્પિણીનું પ્રમાણ છે. વધારે પણ નહીં અને ઓછું પણ નહીં, એવો અહીં આશય છે. અવસર્પિણીનું પણ તેટલું જ પ્રમાણ છે.

भावः । **अवसर्पिण्या अपि** तावदेव प्रमाणं भवति । न च कदाचिदुक्तमानातिक्रमसम्भवादवधारणानुपपत्तिरिति वाच्यम्, शश्वत्त्वेन तदसम्भवात्, उक्तञ्च – ओसप्पिणी य उस्सप्पिणी य दोन्नि वि अणाइनिहणाओ । न वि होही अतिकालो न वि होही सव्वसंखेवो – इति (तीर्थोद्गालौ १५) । यथा चोत्सर्पिण्यादेरपि विभागा भवन्ति, तदाह –

**छच्चेव कालसमया हवंति उसप्पिणीइ भरहंमि ।**
**ता(ते)सिं नामविभत्तिं अहक्कमं कित्तइस्सामि ॥३॥**

---

**શંકા** - ક્યારેક આ પ્રમાણનું ઉલ્લંઘન પણ થઈ શકે, માટે 'જ'કાર સંગત નથી.

**સમાધાન** - ના, કારણ કે આ પ્રમાણ શાશ્વત હોવાથી તેનું ઉલ્લંઘન સંભવિત નથી. કહ્યું પણ છે - અવસર્પિણી અને ઉત્સર્પિણી, આ બન્ને અનાદિ-અનંત છે. કદી પણ તેને ઓળંગીને કાળ નહીં થાય અને સર્વ સંક્ષેપ પણ નહીં થાય. (તીર્થોદ્ગાલિ ૧૫).

જે રીતે ઉત્સર્પિણી વગેરેના પણ વિભાગો થાય છે, તે કહે છે -

**ભરતમાં ઉત્સર્પિણીમાં છ જ કાળસમય હોય છે. તેમના નામના પ્રકારોને હું યથાક્રમ કહીશ. ॥૩॥**

**उत्सर्पिण्याम्** - प्रागुक्तस्वरूपायाम्, **भरते** - मनुष्यक्षेत्रान्तर्वर्त्तिपञ्चभरतक्षेत्रेषु, उपलक्षणात्पञ्चैरवतक्षेत्रेषु च, **षडेव कालसमया भवन्ति**, न पञ्च नापि सप्तेति नियमार्थोऽत्रैवकारः । ननु कालसमययोः पर्यायत्वात्पुनरुक्तिदोषानुषङ्गः प्रकृत इति चेत् ? न, समयस्यानेकार्थत्वेन मा भूत्परमसूक्ष्मकालविशेषादौ प्रत्यय इत्येतदर्थं द्वयाभिधानस्य सार्थक्यात् । तथा च विवक्षितकालरूपः समयः-कालसमयः । ननु च

---

પૂર્વે જેનું સ્વરૂપ કહ્યું તે ઉત્સર્પિણીમાં ભરતમાં = મનુષ્યક્ષેત્રની અંદર રહેલા પાંચ ભરતક્ષેત્રોમાં અને ઉપલક્ષણથી પાંચ ઐરાવતક્ષેત્રોમાં છ જ કાળસમયો હોય છે. અહીં 'જ'કાર એવું નિયમન કરે છે કે પાંચ પણ નહીં અને સાત પણ નહીં.

**શંકા** - કાળ અને સમય આ બન્ને શબ્દો પર્યાયવાચી હોવાથી પ્રસ્તુતમાં પુનરુક્તિ દોષ છે.

**સમાધાન** - ના, કારણ કે સમય શબ્દના અનેક અર્થો છે. માટે કોઈ પરમ સૂક્ષ્મ કાળવિશેષ - આવા અર્થમાં સમય શબ્દ ન સમજી લે, તે માટે બન્ને શબ્દો કહ્યા તે સાર્થક છે. તે પ્રમાણે વિવક્ષિત કાળરૂપ સમય = કાળસમય એવો અહીં અર્થ છે.

तर्हि काल इत्येव वक्तव्यम्, तावतैव प्रयोजननिर्वाहात्, लाघवाच्चेति चेत् ? न, शिष्यमतिविस्फारणार्थत्वाच्छास्त्राभियोगस्य लाघवलक्ष्यकत्वाभावात्, अनेकार्थत्वादिरहस्यानामेवमेव प्रतिपत्तियोगात्, सूत्रशैल्या अपर्यनुयोज्यत्वाच्च। तथा चागमशैली–पुरक्खडे कालसमयंसि वासाणं पढमे समए पडिवज्जइ – इति (सूर्यप्रज्ञप्तौ अष्टमप्राभृते) । **तेषाम्** – षट्सङ्ख्यकालसमयानाम्, **नामविभक्तिम्** – सञ्ज्ञाविशेषम्,

---

**શંકા** - તો પછી કાળ એટલું જ કહેવું જોઈએ. કારણ કે એટલાથી જ પ્રયોજન સરી જાય છે. વળી ટૂંકમાં પતે છે.

**સમાધાન** - ના, કારણ કે શાસ્ત્રની રચનાનો પ્રયત્ન કરાય છે, તે કાંઈ ટૂંકમાં પતાવવા માટે નથી કરાતો, પણ શિષ્યની મતિનો વિકાસ કરવા માટે થાય છે. એક શબ્દના અનેક અર્થો છે, વગેરે જે રહસ્યો છે, તે આવા પ્રયોગોથી જ સમજાય છે. વળી સૂત્રની શૈલી આવી જ કેમ ? એવો પ્રશ્ન ન થઈ શકે. કારણ કે શૈલીની બાબતમાં સૂત્રકાર સ્વતંત્ર છે. તે પ્રકારની આગમની શૈલી પણ છે - વર્ષોના આગળના કાળસમયમાં પ્રથમ સમયે સ્વીકારે છે. (સૂર્યપ્રજ્ઞપ્તિ પ્રાભૃત-૮). તે છ કાળસમયોનું નામવિશેષ યથાક્રમ = ક્રમને ઓળંગ્યા

**यथाक्रमम्** - क्रममनतिक्रम्य, **कीर्त्तयिष्यामि** - आगमाभिहितमनुसृत्य वक्ष्यामि । प्रतिज्ञातमेव निर्वाहयति -

**सुसमसुसमा इ(य)[१] सुसमा[२] सुसमदुसमा[३] य**

**दुसमसुसमा [४]य ।**

**पंचमिया पुण दुसमा[५] तह दुसमदुसमा[६] छट्ठो ॥४॥**

**सुषमसुषमा च सुषमा सुषमदुःषमा च दुःषमसुषमा च, पञ्चमिका पुनः दुःषमा, तथा षष्ठः** कालविशेषो **दुःषमदुःषमा, चः** सर्वत्र समुच्चये, तथा च पारमर्षम्- ओसप्पिणिकाले णं भंते ! कतिविहे पण्णत्ते ? गोयमा ! छव्विहे पण्णत्ते, तं जहा-सुसमसुसमकाले सुसमाकाले सुसमदुस्समकाले दुस्समसुसमाकाले दुस्समाकाले दुस्सम-

---

વિના કહીશ = આગમના વચનને અનુસરીને કહીશ. જેની પ્રતિજ્ઞા કરી, તેનો જ નિર્વાહ કરે છે -

**સુષમસુષમા, સુષમા, સુષમદુષમા, દુઃષમસુષમા અને પાંચમો દુઃષમા તથા છટ્ઠો દુઃષમદુઃષમા. ॥૪॥**

પરમર્ષિનું વચન પણ છે- ભગવંત ! અવસર્પિણીકાળ કેટલા પ્રકારનો કહ્યો છે ? ગૌતમ ! છ પ્રકારનો કહ્યો છે, તે આ પ્રમાણે - સુષમસુષમકાળ, સુષમાકાળ, સુષમ-દુષમકાળ, દુષમસુષમાકાળ, દુષમાકાળ, દુષમદુષમા-

दुस्समाकाले - इति (**जम्बूद्वीपप्रज्ञप्तौ २२**) । तत्र सुष्ठु - शोभनाः, समाः-वर्षाणि यस्यां सा सुषमा, निर्दुःसुवेः समसूतेः (**सिद्धहेमशब्दा० २/३/५६**) - इति षत्वम्, सुषमा चासौ सुषमा च - सुषमसुषमा, न च पुनरुक्तिदोष इति वाच्यम्, द्वयोः समानार्थयोः प्रकृष्टार्थवाचकत्वात्, अत्यन्तसुषमेत्याशयः, प्रथमारकस्यैकान्तसुखरूपत्वात् । द्वितीयः सुज्ञेयः, दुष्टाः समा अस्यामिति दुष्षमा, सुषमा चासौ दुष्षमा च सुषमदुष्षमा,

---

કાળ. (જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ૨૨)

તેમાં સુ = સારા સમા = વર્ષો છે જેમાં તે સુષમા.સમની પહેલા સુ ઉપસર્ગ આવે તો ‘સમ’ના ‘સ’ નો ‘ષ’ થાય છે. આ સૂત્રથી અહીં ‘ષ’ થયો છે. સુષમા + સુષમા = સુષમસુષમા.

**શંકા** - આ તો પુનરુક્તિ દોષ છે.

**સમાધાન** - ના, કારણ કે બે સમાનાર્થી શબ્દો મળીને પ્રકૃષ્ટ અર્થના વાચક બને છે. આશય એ છે કે એ કાળ અત્યંત સુષમા = અત્યંત સારા વર્ષોવાળો હોય છે. કારણ કે પહેલો આરો એકાંત સુખરૂપ હોય છે. બીજા આરાનું નામ સુગમ છે. જેમાં દુષ્ટ વર્ષો છે, તે દુષમા. જે સુષમા પણ છે અને દુષમા પણ છે, તે સુષમદુષમા. અર્થાત્ જેમાં

सुषमानुभावबहुलाऽल्पदुःषमानुभावेति भावः, तुर्यो दुःषमसुषमा, दुष्षमानुभावबहुलाऽल्पसुषमानुभावेत्यर्थः, पञ्चमः सुगमः, षष्ठस्तु दुष्षमदुष्षमा, अत्र द्वित्वं प्राग्वत्, अत्यन्तदुष्षमेत्यर्थः। तदेषोत्सर्पिणीवक्तव्यता, अवसर्पिण्यास्तु का वार्त्तेत्यत्राह -

**एए चेव विभागा हवंति अवसप्पिणीय एमेव ।**
**पडिलोमा परिवाडी नवर विभासा मुणेयव्वा ॥५॥**

**एत एव** अनन्तराभिहिता एव, अवधारणेन विभागान्तर-व्यवच्छेदः, **विभागाः** - सुषमसुषमादयः, **एवमेव** -

---

સુષમાનો પ્રભાવ ઘણો છે અને દુઃષમાનો પ્રભાવ ઓછો છે. જેમાં દુષમાનો પ્રભાવ ઘણો છે અને સુષમાનો પ્રભાવ અલ્પ છે, તે દુષમસુષમા એવો અહીં અર્થ છે. પાંચમો સુગમ છે. છઠ્ઠો દુષમદુષમા છે. અહીં એ જ શબ્દ બે વાર કહ્યો છે, તેનું કારણ પહેલાની જેમ સમજી લેવું. અત્યંત દુઃષમા એવો અહીં અર્થ છે. આ ઉત્સર્પિણીની વિગત કહી. અવસર્પિણીમાં શું હોય છે ? તે કહે છે -

**અવસર્પિણીમાં પણ આ જ રીતે આ જ વિભાગો હોય છે, માત્ર પ્રતિલોમ ક્રમથી હોય છે, એ વિશેષ સમજવો. ॥૫॥**

આ જ = હમણા કહેલા જ. અહીં 'જ' કારથી અન્ય વિભાગનો વ્યવચ્છેદ કર્યો છે. વિભાગો = સુષમસુષમા વગેરે. આ જ રીતે = હમણા કહેલા સ્વરૂપ

उक्तस्वरूपमनतिक्रम्यैव, **अवसर्पिण्यां भवन्ति** । किं सर्वथाऽप्युत्सर्पिणीसादृश्येनोतास्ति कश्चिद्विशेष इत्यारेकायामाह - **नवरमत्र विभाषा** - वक्ष्यमाणविशेषः, **ज्ञातव्या**, यदत्र **प्रतिलोमा परिपाटी** भवतीति ।

अयं भावः, उत्सर्पिण्यां हि दुःषमदुःषमा प्रथमारो भवति, ततो दुःषमा द्वितीय इत्यादि, अवसर्पिण्यां तु सुषमसुषमादयः प्रथमाद्या अरा भवन्तीति, तदिदमुक्तम्-परेऽपि विपरीताः- इति (**अभिधानचिन्तामणौ १-१३१**) ।

---

મુજબ જ, અવસર્પિણીમાં હોય છે.

**શંકા** - શું સર્વથા ઉત્સર્પિણીની જેમ જ હોય છે ? કે પછી કોઈ ફરક પણ હોય છે ?

**સમાધાન** - ગ્રંથકારશ્રી એનો જ ઉત્તર આપે છે કે માત્ર હવે કહેવાય છે, તે ફરક જાણવો જોઈએ, કે અહીં અવળો ક્રમ હોય છે.

આશય એ છે કે ઉત્સર્પિણીમાં દુષમદુષમા એ પહેલો આરો હોય છે. પછી દુષમા એ બીજો આરો હોય છે... વગેરે. અવસર્પિણીમાં તો સુષમસુષમા વગેરે પ્રથમાદિ આરા હોય છે. તે આ કહ્યું પણ છે - અન્ય આરા પણ વિપરીત ક્રમે હોય છે. (અભિધાનચિંતામણિ ૧-૧૩૧)

अथैतेषामेव विभागानां पृथक् पृथक् कालपरिमाणमाह–

**सुसमासुसमा य कालो चत्तारि हवंति कोडिकोडीओ ।**
**तिन्नि सुसमा य कालो दुन्नि भवे सुसमदुसमाए ॥६॥**

**सुषमसुषमा च कालः** – अवसर्पिण्यपेक्षया प्रथमारस्तु, **चतस्रः कोटाकोट्यो भवन्ति**, सागरोपमाणामिति गम्यते । **सुषमा च कालः**, द्वितीयारस्तु **तिस्रः** सागरोपमकोटाकोट्यो भवन्ति । अत्र तावत्प्रमाणस्य कथञ्चित्स्वतोऽभिन्नत्वादित्थं

---

હવે આ જ વિભાગોનું અલગ અલગ કાળપ્રમાણ કહે છે -

**સુષમસુષમા કાળ ચાર કોડાકોડી હોય છે અને સુષમા કાળ ત્રણ અને સુષમદુષમામાં બે હોય છે. ॥૬॥**

સુષમસુષમા = અવસર્પિણીની અપેક્ષાએ પહેલો આરો ચાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે અને સુષમાકાળ = બીજો આરો ત્રણ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. અહીં કાળ અને આરાને સમાન વિભક્તિમાં મુક્યા છે. અર્થાત્ સમાનાધિકરણમાં રજુ કર્યા છે. કારણ કે કથંચિત્ તેટલું પ્રમાણ પોતાનાથી (તે આરાથી) અભિન્ન છે. માટે તેટલો કાળ એ આરો છે, એવો વ્યપદેશ સમજવો જોઈએ.

व्यपदेशो बोध्यः, अन्यथा तु सागरकोटाकोटित्रिकप्रमाणः सुषमारो भवतीति वक्तव्यं स्यात् । तथा **सुषमदुःषमायां द्वे** सागरोपमकोटाकोटी **भवतः** । तथा –

**एगा कोडाकोडी बायालीसाए जा सहस्साए ।**
**वासाण होइ ऊणा दुसमसुसमाइ सो कासी(लो) ॥७॥**

**वर्षाणां द्विचत्वारिंशत्सहस्त्रैरुना या एका** सागरोपमाणां **कोटाकोटिः भवति, सः** – तावत्प्रमाणः, **दुःषमसुषमायाः कालः** । पञ्चमषष्ठारप्रमाणं क्रमप्राप्तमाह –

**अह दुसमाई कालो वासं सहस्साइं एगवीसं तु।**
**तावइओ चेव भवे कालो अइदुसमाए वि ॥८॥**

---

અન્યથા તો ત્રણ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સુષમા આરો હોય છે એમ કહેવું જોઈએ. તથા સુષમદુઃષમામાં બે કોડાકોડી સાગરોપમ હોય છે. તથા -

**બેતાલીસ હજાર વર્ષથી ન્યૂન એવા જે એક કોડાકોડી સાગરોપમ થાય, તે દુષમસુષમાનો કાળ છે. ॥૭॥**

હવે ક્રમથી આવેલા પાંચમા-છઠ્ઠા આરાના પ્રમાણને કહે છે -

**હવે દુષમાનો કાળ એકવીશ હજાર વર્ષ હોય છે. અતિદુઃષમાનો પણ તેટલો જ કાળ હોય છે. ॥૮॥**

**अथ दुःषमायाः कालस्तु एकविंशतिवर्षसहस्राणि । अतिदुःषमायाः** - दुःषमदुःषमाया **अपि तावान्नेव** - एकविंशतिसहस्रवत्सरपरिमाण एव **कालो भवेत्**, उक्तञ्च- तत्रैकान्तः सुषमारश्चतस्रः कोटिकोट्यः । सागराणां सुषमा तु तिस्रस्तत्कोटिकोट्यः ॥ सुषमदुःषमा ते द्वे दुःषमसुषमा पुनः । सैका सहस्रैर्वर्षाणां द्विचत्वारिंशतोनिता ॥ एकविंशतिरब्दानां सहस्राणि तु दुःषमा । एकान्तदुःषमाऽपि स्यात् तावद्वर्ष-प्रमाणिका - इति (**त्रिषष्टिशलाकापुरुषचरित्रे १-२/११३-११५**)।

अथ प्रथमारत्रये यदायुष्यादिमानं भवति, तदाह -

---

કહ્યું પણ છે - તેમાં એકાંત સુષમા આરો ચાર કોડાકોડી સાગરોપમનો હોય છે. સુષમા આરો ત્રણ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. સુષમાદુઃષમા બે કોડાકોડી સાગરોપમપ્રમાણ હોય છે. દુઃષમસુષમા બેતાલીસ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. દુઃષમા એકવીશ હજાર વર્ષ પ્રમાણ હોય છે અને એકાંત દુઃષમા પણ તેટલા વર્ષ પ્રમાણ હોય છે. (ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર ૧-૨/૧૧૩-૧૧૫)

હવે પહેલા ત્રણ આરામાં આયુષ્ય વગેરેનું જે પ્રમાણ હોય છે, તે કહે છે -

**इह नेअव्वा तिदुइगपलिआऊ अरतिगंमि कमा ।**
**तूंअ[1]रि-बो[2]राम[3]लमाणभोअणा तिदुइगदिणेहिं ॥९॥**

**इह** - अनन्तराभिहिते, **अरत्रिके** - सुषमसुषमाद्यरत्रये, **क्रमात्** - यथासङ्ख्यम्, **त्रिद्व्येकपल्यायुषः** मनुष्याः **नेतव्याः** - आगमतोऽवगन्तव्याः । यद्यप्यत्रादिमारे पल्योपम-त्रयमायुष्कमुक्तम्, तथापि तद्देशोनं प्रतिपत्तव्यम्, पल्योपमा-सङ्ख्येयभागन्यूनत्वात् । तथा चार्षम् - तीसे णं भंते ! समाए भारहे वासे मणुआणं केवइअं कालं ठिई पण्णत्ता ?

---

**અહીં ત્રણ આરામાં ક્રમશઃ ત્રણ-બે-એક પલ્યોપમના આયુષ્યવાળા અને ત્રણ-બે-એક દિવસે તુંવર-બોર-આમળાના પ્રમાણના ભોજનવાળા મનુષ્યો સમજવા. ॥૯॥**

અહીં = હમણા કહેલા સુષમાસુષમા વગેરે ત્રણ આરામાં ક્રમશઃ યથાસંખ્ય ત્રણ-બે-એક પલ્યોપમના આયુષ્યવાળા મનુષ્યો આગમથી જાણવા જોઈએ. ભલે અહીં પ્રથમ આરામાં ત્રણ પલ્યોપમનું આયુષ્ય કહ્યું, પણ તે કંઈક ન્યૂન સમજવું કારણ કે તે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું ઓછું હોય છે. આગમવચન પણ છે - ભગવંત ! તે આરામાં ભરતક્ષેત્રમાં મનુષ્યોની સ્થિતિ કેટલો કાળ કહી છે ? ગૌતમ ! જઘન્યથી કંઈક

गोअमा ! जहण्णेण देसूणाइं तिण्णि पलिओवमाइं, उक्कोसेणं देसूणाइं तिण्णि पलिओवमाइं - इति (जम्बूद्वीपप्रज्ञप्तौ ३८)।

उक्तमायुर्मानमधुनाशनमात्राद्यभिदधन्नाह - **त्रिद्व्येकदिनैस्तुवरबदरामलमानभोजनाः** - इति । अयमाशयः - प्रथमेऽरे मनुष्याश्चतुर्थदिनभोजिनो भवन्ति, तुवरकदालिकणमात्रप्रमाणश्च तेषामाहारः, तावतैव तृप्तिभावात्, स्निग्धभावातिशयतो दिनत्रयं यावत्पुनः क्षुधानुदयाच्च । द्वितीयेऽरे तु तृतीयदिनभोजिनो मर्त्याः, बदरफलप्रमाणाहाराः, अवसर्पिण्यनु-

---

ન્યૂન ત્રણ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન ત્રણ પલ્યોપમ. (જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ૩૮)

આયુષ્યનું પ્રમાણ કહ્યું. હવે ભોજનનું પ્રમાણ વગેરે કહે છે - ત્રણ-બે-એક દિવસે તુવેર-બોર-આમળા પ્રમાણ ભોજન લેનારા. આશય એ છે કે પહેલા આરામાં મનુષ્યો ચોથા દિવસે જમે છે અને તેમનો આહાર તુવેરની દાળના ૧ દાણા જેટલો હોય છે. કારણ કે તેમને તેટલા જ આહારથી તૃપ્તિ થઈ જાય છે. અને તે આહારમાં અત્યંત સ્નિગ્ધતા હોવાથી ત્રણ દિવસ સુધી ફરી ભૂખ લાગતી નથી. બીજા આરામાં મનુષ્યો ત્રીજા દિવસે ભોજન લે છે અને તેમનો આહાર બોરના ફળ જેટલો હોય છે. કારણ કે અવસર્પિણીના પ્રભાવે તેમના શારીરિક બળ અને

भावेन शरीरबलभोजनस्निग्धत्वहानियोगात् । अत एव तृतीयेऽरे द्वितीयदिनभोजिन आमलकफलप्रमाणभोजनाश्च ते भवन्ति । ते च पृथ्वीपुष्पफलान्येव तुवरादिप्रमाणान्याहारतयाऽऽहारयन्ति । गुडाद्यतिशायिनी हि तदातनपृथ्वी, न्यक्कृतचक्रिभोजनश्च तदातनपुष्पफलरसः, यदागमः - पुढवीपुप्फफलाहारा णं ते मणुआ पण्णत्ता समणाउसो ! । तीसे णं भंते ! पुढवीए केरिसए आसाए पण्णत्ते ? गोयमा ! से जहानामए गुलेइ वा खंडेइ वा सक्कराइ वा मच्छंडिआइ वा पप्पडमोअए इ वा

---

ભોજનની સ્નિગ્ધતા ઓછા થાય છે. માટે જ ત્રીજા આરામાં તેઓ બીજા દિવસે ભોજન લે છે, અને તેમનો આહાર આમળાના ફળ જેટલો હોય છે. વળી તેઓ પૃથ્વી અને ફૂલ-ફળ જ તુવેર વગેરેના પ્રમાણમાં આહાર તરીકે ખાય છે. કારણ કે તે સમયની પૃથ્વી ગોળ વગેરે કરતાં ય મધુર હોય છે. તે સમયના ફૂલ અને ફળનો રસ ચક્રવર્તીના ભોજન કરતા પણ ચઢિયાતો હોય છે. આગમમાં પણ કહ્યું છે - હે આયુષ્યમાન શ્રમણ ! તે મનુષ્યો પૃથ્વી, પુષ્પ, ફળનો આહાર કરે છે. ભગવંત ! તે પૃથ્વીનો કેવો આસ્વાદ કહ્યો છે ? ગૌતમ ! જેવો ગોળ હોય કે ખાંડ હોય કે સાકર હોય કે ચાસણી હોય પાપડમોદક (મિષ્ટાન્નવિશેષ) હોય કે ભિસ

भिसेइ वा पुप्फुत्तराइ वा पउमुत्तराइ वा विजयाइ वा महाविजयाइ वा आकासिआइ वा आदंसिआइ वा आगासफलोवमाइ वा उग्गाइ वा अनोवमाइ वा इमेए अज्झोववणाए । भवे एआरूवे ? नो इणट्ठे समट्ठे, सा णं पुढवी इत्तो इट्ठतरिआ चेव, जाव मणामतरिआ चेव आसाएणं पण्णत्ता ।

तेसि णं भंते ! पुप्फफलाणं केरिसए आसाए पण्णत्ते ? गोअमा ! से जहा नामए रन्नो चाउरंतचक्कवट्टिस्स कल्लाणे

---

(મિષ્ટાન્નવિશેષ) હોય કે પુષ્પોત્તરા (સાકરની એક જાતિ) હોય કે પદ્મોત્તરા (સાકરવિશેષ) હોય કે વિજયા (ખાદ્યવિશેષ) હોય કે મહાવિજયા (ખાદ્યવિશેષ) હોય કે આકાશફલોપમા (ખાદ્યવિશેષ) હોય કે ઉગ્રા (ખાદ્યવિશેષ) હોય કે અનુપમા (ખાદ્યવિશેષ) હોય કે જે ખૂબ આસક્તિપાત્ર હોય. (ભગવંત !) શું એના જેવો તે પૃથ્વીનો સ્વાદ હોય ? (ગૌતમ !) આ વાત બરાબર નથી. તે પૃથ્વીનો સ્વાદ આના કરતાં વધુ પ્રિય જ હોય છે, યાવત્ વધુ સુંદર જ હોય છે, એવું મેં અને બીજા તીર્થંકરોએ કહ્યું છે.

ભગવંત ! તે પુષ્પ-ફળોનો આસ્વાદ કેવો કહ્યો છે? ગૌતમ ! જેમ ચતુરંત ચક્રવર્તીરાજાનું 'કલ્યાણ'

भोअणजाए सयसहस्सनिप्फन्ने वण्णेणुववेए जाव फासेणं उववेए। आसायणिज्जे विसायणिज्जे दिप्पणिज्जे दप्पणिज्जे मयणिज्जे विग्घणिज्जे विंहणिज्जे सव्विंदिअगायपल्हायणिज्जे। भवे एआरूवे ? नो इणट्ठे समट्ठे। तेसि णं पुप्फफलाणं एत्तो इट्ठतराए चेव जाव आसाए पण्णत्ते - इति (जम्बूद्वीपप्रज्ञप्तौ ३५)।

एवमन्यदप्येतदध्वसत्कं यत् कल्पद्रुमादिवक्तव्यं

---

નામનું ભોજન હોય. તે એક લાખ નાણાથી બન્યું હોય. વિશિષ્ટ વર્ણથી યુક્ત હોય, યાવત્ સ્પર્શથી યુક્ત હોય, સ્વાદ કરવા યોગ્ય હોય, વિશેષથી તેના રસની અપેક્ષાએ ચાખવા યોગ્ય હોય, જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર હોય, ઉત્સાહની વૃદ્ધિ કરનાર હોય, કામોત્પાદક હોય, ધાતુપુષ્ટિકારક અને સર્વ ઈન્દ્રિયો અને શરીરને આનંદિત કરનાર હોય.

(ભગવંત !) શું તેનો સ્વાદ એવો હોય ? (ગૌતમ!) આ વાત બરાબર નથી. તે પુષ્પ-ફળોનો સ્વાદ એના કરતા વધુ પ્રિય યાવત્ સ્વાદ હોય છે. (જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ૩૫)

આ રીતે આ કાળની જે કલ્પવૃક્ષ વગેરેની વિગત છે, તે આગમથી જાણવી. તેમાં ત્રીજા આરાના અંતે જે

तदागमतो विज्ञेयम् । तेषु तृतीयारपर्यन्ते यद् बभूव तदाह -

**चउरासीपुव्वेहिं ऊणेहिं तइअअरयअंतेसु ।**
**उप्पन्नो तह सिद्धो रिसहजिणो पढमतित्थयरो ॥१०॥**

**तृतीयारकान्तेषु** भागेषु **चतुरशीतिलक्षपूर्वैरूनेषु** सत्सु **प्रथमतीर्थंकरः** - भरतक्षेत्रे वर्तमानचतुर्विंशत्यपेक्षयाऽऽदिमस्तीर्थनाथः, **ऋषभजिनः** - युगादिदेवोऽर्हन्, **उत्पन्नः** - नाभिकुलकरमरुदेवीसुतत्वेन जातः, **तथा सिद्धः** - उक्तकालमध्य एव मुक्तिपुरीं गतः, तथा चोक्तम् - तइयसमा

---

બન્યું, તે કહે છે -

**ચોર્યાશી પૂર્વો ઓછા હતાં ત્યારે ત્રીજા આરાના અંતે પ્રથમ તીર્થંકર ઋષભજિન ઉત્પન્ન થયા અને સિદ્ધ થયા. ॥૧૦॥**

ત્રીજા આરાનો અંતિમ ભાગ જ્યારે ચોર્યાશી લાખ પૂર્વોથી ન્યૂન હતો, ત્યારે પ્રથમ તીર્થંકર = ભરત ક્ષેત્રમાં વર્તમાન ચોવીશીની અપેક્ષાએ પહેલા જિનેશ્વર, ઋષભજિન = યુગાદિદેવ અરિહંત, ઉત્પન્ન થયા = નાભિકુલકર-મરુદેવીના પુત્રપણે જન્મ્યા. તથા સિદ્ધ થયા = ઉપરોક્ત કાળમાં જ મુક્તિપુરીમાં ગયાં.

કહ્યું પણ છે - ક્ષત્રિય જિન વંશની પરિપાટીમાં

परिनिव्वुय तिवासअद्धनवमाससेसम्मि । उसभजिणरायखत्तियजिणवंसवणियाए - इति (तीर्थोद्गालिके ४९७) । ततश्च -

**तेवीसा तित्थयरा अजिआइआ चउत्थअरयंमि ।**
**तह इक्कारसचक्की-हरि-बल-पडिवासुदेवा य ॥११॥**

**चतुर्थारे** - दुःषमसुषमाभिधाने तुर्येऽरे, **अजितादयस्त्रयोविंशतितीर्थकरास्तथैकादशचक्रिहरिबलप्रतिवासुदेवाश्च** बभूवुः । अत्र चक्रिणामेकादशत्वमाद्यस्य चक्रिणो भरतस्य तृतीयारे जातत्वात् । **हरयः** - वासुदेवाः, त्रिपृष्ठादयो नव,

---

ત્રીજા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના બાકી હતા ત્યારે ઋષભજિન નિર્વાણ પામ્યા. (તીર્થોદ્ગાલિ ૪૯૭) અને પછી -

**ચોથા આરામાં અજિત વગેરે ત્રેવીશ તીર્થંકરો તથા અગિયાર ચક્રવર્તી, વાસુદેવો, બળદેવો અને પ્રતિવાસુદેવો થયા. ॥૧૧॥**

ચોથા આરામાં = દુઃષમસુષમા નામના ચતુર્થ આરામાં, અજિત વગેરે ત્રેવીશ તીર્થંકરો તથા અગિયાર ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો અને પ્રતિવાસુદેવો થયા. અહીં અગિયાર ચક્રવર્તી કહ્યા છે કારણ કે પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજા ત્રીજા આરામાં થયા છે. હરિ = વાસુદેવ,

**बलाः** - बलदेवा अचलादयो नव, **प्रतिवासुदेवाः** - प्रतिविष्णवोऽश्वग्रीवादयो नव ।

तुर्यारसत्कावगाहनादिविशेषमाह -

**इत्थारयधुरि पणसयधणुहसया(हुसिया) पूव्वकोडी-वरिसाउ ।**

**अंते उ सत्तहत्थी वीससयाउ नरा हुंति ॥१२॥**

**अत्र** - दुःषमसुषमाभिधारे, **अरकधुरि** - अरकाग्रभागे, **पञ्चशतधनुरुच्छ्रिताः** - उत्कृष्टतः पञ्चशतधनुर्मितावगाहनो-

---

તેઓ ત્રિપૃષ્ઠ વગેરે નવ થયા છે. પ્રતિવાસુદેવ = પ્રતિવિષ્ણુ. તેઓ અશ્વગ્રીવ વગેરે નવ થયા છે.

ચોથા આરા સંબંધી અવગાહના વગેરેની વિશેષતા કહે છે -

**અહીં આરાના અગ્રભાગે પાંચસો ધનુષ્ય ઉંચા - પૂર્વકોટિ વર્ષના આયુષ્યવાળા અને અંતે સાત હાથ ઉંચા - એકસોવીશ વર્ષના આયુષ્યવાળા મનુષ્યો હોય છે. ॥૧૨॥**

**અહીં** = દુઃષમાસુષમા નામના આરામાં, **આરાગ્રે** = આરાના શરૂઆતના ભાગે, **પાંચસો ધનુષ્ય ઉંચા** = ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્યની અવગાહનાવાળા અને

पेताः, **पूर्वकोटिवर्षायुषश्च** भवन्ति, तदुक्तम् - चतुर्थे त्वरके नराः । पूर्वकोट्यायुषः पञ्चधनुःशतसमुच्छ्रयाः - इति (अभिधानचिन्तामणौ २-१३३) । **अन्ते तु** - तुर्यारपर्यवसाने, सप्तहस्तप्रमाणाऽवगाहना येषां ते **सप्तहस्तिनः**, तथा विंशत्युत्तरशतवत्सरा आयुर्येषां ते **विंशतिशतायुषः**, एवंविधा **नराः** - मनुष्याः, **भवन्ति** ।

किञ्च -

**एगुणणवइपक्खसेसे चउत्थअरयंमि निव्वुओ वीरो ।**
**एगुणणवइपक्खे गए तिअरए पउमजम्मो ॥१३॥**

---

પૂર્વકોટિ વર્ષના આયુષ્યવાળા હોય છે. તે કહ્યું પણ છે - ચોથા આરામાં તો મનુષ્યો પૂર્વકોટિના આયુષ્યવાળા અને પાંચસો ધનુષ્યની ઊંચાઈવાળા હોય છે. (અભિધાનચિંતામણિ ૨-૧૩૩)

**અંતે તો** = ચોથા આરાના છેડે, જેમને સાત હાથ પ્રમાણ અવગાહના છે તેઓ **સાતહાથિયા**, તથા જેમનું આયુષ્ય એકસો વીશ વર્ષ છે તેઓ **એકસોવીશઆયુષ્ય**, એવા **નરો** = મનુષ્યો હોય છે.

વળી -

**ચોથા આરામાં નેવ્યાશી પખવાડિયા બાકી હતા ત્યારે વીર નિર્વાણ પામ્યા. ત્રીજા આરાના નેવ્યાશી પખવાડિયા જશે, ત્યારે પદ્મજન્મ થશે. ॥૧૩॥**

**चतुर्थेऽरे** – दुःषमसुषमाभिधाने तुर्यारे, **एकोननवतिपक्षशेषे** – पञ्चत्रिंशदुत्तरत्रयोदशशतदिवसमात्रावशिष्टे सति, **वीरः** – चतुर्विंशतितमस्तीर्थंकरः श्रमणः भगवान् महावीरः, **निर्वृतः** – सर्वदुःखक्षयकरणपुरस्सरं शश्वत्सुखमवाप्तवान्, उक्तञ्च – इमीसे ओसप्पिणीए दुसमसुसमाए समाए बहुविइक्कंताए तिहिं वासेहिं अद्धनवमेहिं मासेहिं सेसेहिं – इति (**कल्पसूत्रे षष्ठक्षणे**) ।

ततोऽप्युत्सर्पिण्या**स्त्र्यरके** – तृतीये दुःषमसुषमाभिधानेऽरे, त्रिशब्दस्य तृतीयपरकता त्रिभागस्तृतीयभाग इतिवद्विज्ञेया ।

---

**ચોથો આરો** - દુઃષમસુષમા નામનો ચતુર્થ આરો, **નેવ્યાશી પક્ષ શેષ** = તેરસો પાત્રીશ દિવસ જેટલો બાકી હતો, ત્યારે **વીર** = ચોવીશમાં તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર **નિર્વાણ પામ્યા** = સર્વ દુઃખોનો ક્ષય કરવાપૂર્વક શાશ્વત સુખને પામ્યા. કહ્યું પણ છે - આ અવસર્પિણીનો દુઃષમસુષમા આરો ઘણો પસાર થઈ ગયો, ત્યારે ત્રણ વર્ષ સાડા આઠ મહિના બાકી હતા ત્યારે. (**કલ્પસૂત્ર ષષ્ઠ ક્ષણ**).

પછી પણ ઉત્સર્પિણીના **ત્રિઅરે** = દુઃષમસુષમા નામના ત્રીજા આરામાં, 'ત્રિ'શબ્દનો અર્થ 'તૃતીય' પણ થાય છે. એ ત્રિભાગ = તૃતીયભાગ, આની જેમ

**एकोननवतिपक्षेषु गतेषु** सत्सु **पद्मजन्म** - भरतक्षेत्रीयानागतचतुर्विंशतिप्रथमतीर्थंकरपद्मनाभस्वामिसत्कोत्पत्तिः, भविष्यतीति शेषः ।

उक्तजिनद्वयान्तरमाह -

**चुलसीअं च सहस्सा वासा सत्तेव पंच मासा य ।**
**वीर-महापउमाणं अंतरमेअं मुणेअव्वं ॥१४॥**

**चतुरशीतिः सहस्राणि सप्तैव च वर्षाः पञ्च मासाश्च**, एतत् **वीरमहापद्मयोरन्तरम्** - श्रीवीरजिननिर्वाणमहापद्मजिनजन्मयोर्मध्यगतकालप्रमाणम्, **ज्ञातव्यम्** -

---

સમજવું. **નેવ્યાશી પખવાડિયા જતા પદ્મજન્મ** = ભરતક્ષેત્રની અનાગત ચોવીશીના પ્રથમ તીર્થંકર પદ્મનાભસ્વામિની ઉત્પત્તિ થશે.

હમણા કહેલા બન્ને જિનોનું અંતર કહે છે -

**ચોર્યાશી હજારને સાત વર્ષ તથા પાંચ મહિના આ વીર-મહાપદ્મનું અંતર જાણવું. ॥૧૪॥**

અર્થાત્ શ્રીવીરનિર્વાણ અને શ્રીપદ્મનાભસ્વામી વચ્ચે આટલો કાળ સમજવો - ચોથા આરાનો બાકીનો ભાગ વગેરેનો સરવાળો કરતાં આટલો કાળ થાય છે, એમ

तुर्यारशेषभागादिमेलनफलतयाऽवगन्तव्यम् । तथाहि - श्रीवीरनिर्वाणादेकोननवतिपक्षेष्वतीतेषु तुर्यारसमाप्तिः, तत एकविंशतिवत्सरसहस्रप्रमाणः पञ्चमारः, ततोऽप्येकविंशति-वर्षसहस्रमितः षष्ठोऽरः,ततोऽपि तावन्मान उत्सर्पिणी-सत्काद्योऽरः, ततोऽपि तावत्काल एवोत्सर्पिणीसम्बन्धी द्वितीयोऽरः, ततस्तृतीयार एकोननवतिपक्षेष्वतिक्रान्तेषु सत्सु श्रीमहापद्मजिनजन्म । तदेतत्सर्वकालमेलने यथोक्तमन्तरं लभ्यते ।

अथैतदन्तरगतानेव भावविशेषान् प्रतिपादयन्नाह -

---

જાણવું. તે આ રીતે - શ્રીવીરનિર્વાણથી નેવ્યાશી પખવાડિયા ગયા ત્યારે ચોથો આરો સમાપ્ત થયો. પછી એકવીશ હજાર વર્ષ પ્રમાણ પાંચમો આરો, પછી એકવીશ હજાર વર્ષ પ્રમાણ છઠ્ઠો આરો, પછી પણ તેટલા પ્રમાણનો ઉત્સર્પિણીનો પહેલો આરો, પછી પણ તેટલા જ સમયનો ઉત્સર્પિણીનો બીજો આરો, પછી ત્રીજા આરાના નેવ્યાશી પખવાડિયા જતા શ્રીમહાપદ્મજિનનો જન્મ. આ સર્વ કાળોનો સરવાળો કરતા હમણા કહેલ અંતર મળે છે.

હવે આ અંતરમાં રહેલા જ વિશિષ્ટ ભાવોનું પ્રતિપાદન કરે છે -

**वीरजिणे सिद्धिगए बारसवरिसेहिं गोअमो सिद्धो ।**
**तह वीराओ सुहमो वीसइवरिसेहिं सिद्धिं गओ ॥१५॥**

**वीरजिने सिद्धिगते द्वादशवर्षैर्गौतमः** - श्रीइन्द्रभूतिनामा प्रथमो गणधरः, **सिद्धः** - परिनिर्वृतः, उक्तञ्च - तत्र द्वादशवत्सरीं क्षितितले भव्यान् प्रबोध्योच्चकैः, स्वामीवामलकेवलर्द्धिरमरैरभ्यर्चितो गौतमः । गत्वा राजगृहे पुरे क्षतभवोपग्राहिकर्मा प्रभु-र्भूत्वा मासमुपोषितः पदमगादक्षीणशर्मास्पदम्-इति ( त्रिषष्टिशलाकापुरुषचरित्रे १०/१३/२८२ ) ।

---

**વીર જિન સિદ્ધિ પામ્યા, તેના બાર વર્ષ પછી ગૌતમ સિદ્ધ થયા તથા વીરથી વીશ વર્ષે સુધર્માસ્વામી સિદ્ધિ પામ્યા. ॥૧૫॥**

શ્રી વીરજિન મોક્ષે ગયા, પછી બાર વર્ષે **ગૌતમ** = ઈન્દ્રભૂતિ નામના પ્રથમ ગણધર નિર્વાણ પામ્યા.

કહ્યું પણ છે - ત્યાં બાર વર્ષ સુધી પૃથ્વીતળ પર ભવ્ય જીવોને ખૂબ પ્રતિબોધ કરીને સ્વામી (શ્રીવીરપ્રભુ)ની જેમ નિર્મળ કેવળજ્ઞાનથી સમૃદ્ધ, દેવો દ્વારા પૂજિત એવા શ્રી ગૌતમસ્વામી રાજગૃહી નગરીમાં એક મહિનાનું અનશન કરીને ભવોપગ્રાહી કર્મોનો ક્ષય કરીને શાશ્વતસુખના ધામરૂપ એવા પદને પામ્યા. (ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ૧૦/૧૩/૨૮૨).

**तथा वीरात्** - श्रीवर्द्धमानस्वामिनः सिद्धिं गतवतः, **विंशतिवर्षेषु** गतेषु सत्सु, **सुधर्म्मः** - पञ्चमगणनाथः श्रीसुधर्म्मस्वामी, **सिद्धिं गतः** - अक्षीणशर्म्मास्पदमवाप्तः, तदाहुः - वीराओ वीसमे वरिसे सिरिसुहम्मसामीनिव्वाणं - इति (वर्गचूलिकायाम् २) । ततश्च -

**सिद्धिगए वीरजिणे चउसट्ठिवरिसेहिं जंबुनामंमि ।**
**केवलनाणेण समं वुच्छिण्णा दस इमे ठाणा ॥१६॥**

**वीरजिने सिद्धिगते चतुःषष्टिवर्षेषु** व्यतीतेषु सत्सु **जम्बूनाम्नि** चरमकेवलिनि सिद्धिगते सति **केवलज्ञानेन**

---

તથા **વીરથી** = શ્રી વર્દ્ધમાનસ્વામી મોક્ષે ગયા ત્યારથી, વીશ વર્ષ ગયા ત્યારે **સુધર્મ** = પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામી, **મોક્ષે ગયા** = શાશ્વતસુખના સ્થાનને પામ્યા. તે કહ્યું પણ છે - વીરથી વીશમે વર્ષે શ્રી સુધર્મસ્વામિનું નિર્વાણ થયું. (વર્ગચૂલિકા ૨). અને પછી -

**વીરજિન મોક્ષે ગયા પછી ચોસઠ વર્ષે જંબૂ નામના (કેવળી)માં કેવળજ્ઞાન સાથે આ દશ સ્થાનો વ્યુચ્છેદ પામ્યા. ॥૧૬॥**

વીરજિન સિદ્ધિગતિ પામ્યા, ત્યારબાદ ચોસઠ વર્ષો પસાર થયા પછી જંબૂ નામના ચરમ કેવળી ભગવંત મોક્ષે ગયા. ત્યારે કેવળજ્ઞાન સાથે આ **દશ સ્થાનો** =

**सममेतानि दश स्थानानि** - वस्तुविशेषभूतानि **व्युच्छिन्नानि** - वर्तमानतीर्थेऽप्राप्यानि जातानि । स्थानान्येव तानि नामग्राह-मुपन्यस्यन्नाह -

**मण[१]-परमोहि[२]-पुलाए[३]-आहारग[४]-खवग[५]-उवसमे[६] ।**
**कप्पे[७] संजमतिअ[८]-केवल[९]-सिज्झणा[१०]**
**य जंबुमि विच्छिन्ना ॥१७॥**

**मनः** - सूचनात्सूत्रमित्युक्तेर्मनःपर्यवज्ञानम्, **परमावधिः** - अलोकेऽपि लोकप्रमाणासङ्ख्येयखण्डदर्शन-सामर्थ्य-सम्पन्नावधिज्ञानविशेषः **पुलाकः** - निर्ग्रन्थविशेषः **आहारकः** - शरीरविशेषः, एतद्द्वयं तु वक्ष्यते पुरस्तात्, **क्षपकः** -

---

વિશિષ્ટ વસ્તુઓ, **વ્યુચ્છેદ પામ્યા** = વર્તમાન તીર્થમાં અલભ્ય થયાં. તે સ્થાનો જ નામ લેવા સાથે કહે છે -

**મન, પરમાવધિ, પુલાક, આહારક, ક્ષપક, ઉપશમ, કલ્પ, સંયમત્રિક, કેવળ અને સિઝવું જંબૂમાં વ્યુચ્છિન્ન થયા. ॥૧૭॥**

સૂત્ર માત્ર સૂચન કરે છે - આ વચનથી **મન** = મનઃપર્યવજ્ઞાન, **પરમાવધિ** = અલોકમાં પણ લોક પ્રમાણ અસંખ્ય ખંડોને જોવાની શક્તિથી યુક્ત એવું વિશિષ્ટ અવધિજ્ઞાન. પુલાક = વિશિષ્ટ સાધુ. આહારક =

क्षपकश्रेणिः, **उपशमः** - उपशमश्रेणिः, **कल्पः** - जिनकल्पः, **संयमत्रिकम्**-परिहारविशुद्धि-सूक्ष्मसंपराय - यथाख्यातलक्षणं चारित्रप्रकारत्रितयम्, **केवलम्** - केवलज्ञानम्, **सेधना** - सिद्धिगमनम्, **चः** - समुच्चये । एतानि **जम्बि** - श्रीजम्बूस्वामिनि सिद्धिं गतवति, **विच्छिन्नानि** - आगामितीर्थं यावदप्राप्यप्राप्तीन्यभूवन् । अत्र चारित्रत्रयपृथग्भावविवक्षया तु द्वादशस्थानानि बोध्यानि । अभिहितं च - मह मुक्खगमणाओ वासाणं चउसट्ठीए अपच्छिमकेवली जंबूसामी सिद्धिं गमिही ।

---

વિશિષ્ટ શરીર. પુલાક અને આહારક આ બે વિષે આગળ કહેવાશે. **ક્ષપક** = ક્ષપકશ્રેણિ. **ઉપશમ** = ઉપશમશ્રેણિ. **કલ્પ** = જિનકલ્પ, **સંયમત્રિક** = પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાત આ ત્રણ પ્રકારનું ચારિત્ર. **કેવળ** = કેવળજ્ઞાન. **સિઝવું** = સિદ્ધિગતિને પામવું.

**આ** દશ વસ્તુઓ **શ્રી જંબૂસ્વામી** મોક્ષે ગયા ત્યારે **વિચ્છેદ પામ્યા** = આગામી તીર્થ સુધી અલભ્ય બની ગયાં.

અહીં ત્રણ ચારિત્રને છુટ્ટા છુટ્ટા ગણીએ, તો તે અપેક્ષાએ બાર સ્થાન સમજવા. કહ્યું પણ છે - મારા મોક્ષગમનથી ચોસઠ વર્ષે ચરમકેવળી જંબૂસ્વામી મોક્ષે

तेणं समएणं पज्जवनाणं परमोही पुलायलद्धी आहारगसरीर खवगसेढी उवसमसेढी जिणकप्पो परिहारविसुद्धि - सुहुमसंपराय - अहक्खायचारित्ताणि केवलनाणं सिद्धिगमणं च त्ति दुवालस ठाणाइं भारहे वासे वुच्छिज्जिहिइ - इति (तीर्थकल्पे २०) ।

अत्र विशेषवक्तव्यज्ञेयत्वेन पुलाकादि साक्षाद् व्याख्याति -

**संघाइअंमि कज्जे चुन्निज्जा चक्कवट्टिसिन्नंपि ।**
**तीए सत्तीजुत्तो पुलाइलद्धी मुणेअव्वो ॥१८॥**

**सङ्घादिके कार्ये** - सङ्घकुलगणसम्बन्धिप्रयोजनोत्पत्तौ,

---

જશે. તે સમયે મનઃપર્યવજ્ઞાન, પરમાવધિ, પુલાકલબ્ધિ, આહારક શરીર, ક્ષપકશ્રેણિ, ઉપશમશ્રેણિ, જિનકલ્પ, પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્ર, કેવળજ્ઞાન અને સિદ્ધિગમન એમ બાર સ્થાનો ભરતક્ષેત્રમાં વ્યુચ્છેદ પામશે. (તીર્થકલ્પ ૨૦)

અહીં પુલાક વગેરે વિશેષ વક્તવ્યથી જાણી શકાય તેવા હોવાથી ગ્રંથકારશ્રી સ્વયં તેને સમજાવે છે -

**સંઘાદિક કાર્યે ચક્રવર્તીના સૈન્યનો પણ ચૂરો કરી દે, તેવી શક્તિથી યુક્ત પુલાકલબ્ધિ જાણવો. ॥૧૮॥**

**સંઘાદિક કાર્યે** = સંઘ, કુલ, ગણનું પ્રયોજન ઉત્પન્ન

**चक्रवर्त्तिसैन्यमपि** - षट्खण्डाधिपतिसत्कचतुरशीतिहस्ति-लक्षादिलक्षणमनीकमपि, **चूर्णयेत्** - विनाशयेत्, **तया शक्तियुक्तः** - तादृश्या लब्ध्योपेतः साधुः, पुलाकनाम्नी लब्धिर्यस्य सः - **पुलाकलब्धिः, ज्ञातव्यः** - आगमतोऽवगन्तव्यः (दृश्यतां भगवतीसूत्रे २५-६) ।

एतत्त्वत्रावगन्तव्यम् - पुलाकशब्देनासारं धान्यम् - तन्दूलकणशून्यं पलञ्जितरूपं भण्यते, तेन समं यस्य चारित्रं स पुलाकः । तपःश्रुतहेतुकायाः सङ्घादिप्रयोजने सबलवाहनस्य चक्रवर्त्यादेरपि चूर्णने समर्थाया लब्धेरुपजीवनेन ज्ञानाद्य-

---

થાય ત્યારે, **ચક્રવર્તીના સૈન્યનો પણ** = ૭ ખંડના અધિપતિ ચક્રીના ચોર્યાશી લાખ હાથી વગેરે રૂપ લશ્કરનો પણ, **ચૂરો કરી દે** = વિનાશ કરી દે, **તેવી શક્તિયુક્ત** = તેવા પ્રકારની લબ્ધિથી સહિત સાધુ, જેની પુલાક નામની લબ્ધિ છે, તે **પુલાકલબ્ધિ જાણવો** = આગમથી સમજવો. (જુઓ ભગવતીસૂત્ર ૨૫-૬).

અહીં આ તો જાણવું કે પુલાક શબ્દથી અસાર ધાન્ય = ચોખાના કણથી રહિત ફોતરું કહેવાય છે. જેનું ચારિત્ર તેના જેવું છે, તે પુલાક. સંઘ વગેરેના પ્રયોજને સેના-વાહન સહિત ચક્રવર્તી વગેરેને પણ ચૂરી નાખવા સમર્થ એવી તપ-શ્રુતથી ઉત્પન્ન થયેલી લબ્ધિનું અવલંબન

तिचाराऽऽसेवनेन वा यः सकलसंयमसारगलनात्पलञ्जिवन्निः सारः स पुलाक इत्याशयः ।

स च द्विधा भवति, लब्ध्या सेवया च । तत्र लब्धिपुलाको देवेन्द्रर्द्धिसमसमृद्धिको लब्धिविशेषयुक्तः । अन्ये त्वाहुः - आसेवनतो यो ज्ञानपुलाकः, तस्येयमीदृशी लब्धिः, स एव च लब्धिपुलाकः, न तद्व्यतिरिक्तः कश्चिदपर इति ।

आसेवापुलाकस्तु पञ्चविधः - ज्ञानपुलाकः, दर्शन-पुलाकः, चारित्रपलाकः, लिङ्गपुलाकः, यथासूक्ष्मपुलाकश्च ।

---

કરવાથી અથવા જ્ઞાન વગેરેના અતિચારોને સેવવાથી જે સર્વ સંયમનો સાર નીકળી જવાથી નિઃસાર બન્યો છે, તે પુલાક છે, એવો અહીં આશય છે.

તે બે પ્રકારનો હોય છે. (૧) લબ્ધિથી (૨) પ્રતિસેવાથી. તેમાં લબ્ધિપુલાક દેવેન્દ્રની ઋદ્ધિની સમાન સમૃદ્ધિવાળો વિશિષ્ટલબ્ધિથી યુક્ત હોય છે. અન્યો તો કહે છે કે જે આસેવનથી જ્ઞાનપુલાક હોય છે, તેની આવી લબ્ધિ હોય છે. અને તે જ લબ્ધિપુલાક છે, તેના સિવાય કોઈ બીજો નથી.

આસેવન-પુલાક પાંચ પ્રકારનો છે. (૧) જ્ઞાનપુલાક (૨) દર્શનપુલાક (૩) ચારિત્રપુલાક (૪) લિંગપુલાક (૫)

तत्र स्खलितमलिनादिभिरतिचारैर्ज्ञानमाश्रित्यात्मानमसारं कुर्वन् ज्ञानपुलाकः, एवं कुदृष्टिसंस्तवादिभिर्दर्शनपुलाकः, मूलोत्तर-गुणप्रतिषेधनया चारित्रविराधकश्चरणपुलाकः, यथोक्तलिङ्गा-धिकग्रहणान्निष्कारणान्यलिङ्गकरणाद्वा लिङ्गपुलाकः, किञ्चि-त्प्रमादादकल्प्यग्रहणाद्वा यथासूक्ष्मः पुलाकः, यद्वोक्तचतुष्टये यस्स्तोकं स्तोकं स्तोकं विराधयति स यथासूक्ष्मः पुलाकः। तथा च पारमर्षम् - पुलाए पंचविहे पण्णत्ते। तं जहा - णाणपुलाए दंसणपुलाए चरित्तपुलाए, लिंगपुलाए, अहा-सुहुमपुलाए नाम पंचमे - इति (स्थानाङ्गे ५-३)।

---

યથાસૂક્ષ્મપુલાક.

તેમાં (૧) જે સ્ખલના, માલિન્ય વગેરે અતિચારોથી જ્ઞાનને આશ્રીને પોતાને અસાર કરે છે, તે જ્ઞાનપુલાક, (૨) એ રીતે મિથ્યાદષ્ટિનો પરિચય વગેરેથી દર્શનપુલાક, (૩) મૂળ-ઉત્તરગુણોથી વિરુદ્ધ આચરણ કરવાથી ચારિત્રની વિરાધના કરનાર ચરણપુલાક, (૪) ભગવાને કહેલ વેષથી અધિક ઉપકરણનું ગ્રહણ કરવાથી અથવા તો નિષ્કારણ અન્ય વેષ કરવાથી લિંગપુલાક, (૫) કંઈક પ્રમાદથી કે અકલ્પ્ય ગ્રહણ કરવાથી યથાસૂક્ષ્મપુલાક, અથવા તો ઉપરોક્ત ચારમાં (જ્ઞાનાદિમાં) જે થોડી થોડી વિરાધના કરે છે, તે યથાસૂક્ષ્મ પુલાક. તેવું પરમર્ષિનું વચન પણ છે... (ઉપરોક્તાનુસાર સમજવું.)

अत्र तु यो व्यवच्छेद उक्तः स सर्वेषामपि पुलाकानाम्, बकुशकुशीलैर्वर्तमानतीर्थप्रवृत्त्यभिधानादित्यवसीयते । साम्प्रतमाहारक इत्यत्र निरूपयन्नाह -

**चउदसपुव्वी उप्पन्ने कारणे कुणइ देहमाहारं ।**
**रयणिप्पमाणमित्तो अंतमुहुत्तं अपडिघाई ॥१९॥**

**चतुर्दशपूर्व्वी** - श्रुतकेवली, **कारणे** - सन्देहापनोदतीर्थकरस्फातिदर्शनादिप्रयोजने, **उत्पन्ने** - पारमर्षपरिशीलनाद्यभ्यन्तरे जाते सति, **आहारं देहम्** - आहारकनामानं

---

અહીં જે વ્યવચ્છેદ કહ્યો, તે સર્વ પુલાકોનો છે. કારણ કે ભગવાને બકુશ-કુશીલોથી (પાંચમા આરામાં) તીર્થપ્રવૃત્તિ કહી છે, એમ જણાય છે. હવે આહારકના વિષયમાં નિરૂપણ કરે છે -

**કારણ ઉત્પન્ન થતા ચૌદપૂર્વી આહારક શરીર કરે છે. તેમાં તે એક હાથ પ્રમાણ હોય છે. (તે શરીર) અંતર્મુહૂર્ત સુધી (રહે છે અને) અપ્રતિઘાતી હોય છે. ॥૧૯॥**

**ચૌદપૂર્વી** = શ્રુતકેવળી, **કારણ** = સંશયનિરાકરણ, તીર્થંકરની ઋદ્ધિનું દર્શન વગેરે પ્રયોજન, **ઉત્પન્ન થતા** = આગમચિંતન વગેરે કરતાં ઉદ્ભવતા, **આહાર દેહને**

शरीरविशेषम्, **करोति** - समुद्घातप्रक्रियया निर्वर्तयति । निर्वर्तिते च तस्मिन् स श्रुतकेवली **रत्निप्रमाणमात्रो** भवति, एकहस्तावगाहनस्स्यादित्यर्थः ।

इदं त्वत्रावधेयम् - जघन्यत आहारकशरीरस्यावगाहना देशोना रत्निः, उत्कृष्टतस्तु सैव प्रतिपूर्णा भवतीति, यदार्षम् - आहारगसरीरस्स णं भंते केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! जहण्णेण देसूणा रयणी, उक्कोसेण पडिपुण्णा रयणी - इति (**प्रज्ञापनायाम् पद-२१**) ।

तच्च शरीरं **अन्तर्मुहूर्तं** यावदवतिष्ठति, **अप्रतिघाति** च

---

- આહારક નામના વિશિષ્ટ શરીરને, **કરે છે** = સમુદ્-ઘાતની પ્રક્રિયાથી બનાવે છે અને તે બની જાય ત્યારે તે શ્રુતકેવળી એક હાથની અવગાહનાવાળા હોય છે.

અહીં આ ધ્યાનમાં રાખવું જોઈએ - જઘન્યથી આહારક શરીરની અવગાહના એક હાથમાં કાંઈક ન્યૂન હોય છે. ઉત્કૃષ્ટથી તો પરિપૂર્ણ એક હાથ હોય છે. આગમવચન પણ છે - ભગવંત ! આહારક શરીરની અવગાહના કેટલી મોટી હોય છે ? ગૌતમ ! જઘન્યથી એક હાથમાં કાંઈક ઓછી, ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ એક હાથ. (પ્રજ્ઞાપના પદ-૨૧)

અને તે શરીર **અંતર્મુહૂર્ત સુધી** રહે છે. અને **અપ્રતિઘાતી**

भवति, तथाविधस्वरूपानुभावात्पर्वतादौ कुत्रापि तत्प्रति-घातासम्भवात् । उपलक्षणमेतत्, तेनान्यदप्येतच्छरीर-वैशिष्ट्यमूह्यम्, यथा-अत्यन्तशुभम् - स्वच्छस्फटिकशिलेव शुभ्रपुद्गलसमूहघटनात्मकमाहारकशरीरं भवतीति ।

एतच्छरीरवर्णनं च समये यथा - कज्जम्मि समुप्पण्णे सुयकेवलिणा विसिट्ठलद्धीए । जं एत्थ आहरिज्जइ भणितं आहारगं तं तु ॥ पाणिदयरिद्धिदंसण - सुहुमपयत्थावगाहणहेउं वा । संसयवोच्छयत्थं गमणं जिणपायमूलम्मि - इति ।

---

હોય છે. કારણ કે તેવા પ્રકારના સ્વરૂપના પ્રભાવે પર્વત વગેરેમાં ક્યાંય પણ તેનો પ્રતિઘાત સંભવતો નથી.

આ ઉપલક્ષણ છે. તેનાથી આ શરીરની અન્ય પણ વિશેષતા સમજવી. જેમ કે અત્યન્ત પ્રશસ્ત, સ્વચ્છ સ્ફટિકની શિલા જેવું, ઉજ્જવળ પુદ્ગલોના સમૂહની રચનામય આહારક શરીર હોય છે.

સિદ્ધાન્તમાં આ શરીરનું વર્ણન આ પ્રમાણે છે - પ્રયોજન ઉત્પન્ન થતા શ્રુતકેવળી વિશિષ્ટ લબ્ધિથી જેનું આહરણ (રચના) કરે છે, તે આહારક શરીર છે. જીવદયા, ઋદ્ધિદર્શન કે સૂક્ષ્મપદોની અવગાહના કરવા માટે કે સંશયનું નિરાકરણ કરવા માટે ચૌદપૂર્વી જિનેશ્વરના ચરણોમાં જાય છે.

तदेतज्जम्बूस्वामिनि सिद्धे व्युच्छिन्नानां वस्तूनां वर्णनम्। स च पर्यन्तकाले कात्यायनगोत्रीयप्रभवस्वामिनमात्मपदे निवेशितवान् । सोऽपि स्वपदे वत्सकुलाम्बरार्यमशय्यम्भव-स्वामिनमारोप्य दिवं गतः । स च प्राग् ब्राह्मणोऽपि गुरुणा प्रतिबोधितः सन् गर्भवर्ती भार्यां मुक्त्वा प्रवव्राज । पपाठ चोग्रतपोगुरुशुश्रूषादिपुरस्सरं चतुर्दशापि पूर्वाणि । अन्यदा तत्पुत्रोऽपि प्रव्रज्यार्थं तदन्तिकमाजगाम । तं प्रव्राज्य षण्मासमात्रं तदायुः श्रुतोपयोगेनावबुध्य तदनुग्रहार्थं चतुर्दशपूर्वेभ्य उद्धृत्य निर्मितं श्रीदशवैकालिकसूत्रम् । सङ्घोपरोधेन च

---

જંબૂસ્વામી મોક્ષે ગયા, ત્યારે જે વસ્તુઓનો વિચ્છેદ થયો, તેનું આ વર્ણન કર્યું. જંબૂસ્વામીએ અંતસમયે કાત્યાયન ગોત્રના પ્રભવસ્વામિને પોતાના પદે પ્રતિષ્ઠિત કર્યા. તે પણ પોતાના પદે વત્સુકુલ રૂપી ગગનમાં સૂર્ય સમાન એવા શ્રી શય્યંભવસ્વામિને પ્રતિષ્ઠિત કરીને સ્વર્ગે ગયા. તે પહેલા બ્રાહ્મણ હતા, પણ ગુરુ દ્વારા પ્રતિબોધ પામ્યા અને ગર્ભવતી પત્નીને મૂકીને તેમણે દીક્ષા લીધી. ઉગ્રતપ-ગુરુસેવા વગેરે કરવા સાથે તે ચૌદ પૂર્વો ભણ્યા. અન્ય કાળે તેમનો પુત્ર પણ પ્રવ્રજ્યા માટે તેમની પાસે આવ્યો. તેને દીક્ષા આપીને શ્રુતોપયોગથી તેનું આયુષ્ય માત્ર છ જ મહિના છે એમ જાણીને, તેમણે ચૌદ પૂર્વોમાંથી

पुत्रमुनिकालधर्मानन्तरमपि न संवव्रे । तत्र च दशाध्ययनानि, स्तोकावशेषे दिवसे विकाले निर्यूढानीति दशवैकालिकसूत्रं भण्यते, उक्तञ्च-मनगं पडुच्च सेज्जंभवेन निज्जूहिया दसऽज्झयणा । वेयालियाइ ठविया तम्हा दसकालियं नाम - इति (**दशवैकालिकनिर्युक्तौ १५**) । यदा च तद्विहितं तत्कालं ज्ञापयन्नाह -

**सिज्जंभवेण विहिअं दसयालिअ अट्ठनवइवरिसेहिं ।**
**सत्तरिसए अ थक्का चउपुव्वी भद्दबाहुंमि ॥२०॥**

---

ઉદ્ધરીને શ્રીદશવૈકાલિકસૂત્ર બનાવ્યું અને સંઘની વિનંતીથી પુત્રમુનિના કાળધર્મ બાદ પણ તેને ગોપવ્યું નહીં.

તે સૂત્રમાં દશ અધ્યયનો છે. જ્યારે સૂર્યાસ્તને થોડી વાર હતી ત્યારે = વિકાળે તે અધ્યયનોને ઉદ્ધર્યા, માટે તે દશવૈકાલિકસૂત્ર કહેવાય છે. કહ્યું પણ છે - મનકને આશ્રીને શ્રી શય્યંભવસૂરિએ દશ અધ્યયનો ઉદ્ધર્યા, તે વિકાળે સ્થાપિત કર્યા, માટે તેનું નામ દશવૈકાલિક છે. (દશવૈકાલિકનિર્યુક્તિ ૧૫).

જ્યારે તેની રચના કરી, તે કાળ જણાવતા કહે છે -

**શય્યંભવે અઠ્ઠાણું વર્ષે દશવૈકાલિક રચ્યું. એકસો સિત્તેર વર્ષે ભદ્રબાહુમાં ચાર પૂર્વો સ્થિર થયાં. ॥૨૦॥**

**शय्यंभवेन** - श्रुतकेवलिश्रीशय्यंभवस्वामिना, **अष्ट-नवतिवर्षेषु** - श्रीवीरनिर्वाणादष्टनवतिवत्सरेषु गतेषु सत्सु **दशकालिकम्** - चतुर्दशपूर्वकमलकिञ्जल्ककल्पं श्रीदश-वैकालिकसूत्रम्, **विहितम्** - प्रयोजनवशान्निर्यूढम् । अन्यत्र तूक्तकाले तत्स्वर्गगमनमभिहितमित्यत्र तत्त्वं तद्विदो विदन्ति । **सप्ततिशते** - श्रीवीरनिर्वाणात्सप्तत्युत्तरशतसंवत्सरेषु गतेषु सत्सु, **भद्रबाहौ** - श्रुतकेवलिश्रीभद्रबाहुस्वामिनि, **चतु:पूर्वी** - एकादशपूर्वादारभ्य चतुर्दशपूर्वपर्यन्तं सार्थं पूर्वचतुष्टयम्, **स्थिता**, न तदग्रे चलिता, व्युच्छिन्नेत्यर्थः । यद्वा **थक्के**ति

---

**શય્યંભવે** = શ્રુતકેવળી શ્રીશય્યંભવસ્વામિએ, **અઠ્ઠાણું વર્ષે** = શ્રીવીરનિર્વાણથી અઠ્ઠાણું વર્ષ ગયા ત્યારે, **દશવૈકાલિક** = ચૌદ પૂર્વોરૂપી કમળની પરાગ જેવું શ્રીદશવૈકાલિકસૂત્ર, **રચ્યું** - પ્રયોજનથી ઉદ્ધર્યું. અન્ય ગ્રંથમાં તો ઉપરોક્તકાળે શ્રીશય્યંભવસૂરિ સ્વર્ગે ગયાં, એમ કહ્યું છે, માટે અહીં વસ્તુસ્વરૂપ તત્ત્વવેત્તાઓ જાણે છે.

**એકસો સિત્તેરે** - શ્રીવીરપ્રભુના નિર્વાણથી એકસો સિત્તેર વર્ષ પસાર થયા, ત્યારે **ભદ્રબાહુમાં** = શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામિમાં **ચાર પૂર્વો** = અગિયારમા પૂર્વથી ચૌદમા પૂર્વ સુધીના અર્થસહિત ચાર પૂર્વો, **સ્થિત થયા** =

**श्रान्ता**, अग्रेऽसङ्क्रमणादेव । अत्रायं सम्प्रदायः - एकदा द्वादशवर्षदुर्भिक्षप्रान्ते सङ्घाग्रहेण श्रीभद्रबाहुस्वामिनः पञ्चशत-साधूनां प्रतिदिनं सप्तभिर्वाचनाभिर्दृष्टिवादं पठन्ति स्म । अन्ये साधवः कतिचिदधीत्य श्रान्ताः । स्थूलभद्रस्तु वस्तुद्वयोनां दशपूर्वीं पपाठ । अथैकदा वन्दनार्थमागतानां स्वभगिनीनां यक्षादिसाध्वीनां सिंहरूपं दर्शयित्वा स्वविद्याशक्तिमज्ञापयत् । तज्ज्ञात्वा मनसा दुःखिता श्रीभद्रबाहुसूरयो वाचनायामयोग्यो-ऽसीति स्थूलभद्रं जगुः । पुनः सङ्घाग्रहात् त्वयेतः परं

---

તેનાથી આગળ ન ચાલ્યા = વ્યુચ્છેદ પામ્યા. અથવા તો **થાક્યા** = શ્રાન્ત થયાં. કારણ કે આગળ સંક્રમ ન પામ્યાં.

અહીં ગુરુપરંપરાથી આ પ્રમાણે હકીકત જણાય છે - એકવાર બાર વર્ષના દુકાળ પછી સંઘના આગ્રહથી શ્રીભદ્રબાહુસ્વામી પાંચસો સાધુઓને પ્રતિદિન સાત વાચનાઓથી દૃષ્ટિવાદ ભણાવતાં હતાં. અન્ય સાધુઓ થોડું ભણીને થાક્યા. સ્થૂલભદ્રસ્વામી તો બે વસ્તુ ન્યૂન દશપૂર્વ ભણ્યા. હવે એક વાર વંદન માટે આવેલી પોતાની બહેનો યક્ષા વગેરે સાધ્વીઓને સિંહનું રૂપ દેખાડીને તેમણે પોતાની વિદ્યાશક્તિ જણાવી. તે જાણીને મનથી દુઃખી થઈને શ્રીભદ્રબાહુસૂરિએ 'તમે વાચનામાં અયોગ્ય છો' - એમ કહ્યું.

पूर्वाणामन्यस्मै कस्मैचिद् वाचना न देयेत्यभिधाय सूत्रतो वाचनां ददुरिति सार्थं पूर्वचतुष्कं तु श्रीभद्रबाहुस्वामिन्येव स्थितम् ।

अतो यो हि श्रीभद्रबाहुस्वामिस्वर्गगमनकालः, स एव सार्थपूर्वचतुष्टयव्यवच्छेदकालः, अतो यथोक्ताध्वा सङ्गति-मङ्गति, उक्तञ्च - वीरमोक्षाद्वर्षशते सप्तत्यग्रे गते सति । भद्रबाहुरपि स्वामी ययौ स्वर्गं समाधिना - इति ( **परिशिष्ट-पर्वणि ९-११२** ) ।

ततोऽपि

---

ફરી સંઘના આગ્રહથી 'તારે આનાથી આગળ અન્ય કોઈને પણ પૂર્વોની વાચના ન આપવી' - એમ કહીને સૂત્રથી વાચના આપી. માટે અર્થસહિત ચાર પૂર્વો તો શ્રીભદ્રબાહુસ્વામિમાં જ રહ્યા.

માટે શ્રીભદ્રબાહુસ્વામિના સ્વર્ગગમનનો જે કાળ છે, તે જ અર્થસહિત ચારપૂર્વોના વ્યવચ્છેદનો કાળ છે. માટે જે કાળ કહ્યો તે સંગત થાય છે. કહ્યું પણ છે - શ્રીવીરપ્રભુના નિર્વાણથી એકસો સિત્તેર વર્ષ ગયા, ત્યારે શ્રી ભદ્રબાહુસ્વામી પણ સમાધિપૂર્વક સ્વર્ગે ગયા. (પરિશિષ્ટ પર્વ ૯-૧૧૨).

પછી પણ -

**तुट्टं स(च) थूलभद्दो(द्दे) दोसयपनरेहिं पुव्वअणुओगो।**
**सुहुममहापाणाणि अ आइमसंघयणसंठाणा ॥२१॥**

**द्विशतपञ्चदशेषु** - श्रीवीरनिर्वाणाद् पञ्चदशोत्तरद्विशत-संवत्सरेषु गतेषु, सुपां सुपो भवतीति विभक्तिव्यत्ययः, **पूर्वानुयोगः** - पर्यन्तपूर्वचतुष्कलक्षणं श्रुतम्, **सूक्ष्ममहा-प्राणध्यानानि**, यदनुभावतोऽन्तर्मुहूर्त्तमात्रतश्चतुर्दशपूर्वपरावर्त्तनं सुकरं स्यात्, अत्र बहुवचनं तद्भेदसामग्र्यसङ्ग्रहायेति प्रतिभासते, **चः** - समुच्चये, **आदिमसंहननसंस्थाने** - वज्रर्षभनाराचाख्यं प्रथमं संहननम् - अस्थिरचनाविशेषः,

---

**બસો પંદર વર્ષે સ્થૂલભદ્રમાં પૂર્વાનુયોગ, સૂક્ષ્મ મહાપ્રાણ, પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન વિચ્છિન્ન થયા. ॥૨૧॥**

**બસો પંદર** = શ્રીવીરનિર્વાણથી બસો પંદર વર્ષ પસાર થયા ત્યારે **પૂર્વાનુયોગ** = છેલ્લા ચાર પૂર્વરૂપ શ્રુત, **સૂક્ષ્મમહાપ્રાણધ્યાન**, કે જેના પ્રભાવે માત્ર અંતર્મુહૂર્તમાં સહેલાઈથી ચૌદપૂર્વોનું પરાવર્ત્તન થઈ શકે. અહીં બહુવચનનો પ્રયોગ છે, તે એ ધ્યાનના સર્વ પ્રકારોનો સંગ્રહ કરવા માટે હોય, એમ જણાય છે. **પ્રથમસંઘયણસંસ્થાન** = વજ્રઋષભનારાચ નામનું પહેલું

समचतुरस्राभिधमाद्यं संस्थानम् - शरीरसम्बन्ध्याकारविशेषः, सर्वमप्येतत् **स्थूलभद्रे त्रुटितम्**, न श्रीस्थूलभद्रस्वामितोऽग्र एषामन्वयोऽभूदिति हृदयम् । अत्र सिद्धान्तसंवादमुपन्यस्यन्नाह -

**यतः-चउपुव्वविवच्छेओ वरिससए सत्तरीए ।**
**अहिअंमि भद्दबाहुंमि जाओ वीरजिणंदे सिवं पत्ते ॥२२॥**
**पुव्वाणं अणुओगो संघयणपढमयं च संठाणं ।**
**सुहुममहापाणाणि अ वुच्छिन्ना थूलभद्दंमि ॥२३॥**

---

સંઘયણ = હાડકાની વિશિષ્ટ રચના. સમચતુરસ્ર નામનું પહેલું સંસ્થાન = શરીરનો વિશિષ્ટ આકાર. આ બધું **સ્થૂલભદ્રમાં તૂટ્યું**. અર્થાત્ શ્રીસ્થૂલભદ્રસ્વામિથી આગળ તેમની પરંપરા ન ચાલી. આ વિષયમાં સિદ્ધાન્તની સાક્ષી રજુ કરતા કહે છે -

**શ્રીવીરજિનેન્દ્ર મોક્ષે ગયા, ત્યારથી સાધિક એકસો સિત્તેર વર્ષે ભદ્રબાહુમાં ચાર પૂર્વનો વ્યવચ્છેદ થયો. ॥૨૨॥**

**પૂર્વોનો અનુયોગ, પ્રથમ સંઘયણ અને સંસ્થાન તથા સૂક્ષ્મમહાપ્રાણ સ્થૂલભદ્રમાં વ્યુચ્છિન્ન થયા. ॥૨૩॥**

उक्तार्थम् । श्रीस्थूलभद्रस्वामिन आर्यमहागिरि - आर्यसुहस्तिनामानौ द्वौ शिष्यावभूताम् । तत्रार्यसुहस्तिगुरोः पार्श्वे स्वीकृतसम्यक्त्वमूलव्रतविसरः श्रीअशोकनृपपौत्रः सम्राट् सम्प्रतिः सपादलक्षजिनालय-सपादकोटिजिनबिम्ब - षट्-त्रिंशत्सहस्रजीर्णोद्धार-पञ्चनवतिसहस्रधातुमयप्रतिमा विहितवान् । अनेकसत्रशालादिधर्मकृत्यान्यपि चकार । अनार्यदेशा अपि यथा साधुविहारयोग्याः स्युस्तथा कृतवान् । आर्यसुहस्तिसूरिपट्टे श्रीसुस्थितसुप्रतिबद्धौ, तत्पट्टे आर्यइन्द्रदिन्नसूरिः, तत्पट्टे

---

આ ગાથાઓનો અર્થ પૂર્વે કહ્યો છે. શ્રીસ્થૂલભદ્ર-સ્વામિના આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિ નામના બે શિષ્યો થયા. તેમાં આર્ય સુહસ્તિગુરુ પાસે સમ્યક્ત્વમૂલક વ્રતોને સ્વીકારનાર શ્રીઅશોકરાજાપૌત્ર સમ્રાટ સંપ્રતિએ સવા લાખ જિનાલયો, સવા કરોડ જિનપ્રતિમાઓ, છત્રીસ હજાર જીર્ણોદ્ધારો અને પંચાણુ હજાર ધાતુની પ્રતિમાઓ કરાવી. અનેક દાનશાળાઓ વગેરે ધર્મકાર્યો પણ કર્યા. તેમણે એવું કર્યું કે જેથી અનાર્યદેશો પણ સાધુના વિહારને યોગ્ય થયા.

આર્યસુહસ્તિસૂરિની પાટે શ્રીસુસ્થિત-સુપ્રતિબદ્ધસૂરિ આવ્યાં. તેમની પાટે આર્ય ઈંદ્રદિન્નસૂરિ આવ્યા, તેમની

आर्यसिंहगिरिसूरिः, तत्पट्टे चाऽऽगत आर्यवज्रस्वामी, तद्वक्त-व्यतां साक्षाद् गण्डिकाकृदेवाऽऽह -

**पंचसएसु वरिसाण अइगएसुं जिणाओ वीराओ ।**
**वयरो सोहग्गनिही सुनंदगब्भे समुपन्नो ॥२४॥**

**वीराज्जिनात्** - कारुण्यपुण्यार्णवश्रीवर्द्धमानस्वामिनः सकाशात्, **वर्षाणां पञ्चशतेष्वतिगतेषु** सत्सु **सौभाग्य-निधिर्वज्रो सुनन्दागर्भे समुत्पन्नः** । अक्षरार्थः सुगमः, भावार्थस्तु कथानकावसेयः, तच्चेदम् - तुम्बवनग्रामे

---

પાટે આર્ય સિંહગિરિસૂરિ આવ્યા. અને તેમની પાટે આર્ય વજ્રસ્વામી આવ્યા, જેમની વિગત ગંડિકાકારશ્રી સ્વયં જ કહે છે -

**વીર જિનથી પાંચસો વર્ષ પસાર થયા, ત્યારે સૌભાગ્યનિધિ વજ્ર સુનંદાગર્ભમાં ઉત્પન્ન થયા. ॥૨૪॥**

**વીર જિનથી** = કરુણારૂપી પવિત્ર સાગર એવા શ્રી વર્દ્ધમાનસ્વામિથી પાંચસો વર્ષ પસાર થતા સૌભાગ્યના ભંડારસમા શ્રી વજ્રસ્વામી સુનંદામાતાના ગર્ભમાં ઉત્પન્ન થયા.

અક્ષરાર્થ સુગમ છે. ભાવાર્થ તો કથાનકથી જાણવો,

धनगिरिनामा वणिक्, सुनन्दा तस्य भार्या । तां सगर्भां मुक्त्वा प्राव्राजीद्धनगिरिः । तदनु जातमात्रस्तत्पुत्रः पितुर्दीक्षां श्रुत्वा सञ्जातजातिस्मरणः सन् प्रविव्रजिषुर्मातुरुद्वेगाय सततं रुदन्नेवाऽऽस्ते ।

तदा सिंहगिरिसूरय आजग्मुः । ततः स षण्मासवया बालो गोचरचर्यार्थमागतस्य धनगिरेर्दत्तः । तेनापि स्वगुरोरर्पितः । महाभारत्वाच्च गुरूणा तस्य वज्रेतिनाम कृतं स्थापितश्च श्रमणीप्रतिश्रये । तत्र श्राविकाभिः पाल्यमानो वर्धमानश्च

---

અને તે આ પ્રમાણે છે - તુંબવન ગામમાં ધનગિરિ નામનો વેપારી હતો. તેની પત્ની સુનંદા હતી. તે ગર્ભવતી હતી, ત્યારે તેને મૂકીને ધનગિરિએ દીક્ષા લીધી. ત્યારબાદ તાજા જન્મેલા તેના પુત્રે પિતાની દીક્ષા સાંભળી. તેનાથી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. દીક્ષા લેવાની ઈચ્છા થઈ. માતા કંટાળીને પોતાને દીક્ષા આપી દે, તે માટે તે સતત રડ્યા જ કરે છે.

ત્યારે શ્રીસિંહગિરિસૂરિજી આવ્યા. તેથી તે છ મહિનાનો બાળક ગોચરીએ આવેલા ધનગિરિમુનિને તેણે વહોરાવી દીધો. તેમણે પણ પોતાના ગુરુને અર્પણ કર્યો. તે ખૂબ ભારે હોવાથી ગુરુએ 'વજ્ર' એવું તેમનું નામ

पालनकस्थ एव साध्वीभिः परावर्त्यमानामेकादशाङ्गीं श्रुत्वा धारयामास ।

त्रिवार्षिकस्य तस्याऽऽदानार्थं मात्रा राजसमक्षं वादे प्रारब्धे मात्रा दीयमानानि विविधभोज्यादीन्यवगणय्य पित्रा दत्तं रजोहरणमग्रहीत् । ततो मातापि प्राव्राजीत् । अष्टवर्षान्ते देवपरीक्षोत्तीर्णेन श्रीवज्रस्वामिना वैक्रियलब्धिराकाशगामिनी-विद्या चावाप्ता । दुर्भिक्षे सङ्घरक्षां जिनशासनप्रभावनां च

---

કર્યું, અને સાધ્વીજીઓના ઉપાશ્રયમાં રાખ્યો. ત્યાં શ્રાવિકાઓ તેનું પાલન કરી ઉછેરતા હતાં, એ સમયે વજ્રકુમાર ઘોડિયામાં જ સાધ્વીજીઓ દ્વારા પરાવર્તન કરાતા અગિયાર અંગોને સાંભળીને યાદ રાખી લે છે.

જ્યારે વજ્રકુમાર ત્રણ વર્ષના થયા ત્યારે તેમને પાછા લાવવા માટે માતાએ રાજાની સમક્ષ વાદ માંડ્યો. તેમાં માતા દ્વારા અપાતા જાતજાતના ભોજન વગેરેની અવગણના કરીને વજ્રકુમારે પિતામુનિએ આપેલું રજોહરણ લઈ લીધું. પછી માતાએ પણ દીક્ષા લીધી. આઠ વર્ષ પૂરા થયા ત્યારે વજ્રસ્વામી દેવની પરીક્ષામાં પસાર થયા અને દેવ પાસેથી વૈક્રિયલબ્ધિ અને આકાશગામિની વિદ્યા મેળવી.

દુકાળમાં સંઘરક્ષા અને જિનશાસનની પ્રભાવના

कृत्वाऽन्तकाले रथावर्तगिरावशनं विधाय जगाम स सुरालयम्। स चाष्टौ वर्षाणि गृहे, चतुश्चत्वारिंशद् वर्षाणि व्रते, षट्त्रिंशद् वर्षाणि युगप्रधानत्वे, सर्वायुरष्टाशीतिवर्षाणि परिपाल्य श्रीवीरनिर्वाणादष्टाशीत्यधिकपञ्चशतवर्षान्ते स्वर्गभाग् बभूव। तस्मिंश्च दिवं श्रितवति यद् व्युच्छिन्नं तदाह -

**दसपुव्वविवच्छेउ वयरे तह**
**अद्धकीलि(अद्धनाराय)संघयणे ।**
**पंचहिं वाससएहिं चउसीएसमहिएहिं ॥२५॥**

**वज्रे** - अनन्तराभिहितवृत्ते श्रीवज्रस्वामिनि, **दशपूर्व-**

---

કરીને અંતસમયે રથાવર્તગિરિ પર અનશન કરીને વજસ્વામી દેવલોકે ગયા. તેઓ આઠ વર્ષ ગૃહસ્થપણે, ચુમ્માલીસ વર્ષ મુનિપણે, છત્રીસ વર્ષ યુગપ્રધાનપણે - એમ અઠ્યાસી વર્ષનું સર્વ આયુષ્ય પાળીને શ્રીવીર-નિર્વાણથી પાંચસો ચોર્યાશી વર્ષ પૂરા થયા ત્યારે દેવલોકે ગયાં. તેમના સ્વર્ગગમન સમયે જેનો વ્યુચ્છેદ થયો તે કહે છે -

**પાંચસો ચોર્યાશી વર્ષે વજમાં દશપૂર્વવ્યવચ્છેદ તથા અર્ધકીલિ (નારાચ) સંઘયણનો (વ્યવચ્છેદ થયો.)**

**વજમાં** = હમણા જેમનું ચરિત્ર કહ્યું તે શ્રી

**व्यवच्छेदः** - दशमपूर्वसन्तत्युपरतिः, चरमदशपूर्वित्वाच्छ्री-वज्रस्वामिनः, सङ्ख्याशब्दस्यापि यथा पूरणार्थता तथा प्राक् प्रतिपादिताऽनुसन्धातव्येहापि, **तथाऽर्धकीलि(नाराच)-संहननम्** - तुर्यसंहननतया प्रवचनप्रसिद्धोऽस्थिबन्धविशेषः, आद्यं तु संहननं श्रीस्थूलभद्रस्वामिनि व्यवच्छिन्नम्, अत्र तुर्यं संहननं व्यवच्छिन्नमित्यर्थः, उक्तञ्च - तंमि य भगवंते अद्धानारायसंघयणं दसपुव्वाणि य वोच्छिन्ना - इति (**आवश्यकनिर्युक्तौ ॥ ७७५, ७७६ ॥ वृत्तौ**) । कदेत्याह -

---

વજ્રસ્વામિમાં, **દશપૂર્વવ્યવચ્છેદ** = દશમા પૂર્વની પરંપરાનો વિરામ થયો. કારણ કે શ્રીવજ્રસ્વામી છેલ્લા દશપૂર્વી હતા. સંખ્યા શબ્દ (દશ) પણ પૂરણાર્થક (દશમ) બને છે, એ પહેલા જેમ સમજાવ્યું હતું, તેમ અહીં પણ સમજવું.

**તથા અર્ધકીલિ(નારાચ)સંઘયણ** - ચોથા સંઘયણ તરીકે શાસ્ત્રમાં પ્રસિદ્ધ હાડકાની વિશિષ્ટ રચના. પહેલું સંઘયણ શ્રીસ્થૂલભદ્રસ્વામિમાં વિચ્છેદ પામ્યું, શ્રીવજ્રસ્વામિમાં ચોથું સંઘયણ વિચ્છેદ પામ્યું એવો અર્થ છે. કહ્યું પણ છે - તે ભગવંતમાં અર્ધનારાચ સંઘયણ અને દશપૂર્વ વિચ્છેદ પામ્યા. (આવશ્યકનિર્યુક્તિ ॥૭૭૫-૭૭૬॥ વૃત્તિ). ક્યારે ? તે કહે છે - **પાંચસો ચોર્યાશી વર્ષે.** કહ્યું પણ છે

**चतुरशीत्यभ्यधिकैः पञ्चभिर्वर्षशतै**रिति । उक्तञ्च - वासपंचसएहिं अज्जवइरे दसमं पुव्वं संघयणचउक्कं च अवगच्छिही - इति (**तीर्थकल्पे २०**) । अत्र शेषवर्षाणामविवक्षया चतुरशीत्यधिकैरिति नोक्तम् । किञ्च -

**पंचसए गुणसीए सूरिसिरिअज्जरक्खिआ जाया ।**
**जाव य सामी वि यासी**
**दसपुव्वधरो तइयकालो(ले) ॥२६॥**

श्रीवीरनिर्वाणात् **पञ्चशत एकोनाशीतौ**, एकोनाशीत्यधिकपञ्चशतवत्सरेषु गतेषु सत्स्वित्यर्थः, **श्रीआर्यरक्षिता जाताः यावच्च स्वाम्यपि चाऽऽसीत्**, स्वयं वज्रस्वाम्यपि

---

- પાંચસો વર્ષે આર્ય વજસ્વામિમાં દશમું પૂર્વ અને ચાર સંઘયણ વિચ્છેદ પામશે. (તીર્થકલ્પ ૨૦). અહીં બાકીના વર્ષોની વિવક્ષા ન કરી હોવાથી 'ચોર્યાશીથી અધિક' એમ નથી કહ્યું. વળી -

**પાંચસો નેવ્યાશી વર્ષે શ્રીઆર્યરક્ષિતસૂરિ થયા. જ્યારે સ્વામી પણ દશપૂર્વધર હતા. તે કાળે... ॥૨૬॥**

શ્રીવીરનિર્વાણથી પાંચસો નેવ્યાશી વર્ષ ગયા ત્યારે શ્રીઆર્યરક્ષિતસૂરિ થયા. અને જ્યારે સ્વામી પણ હતાં = વજસ્વામી પણ જ્યારે વિદ્યમાન હતા. કેવા ? તે કહે

यदा विद्यमानो बभूवेति भावः, कीदृश इति निरूपयति - **दशपूर्वधरः** - पूर्वदशकावारपारपारगामी ।

तद्वक्तव्यता यथा - दशपुरे सोमदेवविप्ररुद्रसोमा-श्राविकापुत्र आर्यरक्षितः, स चाध्ययनहेतोः पाटलीपुत्रं गत्वा चतुर्दशविद्यापारगीभूय आगतः । तदा नृपादिसर्वलोक-सम्मानितोऽपि मातुर्माध्यस्थ्यं दृष्ट्वा सनिर्बन्धं निबन्धनं पप्रच्छ। विज्ञाततदभिप्रायश्च दृष्टिवादमध्येतुं तोसलिपुत्रा-चार्यान्तिके प्रवव्राज । स्वगुरुसमीपे श्रीवज्रस्वामिपार्श्वे च साधिकनवपूर्वीमात्मसात्कृत्य पश्चात्समग्रं परिवारमपि

---

છે. દશપૂર્વધર = દશપૂર્વરૂપી સાગરના પારગામી.

તેમની વિગત આ મુજબ છે - દશપુરમાં સોમદેવ બ્રાહ્મણ અને રુદ્રસોમા નામની શ્રાવિકાનો પુત્ર આર્યરક્ષિત હતો. તે અધ્યયન માટે પાટલીપુત્ર જઈને ચૌદ વિદ્યાનો પારગામી થઈને આવ્યો. ત્યારે રાજા વગેરે સર્વ લોકોએ તેમનું સમ્માન કર્યું, પણ માતાની મધ્યસ્થતા જોઈને તેણે આગ્રહ સાથે કારણ પૂછ્યું. માતાનો અભિપ્રાય જાણીને દષ્ટિવાદ ભણવા માટે તોસલિપુત્ર આચાર્ય પાસે દીક્ષા લીધી. પોતાના ગુરુ પાસે અને શ્રીવજસ્વામી પાસે સાધિક નવ પૂર્વોને આત્મસાત્ કરીને પછી સમગ્ર

दीक्षितवान् ।

**तदाकाले** - तदातनसमये

**बलबुद्धीमेहाणां हाणिं नाऊण विविहसंघस्स ।**
**उवस्सयस्स वासो तओ कओ अज्जरक्खीहिं ॥२७॥**

**विविधसङ्घस्य** - श्रमणादिप्रकारचतुष्टयोपेतस्य श्रीसङ्घस्य, **बलम्** - शारीरमानससामर्थ्यम्, **बुद्धिः** - वस्त्ववगमानुगुणा प्रेक्षा, **मेधा** - अवगतार्थधारणक्षमा प्रज्ञा, तेषां **हानिम्** - दुःषमानुभावतः पतत्प्रकर्षभावम्, **ज्ञात्वा** - दुर्बलिकापुष्यमित्रप्रसङ्गतोऽवगम्य, **ततः** - उक्तावगमानन्तरम्,

---

પરિવારને પણ તેમણે દીક્ષા આપી.

**ત્યારના સમયે** -

**વિવિધ સંઘની બળ-બુદ્ધિ-મેધાની હાનિ જોઈને આર્યરક્ષિતસૂરિએ ઉપાશ્રયનો વાસ કર્યો. ॥૨૭॥**

**વિવિધ સંઘની** = શ્રમણ વગેરે ચાર પ્રકારના શ્રીસંઘની, **બળ** = શારીરિક અને માનસિક સામર્થ્ય, **બુદ્ધિ** = વસ્તુસ્વરૂપનું જ્ઞાન કરવા માટે અનુકૂળ મતિ, **મેધા** = જાણેલા અર્થને યાદ રાખવામાં સમર્થ એવી પ્રજ્ઞા. તેની **હાનિ** = દુઃષમાના પ્રભાવે પડતી, તેને **જાણીને** = દુર્બલિકા પુષ્યમિત્રના પ્રસંગથી સમજીને, **પછી** =

**आर्यरक्षिभिः** - उपक्रान्ताचार्यैरार्यरक्षिताभिधानैः, **उपाश्रयस्य वासः कृतः**, एतत्तु नावबुध्यते, अनुयोगे चतुर्विधो विभागः कृत इत्यवबुध्यामः सम्प्रदायेन । अत्र दुर्बलिकापुष्यमित्रप्रसङ्ग अनुयोगपार्थक्यकरणं चैवम् - तत्र गच्छे च चत्वारो मुख्यास्तिष्ठन्ति साधवः । आद्यो दुर्बलिकापुष्यो द्वितीयो फल्गुरक्षितः । विन्ध्यस्तृतीयको गोष्ठा - माहिलश्च चतुर्थकः ॥ विन्ध्यस्तेष्वपि मेधावी सूत्रग्रहणधारणे । गुरूनुवाच मण्डल्या - मालापाप्तिश्चिरान्मम ॥ गुरुर्दुर्बलिकापुष्यं ततोऽस्यालापकं

---

ઉપરોક્ત જાણ બાદ, **આર્યરક્ષીએ** = જેમની વાત ચાલે છે, તે આર્યરક્ષિતસૂરિ નામના આચાર્યે, **ઉપાશ્રયનો વાસ કર્યો,** આ વાક્ય સમજાતું નથી. ગુરુપરંપરાથી એટલું જણાય છે કે તેમણે અનુયોગમાં ચાર પ્રકારનો વિભાગ કર્યો.

અહીં દુર્બલિકા પુષ્યમિત્રનો પ્રસંગ અને અનુયોગનું વિભાગીકરણ આ પ્રમાણે છે - તે ગચ્છમાં ચાર મુખ્ય સાધુઓ છે. (૧) દુર્બલિકા પુષ્ય (૨) ફલ્ગુરક્ષિત (૩) વિન્ધ્ય (૪) ગોષ્ઠામાહિલ. તેમાં પણ સૂત્રનું ગ્રહણ કરવામાં અને યાદ રાખવામાં વિન્ધ્ય બુદ્ધિશાળી છે. તેણે ગુરુને કહ્યું કે માંડલીમાં મને ઘણી વારે આલાપક મળે

ददौ । दिनानि कतिचिद्दत्त्वा वाचनां तस्य सोऽभ्यधात् ॥ वाचनां ददतोऽमुष्य पूर्वं मे नवमं प्रभो । विस्मरिष्यत्यतः पूज्या - देशोऽस्तु मम कीदृशः ? ॥ अथैवं दध्युराचार्या यद्यमुष्यापि विस्मृतिः । भविष्यति ध्रुवं प्रज्ञादीनां हानिरतः परम् ॥ चतुर्ष्वेकैकसूत्रार्थाख्याने स्यात्कोऽपि न क्षमः । ततोऽनुयोगांश्चतुरः पार्थक्येन व्यधात् प्रभुः ॥ यथा- कालिअसुअं च इसिभासिआइं तइओ अ सूरपन्नत्ती । सव्वो

---

છે. (એકલા હોય તો જલ્દી જલ્દી નવો સૂત્રપાઠ મળી શકે. બધા સાથે તો ગોખાઈ જલ્દી જાય અને બાકીનો સમય રાહ જોવી પડે.) તેથી ગુરુએ તેમના સૂત્રદાતા તરીકે દુર્બલિકા પુષ્ય મુનિ નિયુક્ત કર્યા. તેમને કેટલાક દિવસો સુધી વાચના આપીને દુર્બલિકા પુષ્યમિત્રે કહ્યું, "હે પૂજ્ય ! એમને વાચના આપતા મારું નવમું પૂર્વ ભૂલાઈ જશે. માટે હવે મારા માટે શું આદેશ છે ?"

હવે આચાર્યશ્રીએ વિચાર્યું કે જો આવા મેધાવી મુનિને પણ વિસ્મરણ થતું હોય, તો હવે પછી પ્રજ્ઞા વગેરેની અવશ્ય હાનિ થશે. માટે એક-એક સૂત્રના અર્થોની ચાર અનુયોગમાં વ્યાખ્યા કરવા કોઈ સમર્થ નહીં થાય. માટે પૂજ્યશ્રીએ ચારે અનુયોગોના વિભાગ કર્યા. જેમ કે - કાલિકશ્રુત, ઋષિભાષિત અને ત્રીજો

उ दिट्ठिवाओ चउत्थओ होइ अणुओगो ॥ अयं भावः - कालिकश्रुतमेकादशाङ्गरूपं करणचरणानुयोगः, ऋषिभाषितानि उत्तराध्ययनानि धर्मकथानुयोगः, सूर्यप्रज्ञप्त्यादीनि गणितानुयोगः, दृष्टिवादश्च सर्वोऽपि द्रव्यानुयोगः - इति (**आवश्यककथायाम्**)। अन्यदपि यत् कालोचितमसौ चकार, तदाह -

**आलोअण-वयदाण छेअसुअं संजईण वारेइ ।**
**तह अज्जरक्खिअ गुरू साहूणं सिक्खयं देइ ॥२८॥**

**आलोचना** - आसेवितातिचारादेर्गुरुपार्श्वे विकटना,

---

સૂર્યપ્રજ્ઞપ્તિ, સર્વ દૃષ્ટિવાદ ચોથો અનુયોગ છે.

આશય એ છે કે - અગિયાર અંગરૂપ કાલિકશ્રુત કરણચરણાનુયોગ, ઋષિભાષિત - ઉત્તરાધ્યયન ધર્મકથાનુયોગ, સૂર્યપ્રજ્ઞપ્તિ વગેરે ગણિતાનુયોગ અને સર્વ દૃષ્ટિવાદ દ્રવ્યાનુયોગ (એમ વિભાગ કર્યો.) (આવશ્યક કથા). શ્રી આર્યરક્ષિતસૂરિજીએ જે અન્ય પણ કાલોચિત કાર્ય કર્યું, તે કહે છે -

**આર્યરક્ષિત ગુરુ સાધ્વીજીઓને આલોચના-વ્રતદાન, છેદસૂત્ર વારે છે તથા સાધુઓને શિખામણ આપે છે. ॥૨૮॥**

**આલોચના** - જે અતિચાર વગેરે સેવ્યા હોય તેને

**व्रतम्** - अहिंसादि, **तयोर्दानम्** - अर्पणम्, तथा **छेदश्रुतम्** - निशीथप्रभृति, **संयतीनाम्** - आर्याणाम्, **वारयति** स्म श्रीआर्यरक्षितसूरिः ।

इदमुक्तं भवति - दशपूर्व्यादय आगमव्यवहारिण उच्यन्ते। यावदार्यरक्षितास्तावदागमव्यवहारिणोऽभूवन् । ते चागमव्यवहारबलेन - एतस्याश्छेदसूत्रवाचनायां दोषो न भविष्यति-इत्यवगम्य संयतीमपि च्छेदश्रुतं वाचयन्ति स्म । आर्यरक्षितसूरेरारात्त्वागमरहिताः, ततो मा च्छेदश्रुताध्ययनतः संयत्यो विद्रास्यन्ति - इति हेतोच्छेदश्रुतानि ते संयतीर्न

---

ગુરુ પાસે પ્રગટ કરવા, **વ્રત** - અહિંસાદિ, તે બેનું **દાન** = અર્પણ, તથા **છેદશ્રુત** - નિશીથ વગેરે, **સાધ્વીઓને** = શ્રમણીઓને શ્રીઆર્યરક્ષિતસૂરિએ વાર્યું.

આશય એ છે કે - દશપૂર્વી વગેરે આગમવ્યવહારી કહેવાય છે. શ્રી આર્યરક્ષિતસૂરિ સુધીના આચાર્યો આગમવ્યવહારી હતાં. તેથી તેઓ આગમવ્યવહારના બળથી એમ જાણી લેતા કે એને સૂત્રની વાચના આપવામાં દોષ નહીં થાય. આમ જાણીને તેઓ સાધ્વીજીને પણ છેદસૂત્રની વાચના આપતા હતાં. શ્રી આર્યરક્ષિતસૂરિ પછી તો આગમ (દશપૂર્વ કે તેથી વધુ શ્રુત) ન હતું, માટે છેદશ્રુતના અધ્યયનથી સાધ્વીઓનું

वाचयन्ति ।

ततश्च यावदार्यरक्षितसूरयस्तावद् व्रतिन्यः स्वपक्षे - संयतीनामालोचनामकार्षुः । स्वपक्षाभावे विपक्षेऽप्यालोचितवत्यः श्रमण्यः । एवं श्रमणा अपि सपक्ष आलोचितवन्तः । तदलाभे विपक्षे - श्रमणीनां पार्श्वेऽपि, दोषाभावात् । आगमव्यवहारिभिर्हि दोषाभावमवबुध्य च्छेदश्रुतवाचना संयतीनां दत्ता, नान्यथेति । आर्यरक्षितादारतः पुनः श्रमणानामेव समीप

---

અહિત ન થાય, તે માટે તેઓ સાધ્વીઓને છેદસૂત્રની વાચના નથી આપતા.

તેથી આર્યરક્ષિતસૂરિજી સુધી સાધ્વીજીઓ સ્વપક્ષે - સાધ્વીજીઓ પાસે આલોચના કરતા હતાં અને સ્વપક્ષ ન હોય, તો સાધ્વીજીઓ વિપક્ષમાં પણ આલોચના કરતા હતા. એ રીતે શ્રમણો પણ પોતાના પક્ષમાં - સાધુઓ પાસે આલોચના કરતા હતાં અને તેઓ ન મળે તો વિપક્ષે - સાધ્વીઓ પાસે પણ આલોચના કરતા હતા, કારણ કે તેમાં દોષ નથી. કારણ કે આગમવ્યવહારીઓએ 'દોષ થવાનો નથી' - એમ જાણીને જ સાધ્વીજીઓને છેદસૂત્રની વાચના આપી છે, અન્યથા નહીં. શ્રી આર્યરક્ષિતસૂરિજી પછી તો સાધ્વીઓ પણ શ્રમણોની પાસે

आलोचयन्ति श्रमण्योऽपि, श्रमणानामागमव्यवहारच्छेदात् ।

अत्र व्रतदानमिति यदभिहितम्, तन्निषेधोऽपि छेदश्रुत-निषेधादेव ज्ञायते । अन्यदपि यदार्यरक्षितसूरिश्चकार तदाह-

**तथाऽऽर्यरक्षितो गुरुः साधूनां शिक्षाम्** - हितवचनं **ददाति** स्म । अत्रापि सम्प्रदायः - तत्थ आयरिया सव्वे सद्दावित्ता दिट्ठंतं करेंति - "निप्फावकुडो तेल्लकुडो घयकुडो य, ते पुण हेट्ठाहोत्ता कया निप्फाया सव्वे नेंति । तेल्लमवि नेति, तत्थ पुण अवयवा लग्गंति । घयकुडे बहुं चेव लग्गति ।

---

જ આલોચના કરે છે.

અહીં જે વ્રતદાન એમ કહ્યું, તેનો નિષેધ પણ છેદસૂત્રના નિષેધથી જ જણાય છે. શ્રી આર્યરક્ષિતસૂરિજીએ અન્ય પણ જે કર્યું, તે કહે છે -

**તથા આર્યરક્ષિત ગુરુ સાધુઓને શિક્ષા** = હિતવચન આપે છે. અહીં પણ ગુરુપરંપરાથી આવેલ વૃત્ત આ મુજબ છે - ત્યાં આચાર્યશ્રી બધાને બોલાવીને દૃષ્ટાંત કરે છે - 'વાલનો ઘડો, તેલનો ઘડો અને ઘીનો ઘડો. તેમને ઊંધા કરવામાં આવે તો વાલ બધા નીકળી જાય, તેલ પણ નીકળી જાય, પણ તેમાં અવયવો ચોંટેલા રહે. ઘીના ઘડામાં ઘણું ઘી અંદર લાગેલું રહે. આર્યો ! એ જ

एवमेवाहमज्जो ! दुब्बलियापूसमित्तं पइ सुत्तत्थतदुभएसु निप्फावकुडसमाणो जातो । फग्गुरक्खियं पति तेल्लकुडसमाणो, गोट्ठामाहिलं पइ घयकुडसमाणो । एवमेस सुत्तेण अत्थेण य उववेतो तुब्भं आयरितो होउ ।" तेहिं सव्वं पडिच्छियं ।

इयरो वि भणितो – "जहा हं वट्टितो फग्गुरक्खियस्स गोट्ठामाहिलस्स तहा तुब्भेहि वि वट्टियव्वं ।" ताणि वि भणियाणि – "जहा तुब्भे ममं वट्टियाइं, तहा एयस्स वि वट्टेज्जाह, अवि य, अहं कए वा अकए वा न रूसामि,

---

રીતે હું દુર્બલિકા પુષ્યમિત્ર પ્રત્યે વાલના ઘડા જેવો થયો છું. ફલ્ગુરક્ષિત પ્રત્યે તેલના ઘડા જેવો અને ગોષ્ઠામાહિલ પ્રત્યે ઘીના ઘડા જેવો થયો છું. તેમ આ (દુર્બલિકા પુષ્યમિત્ર) સૂત્ર અને અર્થથી યુક્ત છે, તે તમારો આચાર્ય થાઓ." તેમણે (શિષ્યોએ) બધું સ્વીકાર્યું.

અન્ય (દુર્બલિકાપુષ્યમિત્ર)ને પણ કહ્યું કે "હું ફલ્ગુરક્ષિત અને ગોષ્ઠામાહિલ પ્રત્યે જેવું વર્તન કરું છું, તેવું તમારે પણ કરવું."

તેઓ (શિષ્યો)ને પણ કહ્યું, "તમે મારા પ્રત્યે જેમ (આદરથી) વર્તતા હતાં, તેમ એમની સાથે પણ વર્તજો. વળી તમે મારી આજ્ઞાનું પાલન કરો કે ન કરો, તો ય

एस न खमीहित्ति" - इति (उत्तराध्ययननिर्युक्तौ ॥१७५॥ बृहद्वृत्तौ)। एवं वर्गद्वयेऽपि शिक्षां दत्त्वा भक्तं प्रत्याख्याय श्रीआर्यरक्षितसूरयः स्वर्गं जग्मुः । तेषु च स्वर्गं श्रितवत्सु यद् बभूव तदाह -

**तह अज्जरक्खिएहिं विच्छिन्ना इत्थ दसमनवपुव्वी।**
**सुन्नमुणिवेअजुत्तो विक्कमकालाउ जिणकालो ॥२९॥**

**तथाऽऽर्यरक्षितैः** कालगतैः सममे**वेह** - भरतक्षेत्रे, **दशमनवपूर्वी** - दशमपूर्वसत्ककिञ्चिदंशसमेतानि नवपूर्वाणि,

---

રોષ નથી કરતો, પણ આ (આજ્ઞાના ઉલ્લંઘનને) સહન નહીં કરે. (ઉત્તરાધ્યયનનિર્યુક્તિ ॥૧૭૫॥ બૃહદ્વૃત્તિ). આ રીતે બન્ને વર્ગમાં (નૂતન આચાર્યને અને શિષ્યોને) હિતશિક્ષા આપીને શ્રી આર્યરક્ષિતસૂરિજી અનશન કરીને સ્વર્ગે ગયા. તેઓ સ્વર્ગે ગયા, ત્યારે જે બન્યું તે કહે છે -

**તથા અહીં આર્યરક્ષિતથી દશમનવપૂર્વી વિચ્છેદ પામી. વિક્રમકાળથી ચારસો સિત્તેર વર્ષે જિનકાળ છે. ॥૨૯॥**

તથા જેવા શ્રી આર્યરક્ષિતસૂરિજી કાળધર્મ પામ્યા, તેની સાથે જ **અહીં** = ભરતક્ષેત્રમાં, **દશમનવપૂર્વી** = દશમા પૂર્વના કંઈક અંશથી યુક્ત એવા નવ પૂર્વો, **વિચ્છેદ**

**विच्छिन्ना** - विशिष्टत्वेनाभावमुपगता, नवपूर्वश्रुतं तु दुर्बलिकापुष्यमित्रस्य बभूवैवेति विशिष्टाभावोक्तौ तात्पर्यम् ।

किञ्च **शून्यमुनिवेदयुक्तो विक्रमकालाज्जिनकालः,** श्रीवीरनिर्वाणस्वसंवत्सरप्रवर्त्तकविक्रमादित्यराज्यकालयोरन्तरं सप्तत्यधिकं वत्सराणां शतचतुष्टयमित्यर्थः, अभिहितं च - विक्कमरज्जारंभा परओ सिरिवीरनिव्वुई भणिया । सुन्नमुणि-वेयजुत्तो विक्कमकालाओ जिणकालो - इति ( **विचारश्रेणि-सञ्ज्ञायां स्थविरावलौ** ) ।

ननु कथमेतत्प्रमाणः कालः पूर्यत इति चेत् ? उच्यते,

---

**પામ્યા** = વિશિષ્ટરૂપે અભાવ પામ્યા, નવ પૂર્વનું શ્રુત તો દુર્બલિકા પુષ્યમિત્રનું હતું જ, એ 'વિશિષ્ટ અભાવ' કહેવાનું તાત્પર્ય છે. (વિશેષણથી યુક્ત = વિશિષ્ટ). પ્રસ્તુતમાં દશમા પૂર્વનો અંશ વિચ્છેદ પામ્યો છે.)

વળી **વિક્રમકાળથી ચારસો સિત્તેર વર્ષે જિનકાળ** છે. અર્થાત્ શ્રીવીરનું નિર્વાણ અને પોતાના સંવત્સરના પ્રવર્ત્તક વિક્રમાદિત્યના રાજ્યકાળનું અંતર ચારસો સિત્તેર વર્ષ છે. કહ્યું પણ છે... (ઉપરોક્તાનુસારે સમજવું.)

**શંકા** - આટલા કાળની પૂર્તિ કઈ રીતે થાય છે ?

**સમાધાન** - શ્રી વીરપ્રભુનું નિર્વાણ જે રાતે થયું, તે

श्रीवीरनिर्वाणं यन्निशायां जातम्, तस्यामेव निशायामवन्त्यधिपतेश्चण्डप्रद्योतस्य मृत्युरपि बभूव, अभिषिक्तश्च तत्पुत्रः पालकः। तद्राज्यकालः षष्टिवत्सराणि। तदा च कूणिकपुत्रस्योदायिनो मारणम्, ततश्च नवनन्दराज्ञां राज्यकालः पञ्चपञ्चाशदधिकसंवत्सरशतप्रमाणः, ततोऽपि मौर्याणां राज्यकालः पञ्चदशाधिकवर्षशतमानः, ततश्च त्रिंशद्वर्षमितः पुष्यमित्रराज्याध्वा, तदनन्तरं बलमित्रभानुमित्रयोः शासनं षष्टिवत्सराणि यावत्। ततोऽपि नभोवाहननृपराज्यकालो वत्सराणां चत्वारिंशत्। तदनु गर्दभिल्लभूपालस्योज्जयिन्यां राज्यकालस्त्रयोदशवत्सरप्रमाणः। तत्पुत्रश्च विक्रमादित्यः

---

જ રાતે અવંતિના રાજા ચંડપ્રદ્યોતનું પણ મૃત્યુ થયું. તેના પુત્ર પાલકનો રાજ્યાભિષેક થયો. તેનો રાજ્યકાળ સાઈઠ વર્ષ છે. અને તે સમયે કોણિકના પુત્ર ઉદાયીની હત્યા થઈ. પછી નવ નંદ રાજાઓનો રાજ્યકાળ એકસો પંચાવન વર્ષ. ત્યાર પછી પણ મૌર્યોનો રાજ્યકાળ એકસો પંદર વર્ષ. તેના પછી ત્રીશ વર્ષ પુષ્યમિત્ર રાજાનો રાજ્યકાળ, તેના પછી બલમિત્ર-ભાનુમિત્રનું રાજ્ય સાઈઠ વર્ષ. તેના પછી નભોવાહન રાજાનો રાજ્યકાળ ચાલીશ વર્ષ. ત્યાર બાદ ગર્દભિલ્લ રાજાનો ઉજ્જયિનીમાં રાજ્યકાળ તેર વર્ષ. તેનો પુત્ર વિક્રમાદિત્ય પોતાના

स्वपितृकराज्ये वर्षचतुष्टयं यावत् शासनकारिणः शकनृपतीन् जित्वा राजा बभूवेति प्रोक्तसर्व-कालमेलने पूर्यते यथोक्ताध्वप्रमाणम् । एषु केषुचित् कालविशेषेषु विसंवादोऽपि दृश्यते, तत्र तत्त्वं तद्विदो विदन्ति। विक्रमादित्यनृपवक्तव्यता त्वग्रे वक्ष्यते । किञ्च -

**सिरिवीरजिणंदाओ तिण्णिसए वीसवरिस वोलीणे ।**
**कालयसूरी जाओ सक्को पडिबोहिओ जेण ॥३०॥**

**श्रीवीरजिनेन्द्रात् त्रिशतोत्तरविंशतिवत्सरेषु गतेषु -**

---

પિતાના રાજ્યમાં ચાર વર્ષ સુધી રાજ કરનારા શક રાજાઓને જીતીને રાજા થયો. આમ ઉપરોક્ત સર્વ કાળોનો સરવાળો કરતા ચારસો સિત્તેર વર્ષ પૂર્ણ થાય છે. (આમાં વિક્રમ રાજાના જન્મ આદિ પ્રસંગવિશેષની વિવક્ષાથી ૪૭૭ ને બદલે ૪૭૦ કહ્યા હોય એવું જણાય છે.)

આમાં કેટલાક કાળોમાં વિસંવાદ પણ દેખાય છે. તેમાં જે વસ્તુસ્વરૂપ છે, તે તત્ત્વવેત્તાઓ જાણે છે. વિક્રમાદિત્ય રાજાની વાત તો આગળ કહેવાશે. વળી -

**શ્રી વીરજિનેન્દ્રથી ત્રણસો વીશ વર્ષ પસાર થયા, ત્યારે કાલકસૂરિ થયા, જેમણે ઈન્દ્રને પ્રતિબોધિત કર્યો. ॥૩૦॥**

શ્રી મહાવીરસ્વામિથી ત્રણસો વીશ વર્ષ ગયા ત્યારે

अतिक्रान्तेषु सत्सु, **कालकसूरिः** - प्रथमकालकसूरित्वेनोपलक्षित आर्यश्यामाचार्यः, **जातः** - जिनप्रवचनव्योमविभूषणविभाकरत्वेन चकासामास, **येन शक्रः** - प्रथमकल्पाधिपतिः, **प्रतिबोधितः** - यथावस्थितनिगोदस्वरूपप्रतिपादनेनोन्मीलितप्रज्ञतया विहितः । एतत्प्रतिबोध आर्यरक्षितसूरिवद्विज्ञेय इति पूर्वाचार्या आहुः, अतोऽत्रार्यरक्षितसूरिवृत्तान्त एव सम्प्रदायानुसारेणोच्यते - ते विहरंता महुरं गया, तत्थ भूतगुहाए वाणमंतरघरे ठिता । इतो य सक्को देवराया महाविदेहे

---

**કાલકસૂરિ** = પ્રથમ કાલકસૂરિ રૂપે ઓળખાતા આર્ય શ્યામાચાર્ય **થયા** = જિનપ્રવચનરૂપી આકાશના અલંકાર સૂર્ય રૂપે શોભ્યા, **જેમણે શક્ર** = પ્રથમ દેવલોકના ઈન્દ્રને, **પ્રતિબોધિત** કર્યો = નિગોદના યથાર્થ સ્વરૂપનું પ્રતિપાદન કરવા દ્વારા વિકસિત પ્રજ્ઞાવાળો કર્યો.

આ પ્રતિબોધ આર્યરક્ષિતસૂરિજીની જેમ જાણવો એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે. માટે અહીં ગુરુપરંપરાના અનુસારે આર્યરક્ષિતસૂરિજીનો વૃત્તાંત જ કહેવાય છે. - તેઓ વિચરતા મથુરામાં ગયા. ત્યાં ભૂતગુફા - વાણમંતરાયતનમાં રહ્યા. આ બાજુ દેવેન્દ્ર શક્ર મહાવિદેહમાં સીમંધરસ્વામિને નિગોદ જીવો વિષે પૂછે

सीमंधरसामिं पुच्छइ निगोदजीवे । जाहे निओयजीवा भगवया वागरिया, ताहे भणइ - अत्थि पुण भारहे वासे कोइ, जो निओए वागरेज्जा ? भगवता भणितं - अत्थि अज्जरक्खितो, ततो माहणरूवेण सो आगतो, तं च थेररूवं करेऊण पव्वइएसु निग्गएसु अतिगतो, ताहे सो वंदित्ता पुच्छइ - भगवं ! मज्झ सरीरे महल्लवाही इमो, अहं च भत्तं पच्चक्खाएज्ज, ततो जाणह मम केत्तियं आऊयं होज्जा ? जविएहिं किर भणिया आऊसेढी । तत उवउत्ता आयरिया जाव पेच्छंति आउं

---

છે. જ્યારે ભગવાને નિગોદ જીવોનું સ્વરૂપ કહ્યું, ત્યારે કહે છે - 'શું ભરતક્ષેત્રમાં તેવું કોઈ છે, કે જે નિગોદના જીવોનું સ્વરૂપ કહે ?' ભગવાને કહ્યું, 'આર્યરક્ષિત છે.' પછી શક્ર બ્રાહ્મણના રૂપે આવ્યા. તે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ કરીને જ્યારે સાધુઓ ગોચરી માટે બહાર ગયા, ત્યારે આવ્યા. ત્યારે શક્ર આચાર્યશ્રીને વંદન કરીને પૂછે છે - 'ભગવન્ ! મારા શરીરમાં આ મોટો રોગ છે અને મારે અનશન કરવું છે. તો શું આપ જાણો છો ? કે મારું આયુષ્ય કેટલું હશે ?' યવિકો (દશમા પૂર્વનું પરિકર્મ) દ્વારા આયુષ્યશ્રેણિ કહી છે. પછી આચાર્યશ્રીએ ઉપયોગ મુક્યો અને જ્યાં આયુષ્ય જુએ છે - સો વર્ષ થયા... બસો... ત્રણસો.

वरिससतगहियं दो तिन्नि वा । ताहे चिंतेइ - भारहो एस मणुस्सो न भवइ, विज्जाहरो वा वाणमंतरो वा, जाव दो सागरोवमाइं ठिती । ताहे भमुहाओ हत्थेहिं उक्खिवित्ता भणइ - सक्को भवं ।

ताहे सव्वं साहइ, जहा - महाविदेहे मए सीमंधरसामी पुच्छितो, इहं चम्हि आगतो, तं इच्छामि सोउं निओयजीवे, ताहे से कहिया । ताहे तुट्ठो आपुच्छइ - वच्चामि ? आयरिया भणंति - अच्छह मुहुत्तं जाव संजता एंति, एत्ताहे दुक्कहा

---

ત્યારે વિચાર કરે છે કે આ મનુષ્ય ભરતક્ષેત્રનો ન હોઈ શકે. યા તો વિદ્યાધર હોય અને યા તો વાણમંતર હોય. યાવત્ બે સાગરોપમની સ્થિતિ જાણી હાથ અને ભ્રમરો ઉલાળીને કહ્યું, 'તમે શક્ર છો.'

ત્યારે શક્ર બધું કહે છે, કે મહાવિદેહમાં સીમંધરસ્વામિને પૂછ્યું અને અહીં આવ્યો છું. માટે નિગોદ જીવોનું સ્વરૂપ સાંભળવા ઈચ્છું છું. ત્યારે આચાર્યશ્રીએ તેને તે કહ્યું. ત્યારે સંતોષ પામીને પૂછે છે - હું જાઉં છું ? આચાર્યશ્રીએ કહ્યું, 'મુહૂર્ત સુધી રહો, જ્યાં સુધી સાધુઓ આવે છે. વર્તમાનમાં દુષ્કથા (જિનવચનને આશ્રીને સંશયાદિથી કલુષિત કથાવાળા)

संजाता, थिरा भवंति जे चला । जहा एत्ताहे वि देविंदा एंति त्ति । ततो सो भणति-जइ ते ममं पेच्छंति, तेन चेव अप्पसत्तत्तणेण निदानं काहिंति, तो वच्चामि । ततो चिन्धं काउं वच्च । ततो सक्को तस्स उवस्सयस्स अन्नहुत्तं काउं दारं गतो । ततो आगता संजया पेच्छंति, कतो एयस्स दारं? आयरिएहिं वाहिरिता-इतो सिट्ठं च जहा सक्को आगतो, ते भणंति - अहो ! अम्हेहिं न दिट्ठो, कीस न मुहुत्तं

---

થયા છે. માટે જેઓ ચંચળ છે, તેઓ (તમને જોઈને દૃઢ શ્રદ્ધાથી) સ્થિર થાય, કે વર્તમાનમાં પણ દેવેન્દ્રો આવે છે.'

તો તે કહે છે - 'જો તેઓ મને જોશો, તો તેનાથી જ અલ્પસત્ત્વપણાથી (મારા જેવા થવાનું) નિદાન કરશે. માટે જાઉં છું.' આચાર્યશ્રીએ કહ્યું, 'તો (તારા આવ્યાની કોઈક) નિશાની કરીને જા.' પછી શક્ર તે ઉપાશ્રયનું દ્વાર બીજી દિશામાં કરીને ગયા.

પછી સંયમીઓ આવીને જુએ છે કે 'ઉપાશ્રયનો દરવાજો ક્યાં ગયો ?' આચાર્યશ્રીએ કહ્યું, 'આ બાજુથી આવો.' અને જે રીતે શક્ર આવ્યા હતા, તે કહ્યું. શિષ્યો કહે છે, 'અરે અમે ન જોયા. એક મુહૂર્ત માટે તેમને રોક્યા કેમ નહીં ?'

धरितो? तं चेव साहइ - जहा अप्पसत्ता मणुया निदानं काहिंति, तो पाडिहेरं काऊण गतो । एवं ते देविंदवंदिया भवंति - इति (**आवश्यकनिर्युक्तौ ॥७७७॥ वृत्तौ**) ।

अत्रान्तरे यदन्यत् संवृतं तन्निरूपयति -

**सच्चउरे जिणभवणं संभूअं वीरतिगसए काले ।**
**दससयइक्कासीए तुरकेहिं न चालिओ वीरो ॥३१॥**

**वीरत्रिशते काले** - श्रीमहावीरप्रभुनिर्वाणाच्छतत्रितय-संवत्सरप्रमाणेऽध्वनि व्यतिक्रान्ते सति **सत्यपुरे** - मरुमण्डले

---

ત્યારે આચાર્યશ્રીએ તે જ વાત કરી કે, 'અલ્પસત્ત્વ-વાળા મનુષ્યો નિદાન કરશે, માટે ચમત્કાર કરીને ગયા.' આ રીતે તે આચાર્યશ્રી દેવેન્દ્ર દ્વારા વંદિત છે. (આવશ્યકનિર્યુક્તિ ॥૭૭૭॥ વૃત્તિ)

આ ગાળામાં જે બીજો પ્રસંગ થયો, તેનું નિરૂપણ કરે છે -

**વીરથી ત્રણસો વર્ષ (પ્રમાણ) કાળે સત્યપુરમાં જિનાલય થયું. એક હજાર એક્યાશીમાં તુર્કો વડે વીર ચલાયમાન ન થયા. ॥૩૧॥**

શ્રી મહાવીર પ્રભુના નિર્વાણથી ત્રણસો વર્ષ પ્રમાણ

साचोर - इतिनामख्याते नगरे, **जिनभवनम्** - श्रीमहावीर-प्रभुसत्कमहाप्रासादः, **सम्भूतम्** - शोभातिशयसम्पन्न-तयोत्पन्नम् । अत्र कल्पः - इहेव जंबूद्दीवे दीवे भारहे वासे मरुमंडले सच्चउरं नाम नयरं । तत्थ नाहडकारियं सिरिज-ज्जिगसूरिगणहरपइट्ठियं पित्तलमयं सिरिवीरजिणबिंबं चेइहरे अच्छइ । कहं नाहडराइणा तं कारिअं ति तस्स उप्पत्ती भणणइ - पुव्विं नडूलमंडलमंडणमंडोवरनयरस्स सामिं रायाणं बलवंतेहिं दाइएहिं मारिऊण तं नयरं अहिट्ठियं । तस्स रण्णो

---

કાળ ગયો, ત્યારે **સત્યપુરમાં** = મારવાડમાં 'સાચોર' નામથી પ્રસિદ્ધ નગરમાં, **જિનભવન** = શ્રી મહાવીર પ્રભુનો મોટો પ્રાસાદ, **થયો** - અત્યંત શોભાથી યુક્તપણે ઉદ્ભવ્યો.

અહીં આ પ્રમાણે સત્યપુર તીર્થનો કલ્પ છે - આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં મારવાડમાં સત્યપુર નામનું નગર છે. ત્યાં નાહડે કરાવેલ, શ્રી જજ્જિગસૂરિજીએ પ્રતિષ્ઠિત પિત્તળમય શ્રી વીરજિનની પ્રતિમા ચૈત્યમાં છે. તે કેવી રીતે નાહડ રાજાએ કરાવી, તેની ઉત્પત્તિ કહેવાય છે - પહેલા નડૂલમંડલના વિભૂષણ એવા મંડોવર નગરના સ્વામીને બળવાન રાજાઓએ મારીને તે નગરીના તેઓ સ્વામી બની ગયા. તે રાજાની પટ્ટરાણી

महादेवी आवण्णसत्ता पलाइत्ता बंभाणपुरं पत्ता । तत्थ य सयललक्खणसंपुण्णं दारयं पसूआ । तओ नयरीए बाहिं एगत्थ रुक्खे तं बालयं झोलिआगयं ठावित्ता सयं तप्पासए ठिया किंचि कम्मं काउमाढत्ता । तत्थ य देवजोगेण समागया सिरिजज्जिगसूरिणो । तरुच्छायं अपरावत्तमाणिं दट्ठूण 'एस पुण्णवंतो भावि' त्ति कलिऊण चिरं अवलोइंता अच्छिआ ।

तीए रायपत्तीए आगंतूण भणिआ सूरिणो - भयवं ! किं एस दारओ कुलक्खणो कुलक्खयकरो दीसइ ? सूरिहिं

---

ગર્ભવતી હતી. તે નાસીને બ્રહ્માણપુર પહોંચી. ત્યાં તેણે સર્વ લક્ષણોથી સંપૂર્ણ એવા પુત્રને જન્મ આપ્યો. પછી નગરીની બહાર એક વૃક્ષ પર ઝોળીમાં તે બાળકને રાખીને પોતે તેની પાસે રહીને કાંઈક કામ કરવા લાગી. ત્યાં ભવિતવ્યતાના યોગથી શ્રીજજ્જિગસૂરિજી આવ્યા. તેમણે જોયું કે ઝાડની છાયા ફરતી નથી, તેથી આ પુણ્યવંત થશે, એમ સમજીને લાંબો સમય સુધી તેને જોતા રહ્યા.

તે રાજપત્નીએ આવીને સૂરિજીને કહ્યું - ભગવન્ ! શું આ પુત્ર ખરાબ લક્ષણવાળો, કુળનો ક્ષય કરનાર દેખાય છે ? આચાર્યશ્રીએ કહ્યું, 'કલ્યાણિની ! આ

वुत्तं - भद्दे ! एस महापुरिसो भविस्सइ, ता सव्वपयत्तेण पालणिज्जो । तओ सा अणुकंपाए चेइहरचिंताकरणे निउत्ता। गुणेहिं सो अ दारओ कयनाहडनामो गुरुमुहाओ पंच-परमेट्ठिनमोक्कारं सिक्खिउं सो अ चवलत्तेण गहिअधणुसरो अक्खयपट्टयस्स उवरिं आगच्छइंते मूसए अमूढलक्खो मारेइ। तओ सावएहिं चेइहराओ निक्कालिओ जणाणं गावी रक्खेइ ।

अन्नया केण वि जोगिणा पुरबाहिरे भमंतेण सो दिट्ठो। बत्तीसलक्खणधरो त्ति विन्नासिओ । तओ तेण सुवण्ण-

---

મહાપુરુષ થશે. માટે સર્વ પ્રયત્નથી તેનું પાલન કરવું.' પછી તેના પર દયા કરીને તેને દેરાસરની દેખભાળ કરવામાં નિયુક્ત કરી. તે પુત્રનું ગુણનિષ્પન્ન એવું નાહડ નામ કર્યું. તે ગુરુમુખથી પંચનમસ્કાર મંત્ર શીખ્યો. તે ચપળતાથી ધનુષ્ય-બાણ લઈને ચોખાના પાટલાની ઉપર આવતા ઉંદરોને લક્ષ્યવેધીપણે મારે છે. તેથી શ્રાવકોએ તેને જિનાલયમાંથી કાઢ્યો. પછી તે લોકોની ગાયોનું રક્ષણ કરે છે.

અન્ય કાળે કોઈ યોગી નગરની બહાર ફરતો હતો, તેણે તેને જોયો. 'આ બત્રીસ લક્ષણોથી યુક્ત છે' એમ ઓળખ્યો.

पुरिससाहणत्थं तमणुगच्छंतेण तस्स मायरं अणुण्णविअ तत्थेव ठिई कया । तओ अवसरे तेण जोगिणा भणिओ नाहडो-जत्थ गावीरक्खणाइं कुणंतो रत्तदुग्धं कुलिसतरुं पाससि, तत्थ चिण्हं काऊण ममं कहिज्जासि । बालेण तह त्ति पडिवण्णं । अन्नया दिव्वुज्जोएण तं दट्ठूण जाणाविअं जोगिणो । दो वि गया तत्थ । तओ लहुत्तविहाणेण अग्गिं पज्जालिऊण तं रत्तक्खीरं तत्थ पक्खिवित्ता जोगिम्मि पयाहिणं दिंते नाहडेणावि पयक्खिणीकओ अग्गी । कहिंचि जोगिणो दुट्ठचित्तवित्तिं नाऊण रायपुत्तेण सुमरिओ पंचनमुक्कारो । तप्पभावेण जोगी

---

પછી તે યોગી સુવર્ણપુરુષને સાધવા માટે તેની પાછળ પાછળ ગયો. તેની માતાને મનાવીને ત્યાં જ રહ્યો. પછી અવસરે તે યોગીએ નાહડને કહ્યું, "તું ગાયોનું રક્ષણ કરતા જ્યાં લાલ દૂધવાળા કુલિસવૃક્ષને જુએ, ત્યાં નિશાની કરીને મને કહેજે." તે બાળકે, 'ભલે' - એમ કહીને સ્વીકાર્યું. અન્ય કાળે ભવિતવ્યતાના યોગથી તેને જોઈને જણાવ્યું. યોગી અને તે બન્ને ત્યાં ગયાં. પછી લઘુત્વવિધાનથી અગ્નિ પ્રગટાવીને તે લાલ દૂધને તેમાં નાખીને યોગી પ્રદક્ષિણા દેવા લાગ્યો. ત્યારે નાહડે પણ અગ્નિને પ્રદક્ષિણા આપી. ક્યાંક યોગીનો ખરાબ ભાવ જાણીને રાજપુત્રે (નાહડે) પંચનમસ્કારનું સ્મરણ કર્યું.

अप्पहवंतो उक्खिविअ जलणे खित्तो नाहडेण, जाओ सुवण्णपुरिसो ।

तओ चिंतिअं तेण - अहो मंतस्स माहप्पं ! कहं नु तेसिं गुरूणं एयस्स दायगाणं पच्चुवयरिस्सामि त्ति आगंतुं पणया गुरुणो, सव्वं च तं सरूवं विण्णत्तं । किंच आइसह त्ति भणियं । गुरुवयणाओ उत्तुंगाइं चउवीसं चेइयाइं कारिआइ । कमेण पत्तो पउरं रज्जसिरिं । सेन्नसंभारेण गंतुं गहिअं पेइयं सट्ठाणं ।

---

તેના પ્રભાવે યોગી તેના પર કાબુ મેળવી શકતો ન હતો. નાહડે યોગીને ઉપાડીને અગ્નિમાં ફેંકી દીધો. તે સુવર્ણપુરુષ થઈ ગયો.

પછી તેણે વિચાર્યું, ‘અહો મંત્રનું માહાત્મ્ય ! આ મંત્રના દાતા ગુરુજીના ઉપકારનો બદલો હું શી રીતે વાળીશ ?’ એમ વિચારી ગુરુ પાસે આવીને તેણે તેમને પ્રણામ કર્યાં. અને બધું તે વૃત્તાંતનું સ્વરૂપ કહ્યું. ‘કાંઈક આદેશ કરો’ એમ કહ્યું. તેણે ગુરુવચનથી ચોવીશ મોટા જિનાલયો કરાવ્યા. ક્રમશઃ તે પ્રચુર રાજ્યસમૃદ્ધિ પામ્યો. મોટા સૈન્ય સાથે જઈને તેણે પિતાનું સ્થાન (રાજ્ય) મેળવ્યું.

अन्नया विन्नत्ता सिरिजज्जिगसूरिणो तेण, जहा–भगवंतं किं वि कज्जं आइसह, जेण तुज्झाणं मज्झ य कित्ती चिरकालं पसरइ त्ति । तओ गुरूहिं धेणू चउहिं थणेहिं जत्थ खीरं झरइ, तं भूमिं अब्भुदयकरं नाऊण तं ठाणं दंसिअं रण्णो । तेण गुरूआएसेणं सच्चउरे वीरमुक्खाओ छव्वाससएहिं महंतं कारिअं अब्भंलिहसिहरं चेइअं । तत्थ पइट्ठाविआ पित्तलमई सिरिमहावीरपडिमा जज्जिगसूरिहिं - इति (तीर्थखल्पे १६)।

यद्यप्यत्र तीर्थसम्भूतिकालमानं विसंवदति, तथापि जयउ

---

અન્ય કાળે તેણે શ્રી જજ્જિગસુરિને વિનંતિ કરી, કે “હે ભગવંત ! કોઈક એવા કાર્યનો આદેશ કરો, કે જેનાથી આપની અને મારી કીર્તિ ચિરકાળ સુધી પ્રસરે.” પછી જ્યાં ગાય ચારે આંચળોથી દૂધ ઝરતી હતી, તે ભૂમિને અભ્યુદયકારી જાણીને ગુરુજીએ રાજાને તે સ્થાન બતાવ્યું. તેણે ગુર્વાજ્ઞાથી સત્યપુરમાં શ્રી વીરનિર્વાણથી છસો વર્ષે મોટું ગગનચુંબી ચૈત્ય કરાવ્યું. તેમાં પિત્તળમય શ્રી મહાવીરજિનની પ્રતિમાની શ્રી જજ્જિગસૂરિ દ્વારા પ્રતિષ્ઠા કરાવી. (તીર્થકલ્પ ૧૬)

જો કે અહીં પ્રસ્તુત ગ્રંથમાં કહેલ તીર્થની ઉત્પત્તિના સમય સાથે વિસંવાદ આવે છે. તો પણ - સત્યપુરમંડણ

वीर सच्चउरीमंडण - इत्युक्तेरेतत्तीर्थस्य प्राच्यतरतया तत्तत्काले विशिष्टशोभातिशयेनोद्भूतत्वं नासङ्गतिमङ्गति ।

उक्ततीर्थस्य माहात्म्यमुपदर्शयन्नाह - **दशशतैकाशीतौ** - एकाशीत्यधिकसहस्रतमे वैक्रमेऽब्दे, **तुरकैः** - तुरुष्क-नामानार्यदेशविशेषवास्तव्यैः, **वीरः** - श्रीसत्यपुरमण्डनमहावीर-जिनप्रतिमा, **न चालितः**, न तां स्वस्थानात्कम्पयितुमपि ते समर्था बभूवुरिति भावः ।

अत्रापि सम्प्रदायः - तओ अण्णया अन्नो गज्जणवई

---

વીર જય પામો - આ ઉક્તિથી આ તીર્થ વધુ પ્રાચીન હોવાથી તે તે કાળે વિશિષ્ટ શોભાના અતિશયથી તીર્થની ઉત્પત્તિ સંગત થાય છે.

આ તીર્થનો મહિમા દેખાડતા કહે છે - વિક્રમ સંવત્ અગિયારસો એક્યાશીમાં **તુરકો** = તુરુષ્ક નામના એક અનાર્ય દેશના વાસીઓ દ્વારા **વીર** = શ્રી સત્યપુરના શણગાર એવા મહાવીર જિનની પ્રતિમા, **ચલાયમાન ન થઈ**, અર્થાત્ પોતાના સ્થાનથી તેને હલાવવા માટે પણ તુર્કો સમર્થ ન થયા.

અહીં પણ સંપ્રદાય આ મુજબ છે - પછી અન્ય કાળે મ્લેચ્છ. રાજા ગર્જનપતિ ગુજરાતને ભાંગવા માટે

गुज्जरं भंजिउं तओ चलंतो पत्तो सच्चउरे दससयइक्कासीए विक्कमवरिसे मिच्छराओ । दिट्ठं तत्थ मणोहरं वीरभवणं । पविट्ठो हणहणत्ति । तओ गयउरजुत्तित्ता वीरसामी ताणि उ लेसमित्तं पि न चलिओ सट्ठाणाओ । तओ बइल्लेसु जुत्तिएसु पुव्वभवरागेणं बंभसंतिणा अंगुलचउक्कं चालिओ । सयं हक्कंते वि गज्जणवइम्मि निब्बलीहोउं ठिओ जगनाहो जाओ (?) । विलक्खो मिलक्खुनाहो । तओ घणघाएहिं ताडिओ सामी । लग्गंति घाया ओरोहसुंदरीणं । तओ खग्गपहारेसु विहलीभूएसु

---

ત્યાંથી ચાલતો વિ.સં. અગિયારસો એક્યાશીમાં સત્યપુરમાં પહોંચ્યો. ત્યાં તેણે મનોહર મહાવીરસ્વામિ-ચૈત્ય જોયું. 'હણો હણો' કરતો અંદર પ્રવેશ્યો. પછી તેમણે હાથીઓ જોડ્યા તો ય શ્રી વીરસ્વામી પોતાના સ્થાનથી જરા પણ ચલાયમાન ન થયા. પછી બળદો જોડ્યા ત્યારે પૂર્વભવના રાગથી બ્રહ્મશાંતિ યક્ષે ચાર અંગુલ જેટલા ચલિત કર્યા. (બ્રહ્મશાંતિયક્ષ = શ્રીવીર પ્રતિબોધિત શૂલપાણિયક્ષ, જે પૂર્વ ભવમાં બળદ હતો.) સ્વયં ગર્જનપતિ હાંકતો હોવા છતાં પણ (બળદ) નિર્બળ થઈને ઊભા રહ્યા. મ્લેચ્છ રાજા વીલખો પડી ગયો. પછી ઘણના ઘા વડે સ્વામીને માર્યા, તો તે ઘા અંતઃપુરની સુંદરીઓને લાગવા માંડ્યા. પછી તલવારના પ્રહારો પણ

मच्छरेणं तुरक्केहिं वीरस्स अंगुलि कट्टिआ । तं गहिऊण य ते पट्ठिया । तओ लग्गा पज्जलिओ(आ) तुरयाण पुच्छा, लग्गा य बलिओ मिच्छाणं पुच्छा (?) तओ तुरए छड्डित्ता पायचारिणो चेव पणट्ठा धम्म त्ति धरणीए पडिया । रहिमानं सुमरंता विलवंता दीणखीणसव्वबला नहंगणे अदिट्ठवाणीए भणिया - एवं वीरस्स अंगुली आणिता तुम्हेहिं जीवसंप(स)ए पडिआ ।

तओ गज्जणाहिवई विम्हिअमणो सीसं धुणंतो सिल्लारे

---

નિષ્ફળ ગયા. ત્યારે તુર્કોએ વિહ્વળ થઈને મત્સરથી શ્રીવીરની આંગળી કાપી. તેને લઈને તેમણે પ્રસ્થાન કર્યું. પછી તેઓ જે ઘોડા પર બેઠા હતાં તે ઘાડોઓના પૂંછડા બળવા લાગ્યા અને તે મ્લેચ્છોની પાછળના ભાગ પણ બળવા લાગ્યા. પછી ઘોડાઓને છોડીને તેઓ પગે જ દોડવા લાગ્યા, તો 'ધમ્મ' કરીને જમીન પર પડ્યા. તેઓ રહેમાન (અલ્લાહ)ને યાદ કરી રડવા લાગ્યા. દીન થઈ ગયા તેમનું સર્વ બળ ક્ષીણ થયું. ત્યારે આકાશમાં અદશ્ય વાણીએ તેમને કહ્યું, 'આ રીતે શ્રીવીરની આંગળી લાવતા તમે જાનના જોખમમાં પડ્યા છો.' પછી ગર્જનાધિપતિએ વિસ્મિત થઈને માથુ ધુણાવતા સૈનિકોને

आइसइ, जहा-एयमंगुलिं वलिऊण तत्थेव ठावेह । तओ भीएहिं तेहिं पच्चाणीया सा लग्गा य मड त्ति सामिणो करे, तमच्छेरं पिच्छिय पुणो वि य सव्वपुण्णं पि न मग्गंति तुरुक्का । तुट्ठो चउव्विहो समणसंघो वीरभवणे पूआमहिमागीय-वाइत्तदविणदाणेहिं पभावणं करेइ - इति (तीर्थकल्पे १६)।

अथ दुःषमानुभावतः श्रीसङ्घे यत् संवृतं तदाह -

**छव्वाससएहिं नवुत्तरेहिं सिद्धिं गयस्स वीरस्स ।**
**तो बोडियाण साहा रहवीरपुरे समुप्पन्ना ॥३२॥**

---

કહ્યું કે 'પાછા ફરીને આ આંગળીને ત્યાં જ સ્થાપિત કરો.' પછી તેઓ ગભરાઈને તે આંગળી પાછી લાવ્યા, 'મડ' એવો શબ્દ કરીને તે સ્વામિના હાથમાં લાગી ગઈ. તે આશ્ચર્યને જોઈને તુર્કો ફરીથી સર્વ પુણ્ય પણ માંગતા નથી (?). ચતુર્વિધ શ્રમણ સંઘ આનંદિત થઈને શ્રીવીર ચૈત્યમાં પૂજા-મહિમા-ગીત-વાજિંત્ર-દ્રવ્યદાનથી પ્રભાવના કરે છે. (તીર્થકલ્પ ૧૬).

હવે દુઃષમાના પ્રભાવથી શ્રીસંઘમાં જે થયું તે કહે છે -

**વીરનિર્વાણથી છસો નવ વર્ષે રથવીરપુરમાં બોટિકોની શાખા ઉત્પન્ન થઈ. ॥૩૨॥**

**वीरे** - चरमतीर्थाधिपतौ श्रीवर्द्धमानस्वामिनि, **सिद्धिं गते** - अक्षीणशर्म्मास्पदं पदमवाप्ते सति, **षट्वर्षशतैर्नवोत्तरैः** - नवाधिकषट्शतसंवत्सरेषु गतेषु, **ततः** - तस्मात् कालविशेषात् कथञ्चिद्धेतुभूतात्, **रथवीरपुरे** - एतन्नाम्नि स्वनामख्याते नगरे, **बोटिकानाम्** - दिगम्बरतया प्रसिद्धानां निह्नवानाम्, **शाखा** - परम्परा, **समुत्पन्ना** - वक्ष्यमाण-प्रसङ्गतः प्रसूता । तथाहि- रहवीरपुरं नगरं, तत्थ दीवगमुज्जाणं, तत्थ अज्जकण्हा णामायरिया समोसढा, तत्थ य एगो सहस्समल्लो सिवभूती नाम, तस्स भज्जा, सा तस्स मायं

---

**વીર** = ચરમ તીર્થાધિપતિ શ્રી વર્ધમાનસ્વામી, **મોક્ષે ગયા** - શાશ્વત સુખના ધામરૂપ પદને પામ્યા પછી છસો નવ વર્ષ પસાર થયા, **તેથી** - કથંચિત્ કારણભૂત એવા તે કાળવિશેષથી, **રથવીરપુરમાં** - આ નામના પોતાના નામથી પ્રસિદ્ધ નગરમાં, **બોટિકોની** = દિગંબર તરીકે પ્રસિદ્ધ નિહ્નવોની **શાખા** = પરંપરા, **ઉત્પન્ન થઈ** = હવે કહેવાય છે તે પ્રસંગથી ઉદ્ભવી. તે આ મુજબ - રથવીરપુર નામનું નગર હતું. ત્યાં દીપક નામનું ઉદ્યાન હતું. ત્યાં આર્યકૃષ્ણાચાર્ય સમોસર્યા. ત્યાં શિવભૂતિ નામનો એક સહસ્રમલ્લ હતો. તેની પત્ની તેની માતાને

वड्ढेइ - तुज्झ पुत्तो दिवसे दिवसे अड्ढरत्ते एइ, अहं जग्गामि, छुहुतिया अच्छामि, ताहे ताए भण्णति - मा दारं देज्जाहि, अहं अज्ज जग्गामि । सा पसुत्ता, इयरा जग्गइ, अड्ढरत्ते आगओ बारं मग्गइ, मायाए अंबाडिओ-जत्थ एयाए वेलाए उग्घाडियाणि दाराणि तत्थ वच्च । सो निग्गओ, मग्गंतेण साहुपडिस्सओ उग्घाडिओ दिट्ठो । वंदित्ता भणति - पव्वावेह मं, ते नेच्छंति, सयं लोओ कओ, ताहे से लिंगं दिण्णं, ते विहरिया । पुणो आगयाणं रण्णा कंबलरयणं से दिण्णं ।

---

ફરિયાદ કરે છે કે, 'તમારો પુત્ર રોજે રોજ અડધી રાતે (ઘરે) આવે છે, હું જાગું છું અને ભૂખી રહું છું.' ત્યારે તે કહે છે, 'તું દરવાજો ખોલતી નહીં. આજે હું જાગુ છું.' તે (પત્ની) સૂઈ ગઈ. બીજી (માતા) જાગે છે. અડધી રાતે આવીને તેનો પુત્ર દરવાજો ખોલવા કહે છે. માતાએ તેને ઠપકો આપ્યો, 'જ્યાં આ સમયે દરવાજા ખુલ્લા હોય, ત્યાં જા.' તે ત્યાંથી નીકળી ગયો. શોધતા શોધતા શ્રમણોનો ઉપાશ્રય ઉઘાડો જોયો. તે વંદન કરીને કહે છે - 'મને દીક્ષા આપો.' શ્રમણો નથી ઈચ્છતા. તેણે પોતે લોચ કર્યો ત્યારે સાધુઓએ તેને વેષ આપ્યો. ત્યાંથી તેમણે વિહાર કર્યો. ફરીથી ત્યાં આવ્યા ત્યારે રાજાએ શિવભૂતિમુનિને રત્નકંબળ વહોરાવી. આચાર્યશ્રીએ કહ્યું

आयरिएणं 'किं एएण जतीणं ? किं गहियं'ति भणिऊण तस्स अणापुच्छाए फालियं निसिज्जाओ य कयाओ । ततो कसाईओ ।

अन्नया जिणकप्पिया वण्णिज्जंति जहा – जिणकप्पिया य दुविहा, पाणीपाया पडिग्गहधरा य । पाउरणमपाउरणा एक्केक्का ते भवे दुविहा – (प्रवचनसारोद्धारे ४९३) इच्चाइ। एत्थंतरे सिवभूइया पुच्छिओ – किमियाणिं एत्तिओ उवही धरिज्जति ? जेण जिणकप्पो न कीरइ । गुरुणा भणियं न तीरइ, सो इयाणिं वोच्छिन्नो । ततो सो भणति – किं

---

કે 'સાધુઓને આનું શું કામ છે ? શા માટે લીધી ?' એમ કહીને તેને પૂછ્યા વિના ફાડીને આસનો કર્યા. તેથી શિવભૂતિ મુનિ ક્રોધિત થયા.

અન્ય કાળે આચાર્યશ્રી વાચનામાં જિનકલ્પિકોનું વર્ણન કરતા હતા. તે આ મુજબ - જિનકલ્પિકો બે પ્રકારના છે. (૧) પાણિપાત્ર (૨) પાત્રધારી. તે પ્રત્યેક બે પ્રકારના છે. (૧) સવસ્ત્ર (૨) નિર્વસ્ત્ર (પ્રવચન-સારોદ્ધાર ૪૯૩) ઈત્યાદિ. એમાં શિવભૂતિએ પૂછ્યું, 'અત્યારે કેમ આટલી ઉપધિ રખાય છે ? જેથી જિનકલ્પ કરાતો નથી.' ગુરુએ કહ્યું, 'ન કરી શકાય. વર્તમાનમાં તેનો વ્યુચ્છેદ થયો છે.' તો તે કહે છે - શાનો વ્યુચ્છેદ

वोच्छिज्जति ? अहं करेमि । सो चेव परलोगत्थिणा कायव्वो, किं उवहिपडिग्गहेण ? परिग्गहसब्भावे कसायमुच्छाभयाइया बहुदोसा, अपरिग्गहत्तं च सुए भणियं, अचेला य जिणिंदा, अतो अचेलया सुंदर त्ति । गुरुणा भणिओ - देहसब्भावे वि कसायमुच्छाइया कस्स वि हवंति, तो देहो वि परिच्चइयव्वो त्ति । अपरिग्गहत्तं च सुते भणियं, धम्मोपकरणे वि मुच्छा न कायव्व त्ति, जिणावि णेगंतेण अचेला, जओ भणियं- सव्वे वि एगदूसेण निग्गया जिणवरा - इत्यादि ( समवायाङ्ग

---

પામે ? હું કરું છું. પરલોકમાં કલ્યાણના ઈચ્છુકોએ જિનકલ્પ જ કરવો જોઈએ. ઉપધિ રાખવાનું શું કામ છે ? પરિગ્રહ હોય, તો કષાય, મૂર્ચ્છા, ભય વગેરે ઘણા દોષો થાય છે. શ્રુતમાં તો અપરિગ્રહપણું કહ્યું છે. જિનેન્દ્રો પણ નિર્વસ્ત્ર હોય છે. માટે દિગંબરપણું સારું છે.

ગુરુએ કહ્યું, 'કોઈને શરીર હોવાથી પણ કષાય, મૂર્ચ્છા વગેરે થાય છે. તો દેહનો પણ ત્યાગ કરવો પડશે. વળી શ્રુતમાં અપરિગ્રહપણું કહ્યું છે, તેનો અર્થ એ જ છે કે ધર્મોપકરણમાં પણ મૂર્ચ્છા ન કરવી. જિનેશ્વરો પણ એકાંતે નિર્વસ્ત્ર હોતા નથી. કારણ કે કહ્યું છે - સર્વે જિનવરો એક વસ્ત્ર (દેવદૂષ્ય) સાથે દીક્ષિત થયા છે. (સમવાયાંગ ૯૭, આવશ્યકનિર્યુક્તિ ૨૨૭)'. આ રીતે

१७, आवश्यकनिर्युक्तौ २२७) । एवं थेरेहिं से कहियं । एवंपि पण्णविओ कम्मोदएण चीवराणि छड्डेत्ता गओ । तस्सुत्तरा भइणी, उज्जाणे ठियस्स वंदिया गया । तं दट्ठूण तीए वि चीवराणि छड्डियाणि । ताहे भिक्खं पविट्ठा, गणियाए दिट्ठा । मा अम्ह लोगो विरज्जिहि त्ति उरे से पोत्ती बद्धा, ताहे सा नेच्छइ । तेण भणियं - अच्छउ एसा, तव देवयाए दिण्णा । तेण य दो सीसा पव्वाविया - कोडिन्नो कोट्टवीरे य, ततो सीसाण परंपराफासो जाओ । एवं बोडिया उप्पण्णा । किञ्च -

---

સ્થવિરોએ તેને કહ્યું. આમ તેને જણાવ્યું હોવા છતાં પણ કર્મોદયથી તે વસ્ત્રોને છોડીને ગયો. તેની બહેન ઉત્તરા (સાધ્વી) હતી. તે ઉદ્યાનમાં રહેલા ભાઈને વંદન કરવા ગઈ. તેને જોઈને તેણે પણ વસ્ત્રો છોડી દીધા. ત્યારે તે ગોચરી માટે નગરમાં પ્રવેશી. એક વેશ્યાએ તેને જોઈ. ‘લોકો અમારાથી વિરક્ત ન થઈ જાય’ તે આશયથી તેણે તે સાધ્વીના ગળે વસ્ત્ર બાંધ્યું. તે સાધ્વી વસ્ત્રને ઈચ્છતી ન હતી. તેના ભાઈએ (શિવભૂતિએ) કહ્યું, ‘આ વસ્ત્ર તને દેવતાએ આપેલું છે, તે ભલે રહ્યું.’ શિવભૂતિએ બે શિષ્યોને દીક્ષા આપી. (૧) કૌડિન્ય (૨) કોટ્ટવીર. પછી શિષ્યોની પરંપરા ચાલી. આ રીતે બોટિકો ઉત્પન્ન થયા. વળી -

**सिरिवीराओ गएसु पणतीसहिएसु**
**तिवरिससएसु (३३५) ॥**
**पढमो कालिगसूरि जाओ सामज्जनामुत्ति ॥३३॥**

**श्रीवीरात्** - श्रीसिद्धार्थराजकुलकेतोरपश्चिमपरमेश्वरात्, **पञ्चत्रिंशदधिकेषु त्रिवर्षशतेषु गतेषु** सत्सु **श्यामार्यनामा इति प्रथमः कालिकसूरिः जातः**, अस्य प्राग्वन् निगोद-स्वरूपनिरूपणवृत्तान्तोऽवगन्तव्यः, यथाह - किलास्मद्वत् सम्प्रति भरते कालकाचार्यो निगोदव्याख्यातेति श्रीसीमन्धरवाचं श्रुत्वा वृद्धविप्ररूपेणेन्द्रः कालकाचार्यपर्श्वे तथैव निगोदव्याख्या-श्रवणादनु निजमायुरपृच्छत् । तैश्च श्रुतोपायोगादिन्द्रोऽसाविति ज्ञातः । भिक्षागतयतीनां स्वागमनज्ञप्त्यै वसतिद्वारं परावृत्त्य स्वस्थानमगमत् । अयं च प्रज्ञापनोपाङ्गकृत् सिद्धान्ते श्रीवीरादन्वेकादशगणभृद्भिः सह त्रयोविंशतितमः पुरुषः श्यामार्य इति व्याख्यातः - इति (**विचारश्रेणौ पृ. ५**) । सिद्धान्तेऽपि

---

**શ્રીવીરથી ત્રણસો પાંત્રીશ વર્ષ ગયા ત્યારે શ્યામાર્ય નામના પ્રથમ કાલિકસૂરિ થયા. ॥૩૩॥**

પૂર્વની જેમ તેમનો નિગોદના સ્વરૂપના નિરૂપણનું વૃત્તાંત સમજવું. તેમણે પ્રજ્ઞાપનાસૂત્રની રચના કરી હતી. સિદ્ધાન્તમાં શ્રીવીર પછી અગિયાર ગણધરો સાથે ત્રેવીશમાં પુરુષ શ્યામાર્ય છે, એમ જણાવ્યું છે. (વિચાર-

- उज्जेनी कालखमणा सागरखमणा सुवन्नभूमीए । इंदो आउयसेसं पुच्छइ सादिव्वकरणं च - इति (**उत्तराध्ययननिर्युक्तौ १२०**) । न च समानवृत्तत्वेनैकस्यैव पूज्यस्य नामान्तरमिदमिति वाच्यम्, जह अज्जरक्खियाणं तहेव जाव सादिव्वकरणं च - इति वृत्तिकारवचनस्य (**उत्तराध्ययननिर्युक्तौ ॥१२०॥ बृहद्वृत्तिः**) तत्पृथग्भावज्ञापकस्य सद्भावात् । श्यामार्यस्य प्रज्ञापनाकारित्व-मन्यत्रापि, यथा - समणाणं निग्गंठाणं णिग्गंठीण य

---

શ્રેણિ પૃ. ૫). સિદ્ધાન્તમાં પણ - ઉજ્જૈની... કાલશ્રમણ સાગરશ્રમણ... સુવર્ણ ભૂમિમાં... ઈન્દ્ર આયુષ્યશેષ પૂછે છે અને ચમત્કારકરણ. (ઉત્તરાધ્યયન-નિર્યુક્તિ ૧૨૦)

**શંકા** - બન્નેનું વૃત્તાંત સમાન છે, માટે શ્રી આર્યરક્ષિતસૂરિજી અને શ્રી કાલિકસૂરિજી એ બન્ને એક જ હશે. એક જ પૂજ્યનું આ બીજું નામ હશે.

**સમાધાન** - ના, કારણ કે ‘જેમ આર્યરક્ષિતનું તે જ રીતે યાવત્ ચમત્કારકરણ આવું વૃત્તિકારનું વચન છે, (ઉત્તરાધ્યયનનિર્યુક્તિ ।।૧૨૦।। બૃહદ્વૃત્તિ) જે તે બન્ને પૂજ્યોનો અલગ અલગ અસ્તિત્વને જણાવે છે. શ્રી શ્યામાચાર્યે પ્રજ્ઞાપનાસૂત્રની રચના કરી હતી, એવું અન્યત્ર પણ જણાવ્યું છે, જેમ કે - શ્રમણ નિર્ગ્રંથો અને

जिणपवयणसुलहबोहट्ठं णं अज्जसामेहिं थेरेहिं य तत्थ पण्णवणा परूविया - इति (हिमवदाचार्यरचितस्थविरावलौ पृ. ८) । ततोऽपि -

**चउसयतिपन्नवरिसे (४५३) कालिगसूरी सरस्सइ गहिया ।**
**छेइत्तु गद्दभिल्लं जवणा सगखाइआ जाया ॥३४॥**

**चतु:शतत्रिपञ्चाशद्वर्षे** श्रीवीरनिर्वाणादिति गम्यते, कालकसूरिणा **सरस्वती गृहीता**, ये पूज्या **गर्दभिल्लं** राजानं **छित्त्वा** - उन्मूल्य, **यवनाः शकखातिकाः** (?) **जाताः**। अत्र चूर्णिकाराः - उज्जेणी णाम नगरी, तत्थ य गद्दभिल्लो

---

નિર્ગ્રંથીઓને જિનપ્રવચનનો બોધ સુલભ થાય, તે માટે સ્થવિર આર્યશ્યામે ત્યાં પ્રજ્ઞાપનાની પ્રરૂપણા કરી. (હિમવંત આચાર્ય રચિત સ્થવિરાવલિ પૃ.૮). પછી પણ -

**ચારસો ત્રેપન વર્ષે કાલિકસૂરિએ સરસ્વતીને ગ્રહણ કરી. ગર્દભિલ્લને છેદીને યવનશક ખાતિકા (?) થયા. ॥૩૪॥**

શ્રી વીરનિર્વાણથી ચારસો ત્રેપન વર્ષે શ્રી કાલિકસૂરિએ સરસ્વતીનું ગ્રહણ કર્યું. જે પૂજ્ય ગર્દભિલ્લ રાજાને છેદીને = ઉખેડીને યવના શકખાતિક (?) થયા.

અહીં ચૂર્ણિકારશ્રીએ આ મુજબ વૃત્તાંત કહ્યો છે - ઉજ્જયિની નામની નગરી હતી. તેમાં ગર્દભિલ્લ નામનો

णाम राया, तत्थ कालगज्जा णाम आयरिया जोतिसणिमित्त-बलिया। ताण भगिणी (अज्जा) रूपवती पढमे वयसि वट्टमाणा गद्दभिल्लेण गहिया । अंतेपुरे छूढा, अज्ज कालगा विण्णवेंति, संघेण य विण्णत्तो ण मुंचति । ताहे रुट्ठो कालगज्जो पइण्णं करेति - जइ गद्दभिल्लं रायाणं रज्जाओ न उम्मूलेमि, तो पवयणसंजमोवघायगाणं तमुवेक्खगाण य गतिं गच्छामि ।

ताहे कालगज्जो कयगेण उम्मत्तलीभूतो तिगचउक्क-

---

રાજા હતો. ત્યાં આર્યકાલક નામના આચાર્ય હતા, જે જ્યોતિષ-નિમિત્તના પ્રબળ જ્ઞાની હતા. તેમના બહેન (સાધ્વી સરસ્વતી) નવયૌવનવંતી અને રૂપવતી હતા. ગર્દભિલ્લ રાજાએ તેમનું અપહરણ કર્યું અને તેમને અંતઃપુરમાં મુક્યા. આર્ય કાલકસૂરિ રાજાને વિજ્ઞપ્તિ કરે છે, સંઘ પણ વિનંતિ કરે છે, પણ રાજા છોડતો નથી. ત્યારે આર્ય કાલકાચાર્ય કુપિત થઈને પ્રતિજ્ઞા કરે છે - 'જો ગર્દભિલ્લ રાજાને રાજ્યથી ઉખેડું નહીં તો પ્રવચન-સંયમનો ઉપઘાત કરનારાઓની અને તેમની ઉપેક્ષા કરનારાઓની ગતિને પામું.'

ત્યારે આર્ય કાલકાચાર્ય કૃત્રિમપણે ઉન્મત્ત થઈને ત્રણ રસ્તા, ચાર રસ્તા, ઘણા રસ્તા ભેગા થતા હોય,

चच्चरमहाजणठाणेसु इमं पलवंतो हिंडति - जइ गद्दभिल्लो राया, तो किमतः परम् ? जइ वा अंतेपुरं रम्मं, तो किमतः परम् ? विसओ जइ वा रम्मो, तो किमतः परम् ? सुणिवेट्ठा पुरी जइ, तो किमतः परम् ? जइ वा जणो सुवेसो, तो किमतः परम् ? जइ वा हिंडामि वो भिक्खं, तो किमतः परम् ? जइ सुण्णे देवकुले वसामि, तो किमतः परम् ?

एवं भामेउं सो कालगज्जो पारसकूलं गतो । तत्थ एगो साहि त्ति राया भण्णति, तं समल्लीणो निमित्तादिएहिं हियं

---

ઘણા લોકોના મેળાવડાનું સ્થાન હોય, ત્યાં આવો પ્રલાપ કરતા ફરે છે - જો ગર્દભિલ્લ રાજા, તો એનાથી વધુ શું ? અથવા તો જો અંતઃપુર સુંદર હોય, તો એનાથી વધુ શું ? અથવા તો જો દેશ રમણીય હોય, તો એનાથી વધુ શું ? જો નગરી સારી ગોઠવણીવાળી હોય, તો એનાથી વધુ શું ? જો લોકો સારા વેષવાળા છે, તો એનાથી વધુ શું ? અથવા તો જો હું તમારી પાસે ભિક્ષા માટે ફરું છું, તો એનાથી વધુ શું ? જો શૂન્ય દેવળમાં રહું છું, તો એનાથી વધુ શું ?

આ રીતે પોતે પાગલ થઈ ગયા છે, એવો લોકોમાં ભ્રમ ઉપજાવીને આર્ય કાલકાચાર્ય પારસકૂળમાં ગયાં. ત્યાં એક 'શાહી' તરીકે સંબોધાતો રાજા છે. તેને આશ્રીને

आउट्टेति । अण्णया तस्स साहाणुसाहिणा परमसामिणा कम्हि वि कारणे रुट्ठेण कट्टारिगा सद्देउं पेसिया, सीसं छिंदाहि त्ति। तं आकोप्पमाणं आयातं पेच्छिऊण सो य विमणो संजातो । अप्पाणं मारिउं ववसिओ । ताहे कालगज्जेण भणितो - मा अप्पाणं मारेह । साहिणा भणियं - परमसामिणा रुट्ठेण एत्थ अच्छिउं ण तीरइ । कालगज्जेण भणियं - एहि हिंदुगदेसं वच्चामो । रण्णा पडिसुयं । तत्तुल्लाण य अण्णेसिं पि पंचाणउतीए साहिणा सुअंकेण (?) कट्टारियाओ सद्देउं पेसियाओ । तेण पुव्विल्लेण दूया पेसिया, मा अप्पाणं मारेह।

---

રહ્યા. નિમિત્ત વગેરે કહીને તેના મનને આકર્ષે છે. અન્ય કાળે તેનો શાહાનુશાહી (શહેનશાહ) પરમ સ્વામી કોઈ કારણથી કુપિત થઈ ગયો. તેણે સંદેશ લખીને કટારી મોકલી. 'પોતાનું માથું કાપી નાખો.' શહેનશાહ ગુસ્સે થઈને આવે છે, એ જોઈને તે રાજા નિરાશ થઈ ગયો. પોતાને મારવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તે સમયે આર્ય કાલિકસૂરિએ કહ્યું, 'આપઘાત ન કરો.' શાહીએ કહ્યું, 'પરમ સ્વામી ગુસ્સે થયા છે, માટે હું અહીં રહી નહીં શકું.' આર્ય કાલકાચાર્યે કહ્યું, 'આવો, આપણે હિંદુકદેશમાં (ભારતમાં) જઈએ. રાજાએ સ્વીકાર્યુ. તેના જેવા બીજા પંચાણુ શાહીઓને પણ સુઅંક વડે (?) સંદેશ આપીને કટારીઓ મોકલી હતી. તેણે તે પંચાણુ રાજાઓને

एहि वच्चामो हिंदुगदेसं । ते छन्नओ पि सुरट्ठमागया, कालो य णवपाउसो वट्टइ । तारिसे काले न तीरइ गंतुं । तत्थ मंडलाइं कया वि विभत्तीऊणं जं कालगज्जो समल्लीणो सो तत्थ अधिवो राया ठवितो । ताहे सगवंसो उप्पण्णो ।

वत्ते य वरिसाकाले कालगज्जेण भणिओ - गद्दभिल्लं रायाणं रोहेमो, ताहे लाडा रायाणो जे गद्दभिल्लेण अवमाणिता, ते मेलिआ अण्णे य । ततो उज्जेणी रोहिता ।

---

પહેલાથી જ દૂતો મોકલીને જણાવ્યું કે, 'આપઘાત ન કરો. આવો, હિંદુકદેશમાં જઈએ.' તે છન્નુ રાજાઓ સૌરાષ્ટ્રમાં આવ્યા. નવા વરસાદનો સમય હતો. તેવા કાલે જવું શક્ય ન હતું. ત્યાં માંડલાઓ કરીને વિભાગો પાડીને રહ્યા. જે રાજાને આશ્રીને આર્ય કાલકાચાર્ય રહ્યા હતા, તે રાજાને બધાના સ્વામી તરીકે સ્થાપ્યો. ત્યારે શકવંશ ઉત્પન્ન થયો.

જયારે વર્ષાકાળ સમાપ્ત થયો, ત્યારે આર્ય કાલકાચાર્યે કહ્યું, 'ગર્દભિલ્લ રાજાને ઘેરીએ.' ત્યારે ગર્દભિલ્લ રાજાએ જેમનું અપમાન કર્યું હતું તેવા લાટ રાજાઓને અને અન્ય રાજાઓને પણ ભેગા કર્યા. પછી ઉજ્જયિનીને ઘેરો ઘાલ્યો.

तस्स य गद्दभिल्लस्स एक्का विज्जा गद्दहिरूवधारिणी अत्थि, सा य एगम्मि अट्टालगे परथलाभिमुहा ठविया । ताहे परमे अवकम्पे गद्दभिल्लो राया अट्ठमभत्तोववासी तं अववारेइ, ताहे सा गद्दभी महंतेण सद्देण णादति । तिरिओ मणुओ वा जो परबलठिओ सद्दं सुणेति, स सव्वो रुहिरं वमंतो भयविब्भलो णट्ठसेणो धरणितलं निवडइ । कालगज्जो य गद्दभिल्लं अट्ठमभत्तोववासिणं सव्वविधाणदक्खाणं अट्ठसतं जोहाण णिरूवेति, जाहे एस गद्दभी मुहं विडंसेति, जाव य सद्दं ण करेति, ताव जमगसमगएण मुहं पूरेज्जा । तेहिं

---

તે ગર્દભિલ્લની એક વિદ્યા હતી જે ગધેડીનું રૂપ ધારણ કરતી હતી. તે એક અટારીમાં ઉપરના ભાગે શત્રુસેનાની સામે રાખી. ત્યારે પરમ અવકલ્પમાં (?) ગર્દભિલ્લ રાજા અઠ્ઠમ તપ કરીને તેનું અપવારણ (?) કરે છે. ત્યારે તે ગધેડી મોટા શબ્દથી અવાજ કરે છે. શત્રુસૈન્યમાં રહેલો જે પણ તિર્યંચ કે મનુષ્ય તેના શબ્દને સાંભળે, તે સર્વ લોહી વમતો, ભયથી વિહ્વળ થઈને, નષ્ટ થયેલ સૈન્યવાળો ધરતીતળ પર પડે. આર્ય કાલકાચાર્ય સર્વવિધાનમાં નિપુણ એવા એકસો આઠ યોદ્ધાઓને અઠ્ઠમ તપ કરનાર ગર્દભિલ્લનું સ્વરૂપ કહે છે. અને જણાવે છે, કે જ્યારે આ ગધેડી મોઢુ ખોલે અને જ્યાં સુધી હજી શબ્દ ન કરે, ત્યાં સુધીમાં એક સાથે

पुरिसेहिं तहेव कयं ताहे सा वाणमंतरी तस्स गद्दभिल्लस्स उवरिं हगिउं मुत्तेउं बलहीणं कयं (?) ताहे सो वि गद्दभिल्लो अबलो उम्मूलिओ, गहिया उज्जेणी, भगिणी पुणरवि संजमे ठविया - इति (**निशीथचूर्णौ ॥ दशमोद्देशके ॥**) ततोऽपि -

**चउसयसत्तरिवासे तत्वं(व्वं)सं छेइऊण पुण काले ।**
**जाओ विक्कमराया पुहवी जेणूरणी विहिया ॥३५॥**

**चतुःशतसप्ततिवर्षे** - श्रीवीरनिर्वाणात्सप्तत्युत्तरशत-चतुष्टयसंवत्सरप्रमाणे **काले** - समये, **पुनस्तद्वंशम्** -

---

તેનું મુખ (બાણોથી) પૂરી દેજો. તે પુરુષોએ તેમ જ કર્યું. ત્યારે તે વાણમંતરી તે ગર્દભિલ્લની ઉપર વિષ્ટા-મૂત્ર કરીને તેને નિર્બળ કરીને ગઈ. ત્યારે નિર્બળ થયેલા તે ગર્દભિલ્લ રાજાનું ઉન્મૂલન કર્યું. ઉજ્જયિની (જીતી) લીધી. બહેન(સાધ્વીજી)ને ફરીથી સંયમમાં સ્થાપિત કરી. (નિશીથ-ચૂર્ણિ દશમો ઉદ્દેશો). પછી પણ -

**ચારસો સિત્તેર વર્ષ થયા, તે કાળે તેના વંશને છેદીને ફરીથી વિક્રમ રાજા થયો. જેણે પૃથ્વીને ઋણમુક્ત કરી. ॥૩૫॥**

**ચારસો સિત્તેર વર્ષે** - શ્રીવીરનિર્વાણથી ચારસો સિત્તેર વર્ષ પસાર થયા, તે **કાળે** = સમયે, **ફરી તેના વંશને** =

अवन्त्यधिष्ठायकानां शकानां कुलम्, **छित्त्वा** - उन्मूल्य, **विक्रमराजा** - विक्रमादित्यतया प्रसिद्धो नृपः, **जातः** - नृपपर्याये परिणतः । **येन पृथ्वी अनृणी विहिता**, उक्तञ्च - मह मुक्खगमणाओ पालयनंदचंदगुत्ताइराइसु वोलीणेसु चउसयसत्तरेहिं विक्कमाइच्चो राया होही । तत्थ सट्ठिवरिसाण पालगस्स रज्जं, पणपण्णसयं नंदाणं, अट्ठोत्तरं सयं मोरियवंसाणं, तीसं दूसमित्तस्स, सट्ठी बलमित्तभाणूमित्ताणं, बालीसं नरवाहणस्स, तेरस गद्दभिल्लस्स, चत्तारि (स)गस्स, तओ विक्कमाइच्चो । सो साहिअसुवण्णपुरिसो पुहविं अरिणं

---

અવંતિને જીતી લેનારા શક રાજાઓના કુળને, **છેદીને** = ઉખેડીને, **વિક્રમરાજા** = વિક્રમાદિત્ય તરીકે પ્રસિદ્ધ રાજા, **થયો** = રાજારૂપી પર્યાયમાં પરિણત થયો. **જેણે ધરતીને ઋણમાંથી મુક્ત કરી.** કહ્યું પણ છે - મારા મોક્ષગમન પછી પાલક, નંદ, ચંદ્રગુપ્ત વગેરે રાજાઓના ગયા બાદ ચારસો સિત્તેર વર્ષે વિક્રમાદિત્ય રાજા થશે. તેમાં સાઈઠ વર્ષ પાલકનું રાજ્ય, એકસો પંચાવન વર્ષ નંદોનું, એકસો આઠ વર્ષ મૌર્ય વંશના રાજાઓનું, ત્રીશ વર્ષ દુષ્યમિત્રનું, સાઈઠ વર્ષ બલમિત્ર-ભાનુમિત્રનું બેતાલીશ વર્ષ નરવાહનનું, તેર વર્ષ ગર્દભિલ્લનું, ચાર વર્ષ શકનું, પછી વિક્રમાદિત્ય રાજા થશે. તે સુવર્ણપુરુષને સાધીને પૃથ્વીને

काउं नियसंवच्छरं पवत्तेही - इति (**तीर्थकल्पे २०**) । अन्यत्रापि - चिहुसयसत्तरिवरिसे वीराओ विक्कमो जाओ - इति (**रत्नसञ्चये २७३**) ।

**तत्तो पुण पणतीसे, वाससए नरवइ सगो आसी ।**
**जेणं सागो उ कओ, ततो पासंगिओ इणमो ॥३६॥**

**ततः पुनः पञ्चत्रिंशति वर्षशते** - विक्रमनृपसत्कसमयात्पञ्चत्रिंशदधिकशततमे संवत्सरे, श्रीवीरनिर्वाणात्पञ्चोत्तरषट्शततमे वर्ष इत्यर्थः, **शको नरपतिरासीत्** - शकनामा नृपतिरभवत्, **येन त्वेष प्रासङ्गिकस्तस्मात्** कालात् **शाकः** संवत्सरः **कृतः** - प्रवर्त्तितः । तथा चोक्तम् - श्रीवीर-

---

ઋણરહિત કરીને પોતાની સંવત્ ચલાવશે. (તીર્થકલ્પ ૨૦)

અન્યત્ર પણ કહ્યું છે - વીરથી ચારસો સિત્તેર વર્ષે વિક્રમ થયો. (રત્નસંચય ૨૭૩)

**પછી વળી એકસો પાત્રીશ વર્ષે શક રાજા થયો. જેણે તેથી પ્રાસંગિક આ શાક (સંવત્સર) કર્યો. ॥૩૬॥**

**ત્યાર પછી વળી એકસો પાંત્રીશ વર્ષે** = વિક્રમ રાજાના સમયથી એકસો પાંત્રીશમાં વર્ષે, અર્થાત્ શ્રી વીરનિર્વાણથી છસો પાંચ વર્ષે, **શક રાજા હતો, જેણે તો પ્રસંગોપાત તે** કાળથી **શાક** સંવત્ **કરી** = પ્રવર્તાવી.

निर्वृतेर्वर्षैः षड्भिः पञ्चोत्तरैः शतैः । शाकसंवत्सरस्यैषा, प्रवृत्तिर्भारतेऽभवत् - इति (**उद्धृतं विचारश्रेणौ तपागच्छपट्टावलौ च**) । किञ्च -

**तेणउअनवसएहिं, समइक्कंतेहिं वद्धमाणाओ ।**
**पज्जोसवणचउत्थी कालयसुरीहि तो ठविया ॥३७॥**

वर्द्धमानात्, त्रिशलानन्दनपरमेश्वरात्, **त्रिनवत्य**धिक-**नवशतैः** संवत्सरैः **समतिक्रान्तैः**, सप्तम्यर्थे तृतीया, एतावत्सु वर्षेषु गतेषु सत्स्वित्यर्थः, ततः **कालकसूरिभिः पर्युषणा-चतुर्थी स्थापिता** । अत्र सम्प्रदायः - महाविभूइए पविट्ठो

---

તેમ કહ્યું પણ છે - શ્રીવીરના નિર્વાણથી છસો પાંચ વર્ષ ગયા, ત્યારે શાક સંવત્સરની આ પ્રવૃત્તિ ભારતમાં થઈ. (વિચારશ્રેણિ અને તપાગચ્છ પટ્ટાવલિમાં ઉદ્ધરણ). વળી -

**વર્દ્ધમાનથી નવસો ત્રાણું વર્ષ પસાર થયા ત્યારે કાલકસૂરિએ પર્યુષણાચતુર્થી સ્થાપી. ॥૩૭॥**

**વર્દ્ધમાનથી** = ત્રિશલાનંદન પરમેશ્વરથી, **નવસો ત્રાણુ વર્ષ** પસાર થયા, અર્થાત્ આટલા વર્ષો ગયા, પછી કાલકસૂરિએ **પર્યુષણાચતુર્થી સ્થાપી.** અહીં આ પ્રમાણે ગુરુપરંપરાગત વૃત્તાન્ત છે - કાલકસૂરિનો મોટા

कालगज्जो । पविट्ठेहिं य भणियं, भद्दवयसुदपंचमीए पज्जोसविज्जति । समणसंघेण य पडिवन्नं । ताहे रन्ना भणियं, तद्दिवसं मम लोगाणुवित्तीए इंदो (इंदमहो) अणुजाणेयव्वो होहिति । साहू चेइए ण पज्जुवासेस्सं, तो छट्ठीए पज्जोसवणा किज्जउ । आयरिएण भणियं - ण वट्टइ अइक्कमेउं । ताहे रन्ना भणियं - तो अणागयाए चउत्थीए पज्जोसविज्जउ । आयारिएण भणियं - एवं भवउ । ताहे चउत्थीए पज्जोसवितं । एवं जुगप्पहाणेहिं कारणिआ चउत्थी पवत्तिआ, सा चेव अणुमया सव्वसाहूणं - इति ( निशीथचूर्णौ ॥

---

વૈભવપૂર્વક પ્રવેશ થયો. પ્રવેશ બાદ તેમણે કહ્યું, 'ભાદરવા સુદ પાંચમે પર્યુષણા કરાય છે.' શ્રમણસંઘે સ્વીકાર્યું. ત્યારે રાજાએ કહ્યું, 'તે દિવસે મારે લોકોને અનુસરીને ઈન્દ્રમહોત્સવ ઉજવવાનો થશે. તેથી હું સારી રીતે ચૈત્યોની ઉપાસના નહીં કરી શકું. માટે છઠ્ઠના દિવસે પર્યુષણા કરો.' આચાર્યે કહ્યું - 'પાંચમને ઓળંગાય નહીં.' તો રાજાએ કહ્યું, 'તો પછી અનાગત ચોથે પર્યુષણા કરો.' આચાર્યે કહ્યું 'ભલે એમ થાઓ.' ત્યારે ચોથે પર્યુષણા કરી. આ રીતે યુગપ્રધાનશ્રીએ કારણને લીધે ચોથની પ્રવર્ત્તના કરી. તે જ સર્વ સાધુઓને અનુમત છે. (નિશીથચૂર્ણિ ઉદ્દેશ-૧૦)

दशमोद्देशके ॥) । किञ्च -

**वीसहिदिणेहि कप्पो, पंचगहाणी य कप्पठवणा य ।**
**नवसयतेणऊएहिं वुच्छिन्ना संघआणाए ॥३८॥**

**विंशतिदिनैः कल्पः, पञ्चकहानिश्च कल्पस्थापना च, नवशतत्रिनवतिभिः सङ्घाज्ञया व्युच्छिन्नाः ।**

अत्र सिद्धान्तः - पज्जोसविते सवीसतिरायस्स मासस्स आरतो जति गिहत्था पुच्छंति - तुब्भे अज्जो वासारत्तं ठिता अध नो ताव ठाध, एवं पुच्छितेहिं जति अभिवड्ढितसंवत्सरे जत्थ असि(धि)मासतो पडति, तो आसाढपुन्निमाओ वीसतिराते गते भन्नति वि ठामोत्ति, आरतो न कप्पति वोत्तुं ठितामो ति । अध इतरे तिन्नि चंदसंवत्सरा, तेसु सवीसतिराते मासे गते भन्नति ठिता मो त्ति । आरतो न कप्पति वोत्तुं ठिता मो त्ति । किं कारणं ? कताइ असिवादीनि कारणानि उप्पज्जेज्जा, जेहिं निग्गमनं होज्ज । ताहे गिहत्था मन्नेज्ज, न किंचि एते जाणंति, मुसावातं वा उल्लावंति, जेणं ठितामो त्ति भणित्ता निग्गता । अहवा वाहं न सुट्ठु आरद्धं, तेन लोगो

---

વળી -

**વીશ દિવસે કલ્પ, પંચકહાનિ અને કલ્પસ્થાપના નવસો ત્રાણું વર્ષે સંઘની આજ્ઞાથી વિચ્છેદ પામ્યા. ॥૩૮॥**

भीतो वन्नं झंपितुं ठितो, साहूहिं भणितं ठियामोत्ति जाणंति एते, वरिसस्सति तो सुयामो धन्नं विक्किणामो, अधिकरणं घराणि य च्छएत्ति, हलादीण य संठप्पं करेंति । जम्हा एते दोसा, तम्हा वीसतिराते अगते सवीसतिराते वा मासे अगते न कप्पति वोत्तुं ठिता मो त्ति । **एत्थ तु पनगं पनगं कारणियं जा सवीसतीमासो । सुद्धदसमीट्ठियाण व आसाढीपुन्निमोसरणं** ॥ (दशाश्रुतस्कन्धनिर्युक्तौ ७०) - आसाढपुन्निमाए ठिताणं जति तणडगलादीणि गहियाणि पज्जोसवणा कप्पो य कथितो तो सावणबहुलपंचमीए पज्जोसवेति । असति खेत्ते सावणबहुलदसमीए । असति खेत्ते सावणबहुलस्स पन्नरसीए एवं पंच पंच ओसारेंतेण जाव असति भद्दवय-सुद्धपंचमीए' । अतो परेणं न वट्टति अतिकमेतुं, आसाढ-पुन्निमातो आढत्तं मग्गंताणं जाव भद्दवयाजोण्हपंचमीए एत्थंतरे जति न लद्धं, ताहे जति रुक्खहेट्ठे ठितो वि पज्जोसवेतव्वं। एतेसु पव्वेसु जधालंभे पज्जोसवेयव्वं अप्पव्वे न वट्टति । जत्थ आसाढ मासकप्पो कतो, तं च क्खेत्तं वासावासपाउग्गं, अन्नं च खेत्तं नत्थि वासावासपाउग्गं। अथवा अब्भासे चेव अन्नं खेत्तं, वासावासपाउग्गं सव्वं च पडिपुन्नं, संथारडगलगादीय भूमी य वद्धवासं च गाढं अनोरयं आढत्तं, ताहे आसाढपुन्निमाए चेव पज्जोसविज्जति ।

एवं पंचाहपरिहाणिमधिकृत्योच्यते - **इय सत्तरी जहन्ना असीति नउती दसुत्तरसयं च । जइ वासति मग्गसिरे दस राया तिन्नि उक्कोसा ॥** (दशाश्रुतस्कन्धनिर्युक्तौ ७१) - जे आसाढचाउमासियातो सवीसतिराते मासे गते पज्जोसवेंति, तेसिं सत्तरीदिवसा जहन्नतो जेट्ठोग्गहो भवति । कहं पुन सत्तरी ? चउण्हं मासाणं सवीसं दिवससतं भवति, ततो सवीसतिरातो मासो पन्नासं दिवसा सोधिता, सेसा सत्तरि दिवसा । जे भद्दवयबहुलस्स दसमीए पज्जोसविंति, ततो सवीसति मासो पन्नासं दिवसा सोधिता सेसा सत्तरि दिवसा। जे भद्दवयबहुलस्स दसमीए पज्जोसवेंति, तेसिं असीति दिवसा जेट्ठोग्गहो, जे सावणपुन्निमाए पज्जोसविंति, तेसिं नंनउत्ति दिवसा मज्झि जेट्ठोग्गहो, जे सावणबहुलदसमीए ठिता, तेसिं दसुत्तरं दिवससतं जेट्ठोग्गहो, एवमादीहिं पगारेहिं वरिसारत्तं एगखेत्ते अच्छित्ता कत्तियचाउम्मासिए निग्गंतव्वं । अथ वासो न ओरमति तो मग्गसिरे मासे जद्दिवसं पक्कमट्टियं जातं, तद्दिवसं चेव निग्गंतव्वं, उक्कोसेण तिन्नि दस राया न निग्गच्छेज्जा । मग्गसिरपुन्निमाए परेण जइ विप्लवंतेहिं तहवि निग्गंतव्वं - इति (दशाश्रुतस्कन्धनिर्युक्तौ ॥६८-७१॥ चूर्णौ)।

कल्पस्थापना तद्व्युच्छेदश्च बहुश्रुतेभ्यः परिभावनीयौ । प्रकृतायां पर्युषणाचतुर्थ्यां सङ्घपारतन्त्र्यं प्रज्ञापयन्नाह –

**सालाहाणेण रन्ना संघाएसेण कारिओ भयवं ।**
**पज्जोसवणचउत्थी चाउमासं चउदसीए ॥३९॥**

**सङ्घादेशेन** – तीर्थकरवन्दनीयश्रीसङ्घानुज्ञया, **शालाहानेन** – सातवाहनापराभिधानेन शालिवाहनेन **राज्ञा** – भूपालेन, **भगवान्** – श्रीकालकसूरिः, **पर्युषणाचतुर्थी चातुर्मासं** च **चतुर्दश्यां कारितः** । अतः –

---

છેદસૂત્રગતસામાચારીનો આ વિષય છે, તે બહુશ્રુત મહાત્મા પાસેથી જાણી શકાય. પ્રસ્તુત પર્યુષણાચતુર્થીની બાબતમાં સંઘનું પારતન્ત્ર્ય જણાવતા કહે છે -

**શાલાહન રાજાએ સંઘના આદેશથી ભગવંત પાસે પર્યુષણાચતુર્થી કરાવી ચૌદશે ચાતુર્માસ (કરાવ્યું). ॥૩૯॥**

**સંઘના આદેશથી** = તીર્થંકરને પણ વંદનીય એવા શ્રીસંઘની અનુજ્ઞાથી, **શાલાહાન** - સાતવાહન એવા બીજા નામવાળા શાલિવાહન રાજાએ, **ભગવાન** - શ્રીકાલિકસૂરિ પાસે પર્યુષણાચતુર્થી કરાવી અને ચૌદશે ચાતુર્માસ (ચૌમાસીની આરાધના) કરાવ્યું. માટે -

**चउमासगपडिकमणं पक्खियदिवसंमि चउव्विहो संघो ।**
**नवसयतेणउएहिं आयरणं तं पमाणंति ॥४०॥**

**चतुर्मासकप्रतिक्रमणं पाक्षिकदिवसे चतुर्विधः सङ्घः** कुरुते, **नवशतत्रिनवतिभिस्तदाचरणं** गीतार्थाः **प्रमाणयन्ति ।** किञ्च -

**वीराओ पुव्वगयं सव्वंगगयं सहस्सवरिसेण ।**
**कालकमेण य हाणी दूसमसमयाणुभावेण ॥४१॥**

**वीरात्** - श्रीवर्द्धमानस्वामिनः परिनिर्वृतात्, **सर्वाङ्ग-गतम्** - आचारादिविपाकश्रुतपर्यन्तैकादशाङ्गार्थानुविद्धम्,

---

**ચતુર્વિધ સંઘ પાક્ષિકદિવસે ચાતુર્માસક પ્રતિક્રમણ કરે છે. નવસો ત્રાણુ વર્ષે (ગીતાર્થો) તે આચરણાને પ્રમાણ કરે છે. ॥૪૦॥**

વળી -

**વીરથી એક હજાર વર્ષે સર્વાંગગત પૂર્વગત દુષમસમયના પ્રભાવે કાળક્રમે હાનિ (પામ્યું.) ॥૪૧॥**

**વીરથી** - શ્રીવર્ધમાનસ્વામિના નિર્વાણથી, **સર્વાંગગત** = આચારાંગથી માંડીને વિપાકસૂત્ર સુધીના અગિયાર અંગોના અર્થથી યુક્ત, પૂર્વો = દૃષ્ટિવાદ અંગના અમુક

पूर्वाणि - दृष्टिवादाङ्गभागभूतानि, तेषु गतम् - प्रविष्टम् - तदभ्यन्तरीभूतं यच्छ्रुतं तत् - **पूर्वगतम्, सहस्रवर्षेण,** संवत्सरसहस्रे गते सतीत्यर्थः, **दुषमसमयानुभावेन** - अवसर्पणप्रकर्षप्रकृतिपञ्चमारप्रभावेण, **कालक्रमेण च** कथञ्चिद्धेतुभूतेन **हानिः,** पदैकदेशे पदसमुदायोपचाराद्धानिभाग् बभूवेति भावः । अभिहितं च-वोलीणम्मि सहस्से वरिसाणं वीरमोक्खगमणाओ । उत्तरवायगवसभे पुव्वगयस्सा भवे छेदो ॥ वरिससहस्से पुण्णे तित्थोगालीए वड्ढमाणस्स । नासीही पुव्वगतं अणुपरिवाडीए जं जस्स - इति (**तीर्थोद्गालौ ८०९,**

---

ભાગ, તેમાં ગયેલું = પ્રવેશેલું = તેની અંદર રહેલું જે શ્રુત તે **પૂર્વગત, એક હજાર વર્ષ પસાર થયે દુઃષમ સમયના પ્રભાવે** = બુદ્ધિ વગેરેની અત્યંત હાનિ કરવાનો જેનો સ્વભાવ છે, એવા પાંચમા આરાના પ્રભાવે **અને** કથંચિત્ કારણરૂપ એવા **કાળક્રમથી હાનિ**, એક પદમાં પદના સમુદાયના ઉપચારથી, 'હાનિવાળુ થયું' એવો અહીં ભાવ છે.

કહ્યું પણ છે - શ્રીવીરના મોક્ષગમનથી એક હજાર વર્ષ ગયા પછી ઉત્તરવાચકવૃષભમાં પૂર્વગતનો છેદ થશે. શ્રીવર્ધમાનની તીર્થોદ્ગાલિમાં એક હજાર વર્ષ પૂર્ણ થતાં અનુક્રમથી જેનું જે પૂર્વગત શ્રુત હશે, તેનો નાશ થશે.

८१०) । किञ्च -

**वीरा वयरो वासाण पणसय दसमएहिं हरिभद्दो ।**
**तेरसय बप्पभट्टो अडसय पणयाल वलहिखओ ॥४२॥**

**वीराद् वर्षाणां पञ्चशते** पञ्चशतेषु वर्षेषु समतिक्रान्तेषु सस्त्वित्यर्थः, **वज्रः** - वज्रस्वामी बभूव, एतच्च प्रागुक्तमेव, तथा **दशमकैः**, श्रीवीरनिर्वाणाद्दशशतेषु वर्षेष्वतीतेषु सत्स्विति भावः, **हरिभद्रः** - याकिनीमहत्तराधर्मसूनुराचार्यवर्यश्रीहरिभद्रसूरिः सञ्जातः, तद्वृत्तं च वक्ष्यते, तथा **त्रयोदश** - त्रयोदशशतेषु संवत्सरेषु गतेषु, **बप्पभट्टः** - आमराज-

---

(તીર્થોદ્ગાલિ ૮૦૯, ૮૧૦). વળી -

**વીરથી પાંચસો વર્ષે વજ્ર, હજાર વર્ષે હરિભદ્ર, તેરસો વર્ષે બપ્પભટ્ટ, આઠસો પિસ્તાલીશ વર્ષે વલભીક્ષય (થયો.) ॥૪૨॥**

શ્રી મહાવીરસ્વામિના નિર્વાણ બાદ પાંચસો વર્ષે વજ્ર = વજ્રસ્વામી થયા, એ પૂર્વે કહ્યું જ છે, તથા શ્રી વીરનિર્વાણથી સો વર્ષ પસાર થયા ત્યારે **હરિભદ્ર** = ધર્મથી યાકિની મહત્તરાના પુત્ર આચાર્યવર્ય શ્રી હરિભદ્રસૂરિ થયા, તેમનું વૃત્તાંત આગળ કહેવાશે. તથા તેર = તેરસો વર્ષ ગયા બાદ **બપ્પભટ્ટ** = આમરાજા-

प्रतिबोधकः सरस्वतीप्रसादपात्रमाचार्यवर्यश्रीबप्पभट्टिसूरिरजनि, तद्वृत्तमप्यग्रे वक्ष्यते । **पञ्चचत्वारिंशदुत्तराष्टशतेषु** वर्षेषु गतेषु **वल्लभीक्षयः** - वल्लभीपुरविनाशो म्लेच्छविहितो बभूव, एतदेवाह -

**अट्ठसए पणयाले सिरिवीराओ गयंमि कालंमि ।**
**वलहीनयरसातो[१] संजाओ मिच्छसंजणिओ ॥४३॥**

उक्तार्थम् । अत्र सम्प्रदायः - काकुनामाऽऽभीरपुत्रः समागतो वल्लभीपुरे । स च सिद्धरसचित्रवल्ल्यनुभावेन श्रेष्ठी

---

પ્રતિબોધક, સરસ્વતી માતાના કૃપાપાત્ર આચાર્યવર્ય શ્રી બપ્પભટ્ટસૂરિ થયા. તેમનો વૃત્તાંત પણ આગળ કહેવાશે.

**આઠસો પિસ્તાલીશ** વર્ષ જતા **વલભીક્ષય** = મ્લેચ્છો દ્વારા કરાયેલો વલભીપુરનો વિનાશ થયો. એ જ કહે છે -

**શ્રીવીરથી આઠસો પિસ્તાલીશ (વર્ષનો) કાળ ગયો, ત્યારે મ્લેચ્છો દ્વારા વલભીપુરનો વિનાશ થયો. ॥૪૩॥**

આનો અર્થ હમણા કહ્યો છે. અહીં ગુરુપરંપરાથી આવેલ આ પ્રમાણે વૃત્તાંત છે -

કાકુ નામનો એક ભરવાડપુત્ર વલભીપુરમાં આવ્યો.

---

१. शातः - विनाशः, प्रत्यन्तरे - भ्रंतो ।

बभूव । तत्सुतासत्को रत्नालङ्कृतः केशमार्जनः पृथ्वीपतिना बलाद् गृहीतः । तद्वैरेणासौ कोटिसुवर्णव्ययेन म्लेच्छदेशाच्छकानाहूय वल्लभीं व्यनाशयत् । ततोऽपि सिन्धस्थलीयोन्मार्गनयनेन शकसैन्यमपि क्षयं प्रापयदिति । तदा च वैक्रमं पञ्चसप्तत्युत्तरत्रिशततममब्दमभवत्, तथा चोक्तम्-
पणसयरी वासाइं तिन्निसयसमन्नियाइं अक्कमिउं । विक्कमकालाओ तओ वलभीभंगो समुप्पन्नो - इति । किञ्च-

**पणपण्णुवाससमहिवाससहस्से जिणाओ वीराओ ।**
**हरिभद्दसूरिसूरो अत्थमिओ दिसउ सिवसुक्खं ॥४४॥**

---

તે સિદ્ધરસ અને ચિત્રાવેલીના પ્રભાવે શ્રીમંત થયો. તેની દીકરીનો રત્નજડિત કાંસકો હતો, તે રાજાએ પરાણે આંચકી લીધો. તેના વેરથી તેણે કોટિસુવર્ણનો વ્યય કરી મ્લેચ્છ દેશથી શકોને બોલાવી વલભીપુરનો વિનાશ કરાવ્યો. ત્યાર પછી પણ સિંધના રણના ખોટા રસ્તે લઈ જઈ શકસૈન્યનો પણ વિનાશ કર્યો. ત્યારે વિક્રમનું ત્રણસો પંચોતેરમુ વર્ષ હતું. કહ્યું પણ છે - વિક્રમકાળથી ૩૭૫ વર્ષ પસાર થયા બાદ વલભીપુરનો ભંગ થયો.

વળી -

**વીરજિનથી એક હજાર પંચાવન વર્ષે આથમેલ હરિભદ્રસૂરિરૂપી સૂર્ય શિવસુખ આપો. ॥૪૪॥**

**वीराज्जिनात् पञ्चपञ्चाशत्समधिकवर्षसहस्त्रे** गते सति **हरिभद्रसूरिसूरः** - भव्यपङ्कजवनप्रबोधनप्रभाकरप्रभः श्रीहरिभद्रसूरिः, **अस्तमितः** - आयुःसमाप्तिलक्षणमस्ताचलं प्राप्तः, स **शिवसुखम्** - एकान्तिकात्यन्तिकत्वेन स्पृहणीयं मोक्षसौख्यम्, **दिशतु** - तदवाप्त्यध्वनिर्देशनेन निर्दर्शयतु । उक्तञ्च - श्रीवीरमोक्षात् दशभिः शतैः पञ्चपञ्चाशदधिकैः (१०५५) श्रीहरिभद्रसूरेः स्वर्गः - इति (**विचारश्रेणौ पृ. ७**)। एतदेव वैक्रमाब्दमधिकृत्याह -

---

મહાવીરસ્વામિના નિર્વાણથી એક હજાર ને પંચાવન વર્ષ પસાર થયા ત્યારે **હરિભદ્રસૂરિસૂર્ય** = ભવ્ય જીવોરૂપી કમળવનને વિકસિત કરવામાં સૂર્યસમાન તેજસ્વી શ્રી હરિભદ્રસૂરિ, આથમ્યા = આયુષ્યની સમાપ્તિરૂપ અસ્તાચળે પહોંચ્યા. તેઓ **શિવસુખ** = એકાંતિક અને આત્યંતિક હોવાથી સ્પૃહણીય એવું મોક્ષસુખ, **દેખાડે** = તેની પ્રાપ્તિના માર્ગનો નિર્દેશ કરવા દ્વારા બતાવે. કહ્યું પણ છે - શ્રીવીરના મોક્ષથી એક હજાર પંચાવન વર્ષે શ્રીહરિભદ્રસૂરિ સ્વર્ગે ગયા. (વિચારશ્રેણિ પૃ. ૭). આ જ વાત વિક્રમ સંવત્‌ને આશ્રીને કહે છે -

**तहय पंचसए पणसीए**
**विक्कमकालाओ झत्ति अत्थमिओ ।**
**हरिभद्दसूरिसूरो तिव्व(धम्म)रओ सिवसुक्खं ॥४५॥**

सुगमम् । अभिहितं च - पंचसए पणसीए विक्कम-कालाओ झत्ति अत्थमिओ । हरिभद्दसूरिसूरो भवियाणं दिसउ कल्लाणं - इति ।

तद्वृत्तं चैवम् - चित्रकूटनगरे हरिभद्रो नाम विद्या-गर्वाध्मातो ब्राह्मण आसीत् । स च यद्वाक्यं नाहं बोद्धुं शक्नुयां तस्य शिष्यः स्यामितिकृतप्रतिज्ञः 'चक्किजुगं हरिपणगं,

---

**તથા વિક્રમકાળથી પાંચસો પંચ્યાશી વર્ષે શીઘ્ર આથમેલા ધર્મરત હરિભદ્રસૂરિસૂર્ય શિવસુખનો નિર્દેશ કરો. ॥૪૫॥**

સુગમ છે. અન્યત્ર પણ કહ્યું છે... (ઉપરોક્તાનુસારે સમજવું.)

તેમનું વૃત્તાન્ત આ પ્રમાણે છે - ચિત્તોડ નગરમાં હરિભદ્ર નામનો બ્રાહ્મણ હતો. તે વિદ્યાના ગર્વથી ફૂલાયેલો હતો. તેણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે 'હું જેનું વાક્ય ન સમજી શકું, તેનો શિષ્ય થાઉં.' એકવાર તેણે

पणगं चक्कीण केसवो चक्की । केसव चक्की केसव, दुचक्की केसी य चक्की य' – इति गाथां भणन्तीं याकिनीं नाम महत्तरिकां तदर्थपरिज्ञानाय पृष्टवान्, सा च तं स्वाचार्यपार्श्वे नीत्वाऽदीक्षयत् । तत्र सोऽखिलं समयमध्यगमत् । हंसपरमहंसनामानौ च शिष्यावदीक्षयत् । तौ च प्रमाण-शास्त्राधिजिगांसया बौद्धेषु गतौ, तत्र जैनाविति ज्ञातौ मारितौ। ततः क्रुद्धेन हरिभद्रसूरिणा अग्नावाहोतुं सपरिवारो बौद्धाचार्य

---

યાકિની નામના મહત્તરાના મુખે એક ગાથા સાંભળી - બે ચક્રી, પાંચ વાસુદેવ, પાંચ ચક્રી, વાસુદેવ, ચક્રી, વાસુદેવ, ચક્રી, વાસુદેવ, બે ચક્રી, વાસુદેવ અને ચક્રી. (૧૨ ચક્રવર્તી અને નવ વાસુદેવો જે ક્રમથી થાય છે, તેનું આ ગાથામાં વર્ણન છે.) હરિભદ્ર બ્રાહ્મણે મહત્તરાને આ ગાથાનો અર્થ જાણવા માટે પૂછ્યું. તેમણે પોતાના આચાર્ય પાસે લઈ જઈ તેમને દીક્ષા અપાવી. ત્યાં (ગુરુ પાસે) તેમણે સર્વ સિદ્ધાન્તનું અધ્યયન કર્યું. હંસ અને પરમહંસ નામના શિષ્યોને દીક્ષા આપી. તે શિષ્યો પ્રમાણશાસ્ત્ર ભણવા માટે બૌદ્ધો પાસે ગયા. ત્યાં તેઓ જૈન છે, એમ ઓળખાતા મારી નખાયા. તેથી ગુસ્સે થયેલા હરિભદ્રસૂરિજી મંત્રબળથી સપરિવાર બૌદ્ધાચાર્યને

आकृष्टः । ततो गुरुणाऽनुकम्पया मोचितः । तदनुहरिभद्रसूरिश्चतुर्दशशतानि प्रबन्धानां चकारेति । तथा -

**सिरिवीराओ तेरससएसु तह बारवरिसअहिएसु ।**
**सिरिबप्पभट्टिसूरि निवपुज्जो कालकुज्जंमि ॥४६॥**

**तथा श्रीवीरात्** - चरमतीर्थपति - ज्ञातकुलनभोनभोमणिश्रीवर्द्धमानस्वामिनः, **द्वादशवर्षाधिकेषु त्रयोदश - शतेषु, कालकुब्जे**-पाश्चात्याध्वनि कनोजनाम्ना ख्याते नगरे, **नृपपूज्यः** - आमराजधर्मनृपतिभोजभूपालवन्दनीयः, **श्रीबप्प**-

---

અગ્નિમાં હોમી દેવા માટે ખેંચી લાવ્યા. પછી હરિભદ્રસૂરિજીના ગુરુએ અનુકંપાથી તેમને છોડાવ્યા. પછી હરિભદ્રસૂરિજીએ ચૌદસો પ્રબંધોની રચના કરી. તથા -

**શ્રી વીરથી તેરસો બાર વર્ષે કાલકુબ્જમાં રાજપૂજ્ય શ્રી બપ્પભટ્ટિસૂરિ થયા. ॥૪૬॥**

**તથા શ્રીવીરથી** = ચરમ તીર્થપતિ જ્ઞાતકુળગગનમાં સૂર્ય સમાન એવા શ્રી વર્ધમાનસ્વામિથી, **તેરસો બાર વર્ષે કાલકુબ્જમાં** = પછીના સમયે કનોજ નામથી પ્રસિદ્ધ થયેલા નગરમાં, **રાજપૂજ્ય** = આમરાજા-ધર્મરાજા-ભોજરાજાને વંદનીય, **શ્રીબપ્પભટ્ટિસૂરિ** થયા.

**भट्टिसूरिः** सञ्ज्ञातः । स च बप्पनामपितुर्भट्टिसञ्ज्ञमातुश्च पुत्रोऽजनि डुंबाउधीनाम्नि ग्रामे । बाल्यावस्थायामेव प्राव्राजीच्छ्रीसिद्धसेनगुरुपार्श्वे । भद्रकीर्तिद्वितीयनामा सरस्वतीप्रसादमवाप्य प्रकृष्टप्रतिभः एकादशाधिकाष्टशततमे वैक्रमेऽब्दे प्राप सूरिपदम् । तदा च तद्वय एकादशवत्सरमितं बभूव । आमप्रभृतिनृपतीन् प्रतिबोध्य गिरनारतीर्थरक्षादि कृत्वा महतीं जिनशासनप्रभावनां विधाय जन्मतः पञ्चनवतितमे वत्सरे पट्टनेऽनशनं स्वीकृत्य स स्वर्गं जगाम । अद्याप्ययं सूरिरद्वितीयब्रह्मचर्यबुद्ध्यादिगुणैरनुमोदनीय इति । किञ्च -

---

તેઓ ડુંબાઉધી ગામના બપ્પ નામના પિતા અને ભટ્ટિ નામની માતાના પુત્ર હતાં. બાલ્યાવસ્થામાં જ તેમણે શ્રી સિદ્ધસેનસૂરિ પાસે દીક્ષા લીધી. તેમનું બીજું નામ ભદ્રકીર્તિ હતું. તેઓ સરસ્વતી માતાની કૃપાને પામીને ઉત્કૃષ્ટ પ્રતિભાના સ્વામી બન્યા. વિ.સં. ૮૧૧ માં તેમણે આચાર્યપદ મેળવ્યું. ત્યારે તેમની ઉંમર હતી ૧૧ વર્ષ. આમરાજા વગેરે રાજાઓને પ્રતિબોધ કરીને, ગિરનારતીર્થરક્ષા વગેરે કાર્યો કરીને, જિનશાસનની મહાન પ્રભાવના કરીને જન્મથી ૯૫મા વર્ષે પાટણમાં અનશન કરીને તેઓ દેવલોકે ગયા. આજે પણ આ સૂરિજી અજોડ બ્રહ્મચર્ય, બુદ્ધિ વગેરે ગુણોથી અનુમોદનીય છે.

**एगुणहुत्तरेसु तेरसएसु जिणस्स वीरस्स ।**
**सावणसिअट्ठमीए अत्थमणं आमरायस्स ॥४७॥**

**जिनस्य वीरस्य** निर्वाणात् **एकोनसप्तत्यधिकत्रयोदशशतेषु** वर्षेषु गतेषु **श्रावणसिताष्टम्यामामराज्ञोऽस्तमनम्** - परलोकगमनं बभूव । स च कालकुब्जपतियशोवर्मराजसुतः, यः श्रीबप्पभट्टिसूरिमैत्र्या जिनधर्मानुरागी कालकुब्ज - ग्वालियरपुरयोर्जिनालयं व्यधात्, शासनप्रभावनापुरस्सरं शत्रुञ्जयगिरनारतीर्थयात्रां च चकारेति । किञ्च -

---

વળી -

**વીરજિનથી તેરસો ઓગણસિત્તેર વર્ષ ગયા, ત્યારે શ્રાવણ સુદ આઠમે આમરાજા આથમી ગયો. ॥૪૭॥**

આથમી ગયો = પરલોકે ગયો. શેષ સુગમ છે. આમ રાજા કાલકુબ્જના રાજા યશોવર્માનો પુત્ર હતો, જે શ્રી બપ્પભટ્ટિસૂરિની મૈત્રીથી જૈન ધર્મનો અનુરાગી થયો. તેણે કાલકુબ્જ, ગ્વાલિયર નગરમાં જિનાલય બંધાવ્યું અને શાસનપ્રભાવના સાથે શત્રુંજય અને ગિરનાર તીર્થની યાત્રા કરી હતી.

વળી -

**तेरसए वीराओ हुंति अणेगा मइविभंगा ।**
**बंधंति जेण जीवा बहुआ कंखाइमोहणियं ॥४८॥**

**वीरात्** - यशोदादयितादृयासागरात्, **त्रयोदशशतेऽनेका मतिविभङ्गाः** - कुमतविकल्पाः, **अभूवन्** - दुःषमकालान्वयानुभावेनोद्भवमवाप्नुवन् । **येन** - उक्तोद्भवेन, **जीवाः** - अदृढसम्यक्त्वगुणाः सत्त्वाः, **बहुधा** - असङ्ख्याध्यवसायप्रकारैः, **काङ्क्षादिमोहनीयम्** - कुमतवाञ्छाद्यात्मकमोहनप्रकृतिकं कर्म, **बध्नन्ति** - तीव्रादिरससचिव-

---

**વીરથી તેરસોએ અનેક મતિવિકલ્પો થયા. જેનાથી જીવો અનેક પ્રકારે કાંક્ષા વગેરે મોહનીય કર્મ બાંધે છે. ॥૪૮॥**

વીરથી = યશોદાકંત કરુણાસાગર તીર્થંકરના નિર્વાણથી, **તેરસોએ** = તેરસો વર્ષ પસાર થયા ત્યારે **મતિવિભંગો** = કુમતના વિકલ્પો **થયા** = દુષમાકાળના પ્રભાવે ઉદ્ભવ પામ્યા. **જેનાથી** = ઉપરોક્ત ઉદ્ભવથી, **બહુધા** = અસંખ્ય અધ્યવસાયોના પ્રકારોથી, **કાંક્ષા વગેરે મોહનીયને** = કુમતની ઈચ્છા વગેરે સ્વરૂપ મોહ પમાડવાની પ્રકૃતિવાળા કર્મને, **બાંધે છે** = તીવ્ર વગેરે રસથી યુક્તપણાને કરવાપૂર્વક આત્મપ્રદેશો સાથે એકમેક

त्वापादनपुरस्सरमात्मसात्कुर्वन्ति ।

तत्र **काङ्क्षा** - सुगतादिप्रणीतदर्शनेषु ग्राहः - अभिलाषः, कंखा अन्नान्नदंसणग्गहो - इत्युक्तेः । सा पुनर्द्विभेदा - देशकाङ्क्षा सर्वकाङ्क्षा च । देशकाङ्क्षैक-देशविषया, यथैकमेव सौगतं दशर्नमाकाङ्क्षति, चित्तजयोऽत्र प्रतिपादितः, अयमेव च प्रधानो मुक्तिहेतुः, अतो घटमान-कमिदम्, न दूरापेतमिति ।

सर्वकाङ्क्षायां सर्वदर्शनान्येव काङ्क्षति, अहिंसादि-प्रतिपादनपराणि सर्वाण्येव कपिलकणभक्षाक्षपादादिमतानीह

---

કરે છે.

તેમાં **કાંક્ષા** = બુદ્ધ વગેરેએ રચેલા દર્શનોમાં ગ્રાહ = અભિલાષા. કહ્યું પણ છે - કાંક્ષા એટલે અન્ય અન્ય દર્શનની ઈચ્છા. તે બે પ્રકારની છે. (૧) દેશકાંક્ષા (૨) સર્વકાંક્ષા. દેશકાંક્ષા એકદેશવિષયની છે, જેમ કે એક બૌદ્ધદર્શનને જ ઈચ્છે, કે 'એમાં તો મનોવિજયની પ્રરૂપણા કરી છે અને આ જ મોક્ષનું મુખ્ય કારણ છે, માટે આ દર્શન સંગત છે. યુક્તિથી દૂર ફેંકાયેલું નથી.'

સર્વ કાંક્ષામાં સર્વ દર્શનોની કાંક્ષા કરે છે. કે 'કપિલ, કણાદ, અક્ષપાદ વગેરેના બધા મતો અહિંસા વગેરેનું

लोके च नात्यन्तक्लेशप्रतिपादनपराणि, अतः शोभनान्येवेति। काङ्क्षा च जैनाभासात्मककुमतेऽपि सम्भवति । तच्च दुःषमायामनेकप्रकारं बभूवेति तद्वक्तव्यतामेवाह -

**पंचसयाचउआला तइया सिद्धिं गयस्स वीरस्स ।**
**तओ अंतरंजिआए तेरासीअदिट्ठि उप्पत्ती ॥४९॥**

**पञ्चवर्षशतानि चतुश्चत्वारिंश**दधिकानि **तदा वीरस्य सिद्धिं गतस्य ततः** - उक्तकालात्कथञ्चिद्धेतुभूतात्, **अन्तरञ्जिकायां** पुर्यां **त्रैराशिकदृष्ट्युत्पत्तिः** बभूव, उक्तञ्चान्यत्रापि - पंच सया चोयाला तइया सिद्धिं गयस्स वीरस्स । पुरिमंतरंजियाए तेरासियदिट्ठि उप्पन्ना - इति (**विशेषावश्यकभाष्ये २४५१**) । भावार्थस्तु कथानकगम्यः,

---

પ્રતિપાદન કરે છે. વળી લોકમાં બહુ કાયક્લેશ કરવાની પ્રરૂપણા નથી કરતાં. માટે તે દર્શનો સારા જ છે. કાંક્ષા જૈનાભાસરૂપ કુમતમાં પણ સંભવે છે અને દુષમામાં તેવા કુમત અનેક પ્રકારના થયા છે, માટે તેની વાત જ કરે છે -

**વીરને સિદ્ધિ ગયે પાંચસો ચુમ્માલીસ વર્ષ થયા ત્યારે અંતરંજિકામાં ત્રૈરાશિકદષ્ટિની ઉત્પત્તિ (થઈ). ॥૪૯॥**

અક્ષરાર્થ ઉપરોક્ત મુજબ છે. ભાવાર્થ કથાનકથી

तच्चेदम् - श्रीवीरात् पञ्चशतचतुश्चत्वारिंशत्तमे वर्षेऽन्तरञ्जिकायां पुर्यां भूतगृहचैत्ये श्रीगुप्तनामकाचार्यः समवसृतः । तत्र बलश्रीनामा राजाऽभूत् । इतश्च वृश्चिक-सर्प-मूषक-मृगी-वाराही-काकी-शकुनिका-प्रमुखबहुविद्यावेत्ता महाभिमानी पोट्टशालनामा तापसो नृपपार्श्व आगत्य 'यदि कश्चिदत्र वादी भवेत्, तर्हि स मया सह वादं करोतु' इति पटहमवादयत्, तदाऽऽचार्यवन्दनार्थं ग्रामान्तरादागच्छन् रोहगुप्तो न्यवेदयत् । गुरुरपि तस्मै वृश्चिकादि - सप्तविद्याविनाशिन्यो मयूरी -

---

જાણવા યોગ્ય છે, અને તે આ મુજબ છે -

શ્રી વીરથી પાંચસો ચુમ્માલીસ વર્ષે અંતરંજિકા નગરીમાં ભૂતગૃહચૈત્યમાં શ્રી ગુપ્ત નામના આચાર્ય સમોસર્યા. ત્યાં બલશ્રી નામના રાજા હતાં. આ બાજુ વીંછી-સાપ-ઉંદર-હરણી-શૂકરી-કાગડી-શકુનિકા (પક્ષીવિશેષ) વગેરે ઘણી વિદ્યાનો જાણકાર મહા-અભિમાની પોટ્ટશાલ નામનો તાપસ રાજા પાસે આવ્યો અને તેણે એવો ઢંઢેરો પીટ્યો કે, 'જો અહીં કોઈ વાદી હોય, તો મારી સાથે વાદ કરે.'

ત્યારે આચાર્યશ્રીને વંદન કરવા માટે બીજા ગામથી આવતા રોહગુપ્તમુનિએ તે ઢંઢેરાનો સ્વીકાર કરી આવીને ગુરુને કહ્યું. ગુરુએ પણ તેને વીંછી વગેરે સાત વિદ્યાઓનો

बिडाली - नकुली - व्याघ्री - सिंही - उलूकी - श्येनी - सञ्ज्ञकाः सप्तविद्याः शेषोपद्रवनिवारकं च रजोहरणमददत्। ततस्तत् स्वीकृत्य राजसभायामागतस्तेन सह वादः प्रारेभे । तदा परिव्राजकेन धर्माधर्म - पुण्यपाप - सुखदुःख - रात्रिदिन - चन्द्रसूर्य - जीवाजीवादिरूपौ द्वौ राशी स्थापितौ। तदा रोहगुप्तः 'त्रयो देवाः, त्रीणि भुवनानि, त्रयः स्वराः, त्रयो गुणाः, त्रयः पुरुषाः, तिस्रोऽवस्था इत्यादि सर्वं त्रयात्मकं त्रिस्वरूपमस्तीति वदन् 'जीवाजीवनोजीव' इति राशित्रयं संस्थापितवान् । ततः स्वविद्याभिस्तद्विद्या निर्जित्य,

---

વિનાશ કરનારી મયૂરી-બિડાલી-નકુળી-વ્યાઘ્રી-સિંહી-ઉલુકી (ઘુવડી)-શ્યેની (બાજ) નામની સાત વિદ્યા અને બાકીના ઉપદ્રવોનું નિવારણ કરનારું રજોહરણ આપ્યું. પછી તેને સ્વીકારીને રોહગુપ્તમુનિ રાજસભામાં આવ્યા અને તે વાદી સાથે વાદ શરૂ કર્યો.

ત્યારે પરિવ્રાજકે ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ, સુખ-દુઃખ, રાત્રિ-દિન, ચન્દ્ર-સૂર્ય, જીવ-અજીવ રૂપ બે રાશિ સ્થાપી. ત્યારે રોહગુપ્તમુનિએ 'ત્રણ દેવ, ત્રણ ભુવન, ત્રણ સ્વર, ત્રણ ગુણ, ત્રણ પુરુષ, ત્રણ અવસ્થા વગેરે સર્વ ત્રણ સ્વરૂપ છે' એમ કહેતા 'જીવ-અજીવ-નોજીવ' એમ ત્રણ રાશિની સ્થાપના કરી.

तापसप्रयुक्तां रासभीविद्यामपि रजोहरणेन विजित्य समहोत्सवं गुरुपार्श्वमागत्य सर्ववृत्तान्तमकथयत् ।

तदा गुरुणा कथितम् - वत्स ! वरं कृतम्, परं राशित्रयस्थापनमुत्सूत्रम्, अतस्तत्र गत्वा मिथ्यादुष्कृतं देहि - इति । तदा - कथं स्वयं कथयित्वा स्वं वाक्यं अप्रमाणीकरोमि - इतिजाताहङ्कारः स गुरुणा सह षण्मासीं यावद्वादं चकार । प्रान्ते कुत्रिकापणे गत्वा नोजीवे याचिते तदप्राप्तौ सत्यां कथमपि स्वाऽऽग्रहमत्यजन् स गुरुणा

---

પછી પોતાની વિદ્યાઓથી તેની વિદ્યાઓને જીતીને, તાપસે પ્રયોજેલી રાસભી (ગધેડી) વિદ્યાને પણ રજોહરણથી જીતીને મહોત્સવપૂર્વક ગુરુ પાસે આવ્યા અને બધો વૃત્તાન્ત કહ્યો.

ત્યારે ગુરુએ કહ્યું, 'વત્સ ! સારું કર્યું, પણ તે ત્રણ રાશિ સ્થાપી, તે ઉત્સૂત્ર છે. માટે ત્યાં જઈને મિચ્છામિ દુક્કડમ્ આપ. ત્યારે રોહગુપ્તમુનિને અહંકાર થયો કે 'હું પોતે બોલીને મારું વચન અપ્રમાણ શી રીતે કરું ?' તેથી તેમણે ગુરુ સાથે છ મહિના સુધી વાદ કર્યો. છેલ્લે કુત્રિકાપણમાં (દેવાધિષ્ઠિત દુકાનમાં, જેમાં બધી જ વસ્તુ મળે) જઈને નોજીવ માંગતા તે ન મળ્યો. તો ય રોહગુપ્ત-મુનિએ પોતાનો આગ્રહ ન છોડ્યો. ત્યારે ગુરુએ

खेलमात्रभस्मप्रक्षेपेण शिरोमुण्डनपूर्वकं सङ्घबाह्यश्चक्रे । राज्ञापि निर्विषयः समाज्ञातः । पटहकेन च वाद्यमानेन घोषितं समस्तनगरे 'जयति जिनः श्रीमान् वर्द्धमानः' - इति ।

रोहगुप्तेन तु ततोऽप्यभिनिवेशात् स्वमतिकल्पितान् द्रव्यादिपदार्थानाश्रित्य वैशेषिकमतं प्रणीतम् । तच्चान्यान्यै-स्तच्छिष्यादिभिरियन्तं कालं यावत्स्फातिमानीतमिति । तथा -

[१] **बारसवाससएहिं अट्ठेहिं निव्वुअस्स वीरस्स ।**
**जिणघरमट्ठावासो पकप्पिओ सायसूरिहिं ॥५०॥**

---

શ્લેષ્મપાત્રની રાખ નાખવાપૂર્વક તેનું માથુ મુંડાવ્યું, અને સંઘની બહાર કર્યો. રાજાએ પણ દેશનિકાલની આજ્ઞા કરી. આખા નગરમાં ઢંઢેરો પીટવા સાથે ઘોષણા કરાવી કે, 'શ્રી વર્દ્ધમાન જિન જય પામે છે.'

રોહગુપ્તે તો ત્યાર પછી પણ કદાગ્રહથી પોતાની મતિથી કલ્પિત દ્રવ્ય વગેરે પદાર્થોને આશ્રીને વૈશેષિક મત બનાવ્યો અને તે મત અન્ય અન્ય તેના શિષ્યો વડે આટલા સમય સુધી વિસ્તૃત કરાયો.

---

१. तुलना - बारसवाससएसु पुण्णिमदिवसाओ पक्खियं जेण । चउद्दसी पढमं पव्वं, पकप्पिअं साहिसूरिहिं ॥ (पट्टावलिसमुच्चये १९६, रत्नसञ्चये २८०) । बारसवाससएसुं पन्नासहिएसु वद्धमाणाओ । चउद्दसि पढमपवेसो, पकप्पिओ साइसूरिहिं ॥ (विचारश्रेणौ) ।

ततो **वीरस्य निर्वृतस्याष्टाधिकैर्द्वादशवर्षशतैः** **सातसूरिभिः** - साताभिधानैराचार्यैः स्वातिसूरिभिर्वा सुखशीलताप्रधानैराचार्यैर्वा, **जिनगृहमठावासः** - जिनालयमेव प्रतिश्रयीकृत्य तस्मिन् उषणम्, यद्वा **मट्ठा** त्ति देश्यशब्दो बलात्कारपर्यायः, प्रसह्य जिनाज्ञामुल्लङ्घ्य चैत्यवास इत्यर्थः, **प्रकल्पितः** - आशातनावृजिनभयशून्यैः कुतर्कैः समर्थितोऽनुष्ठितश्च । ननु कोऽत्र दोष इति चेत् ? आशातनाभिध इति

---

તથા -

**વીરનિર્વાણથી બારસો આઠ વર્ષે સાતસૂરિએ જિનગૃહ-મઠાવાસ પ્રકલ્પ્યો. ।।૫૦।।**

શ્રી વીરનિર્વાણથી બારસો આઠ વર્ષે **સાતસૂરિએ** = સાત નામના આચાર્યે, સ્વાતિસૂરિજીએ કે સુખશીલતાવાળા કોઈ આચાર્યવિશેષે, **જિનગૃહમઠાવાસ** = જિનાલયને જ ઉપાશ્રય તરીકે કરી તેમાં રહેવું તે. અથવા તો 'મટ્ઠા' એ 'જબરદસ્તી' અર્થમાં દેશ્ય શબ્દ છે. 'જબરદસ્તી જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરીને ચૈત્યવાસ' એવો આખા શબ્દનો અર્થ થશે. **પ્રકલ્પ્યો** = આશાતનાના ભયથી રહિત એવા તેમણે કુતર્કોથી તેનું સમર્થન કર્યું અને તેનું આચરણ કર્યું.

**શંકા** - પણ એમાં દોષ શું છે ?

गृहाण । यदुक्तम्-गुरुदेवुग्गहभूमीए जत्तओ चेव होइ परिभोगो। इट्ठफलसाहगो सइ अणिट्ठफलसाहगो इहरा ॥ दुब्भिगंध-मलस्सावि तणुरप्पेसऽण्हाणिया । उभओ वाउवहो चेव तेण ठुंति न चेइए ॥ जइ वि न आहाकम्मं भत्तिकयं तह वि वज्जयंतेहिं । भत्ती खलु होइ कया इहरा आसायणा परमा - इति (स्वप्नसप्तत्याम् ४३-४५) । तथा -

---

**સમાધાન** - આશાતના નામનો દોષ છે. જે કહ્યું પણ છે - ગુરુ અને દેવના અવગ્રહની ભૂમિનો ઉપભોગ યતનાપૂર્વક કરાય, તો જ તે વાંછિતદાયક બને છે, અન્યથા અશુભ ફળ આપનાર થાય છે. શ્રમણોનો દેહ દુર્ગંધી-મેલ ઝરનારા હોય, શરીર પણ સ્નાનરહિત હોય. વળી શરીરમાં ઉર્ધ્વવાયુ અને અધોવાયુ એમ બે પ્રકારનો વાયુમાર્ગ છે. માટે શ્રમણો ચૈત્યવાસ કરતા નથી. જો કે જિનાલય સાધુ માટે નથી કરાયું, ભગવાનની ભક્તિ માટે કરાયું છે, તેથી આધાકર્મ નથી. તો પણ તેનો પરિહાર કરવો એ પ્રભુભક્તિ છે. અન્યથા ઉત્કૃષ્ટ આશાતના છે. (સ્વપ્નસપ્તતિ ૪૩-૪૫)

તથા -

**इक्कारसगुणसट्ठइ पुन्निम चंदप्पहो य रोसेणं ।**
**मुणिचंदायरियाओ कुप्पहपहेण सो लग्गो ॥५१॥**

**एकोनषष्ट्यधिकैकादशशते च** वैक्रमेऽब्दे **मुनिचन्द्राचार्यात्** - उपदेशपदवृत्त्यादिकारिणः श्रीयशोभद्रसूरिशिष्याच्छ्रीमुनिचन्द्रसूरेः, **रोषेण** - अक्षमया, प्रसङ्गवशान्मुनिचन्द्रसूरिविषयककोपेनेत्यर्थः, **चन्द्रप्रभः** - तत्कालीनबृहदाचार्यः, **पूर्णिमा** इति नाम्ना **कुत्सितः** - सुविहितपरम्पराविराधनादवसानदारुणः, **पन्थाः** - दुर्गतिमार्गः यस्य सः - **कुपन्थाः**, तेन **पथा** - गच्छविशेषाध्वना, **सः**

---

**અગિયારસો ઓગણસાઈઠે મુનિચંદ્રાચાર્યથી કોપથી પૂર્ણિમા-ઉન્માર્ગ પથે તે ચન્દ્રપ્રભ લાગ્યો. ॥૫૧॥**

વિક્રમ સંવત્ અગિયારસો ઓગણસાઈઠે **મુનિચન્દ્રાચાર્યથી** = ઉપદેશપદવૃત્તિ વગેરે ગ્રંથોના કર્તા શ્રીયશોભદ્રસૂરિશિષ્ય શ્રીમુનિચન્દ્રસૂરિથી, **રોષથી** - ક્રોધથી, પ્રસંગને કારણે મુનિચન્દ્રસૂરિજી પર આવેલા ગુસ્સાથી એવો અહીં અર્થ છે. **ચંદ્રપ્રભ** = તે કાળના એક મોટા આચાર્ય. **પૂર્ણિમા** આ નામનો કુત્સિત = સુવિહિત પરંપરાની વિરાધના કરનારો હોવાથી પરિણામે ભયંકર એવો **પંથ** = દુર્ગતિનો માર્ગ જેનો છે તે **કુપથ**,

– अनन्तराभिहितश्चन्द्रप्रभाचार्यः, **लग्नः** – तथाविधभवितव्यतादिनिबन्धनाद्युयुजे ।

तत्प्रसङ्गश्चैवम् – एकोनपञ्चाशदधिकैकादशशते वैक्रमेऽब्दे केनचिच्छ्राद्धेन विज्ञप्तिर्विहिता – प्रतिष्ठावसरे मुनिचन्द्राचार्यः प्रेष्यताम् – इति । एनया बृहदाचार्यश्चन्द्रप्रभसूरिः स्वमपमानं मेने । नासौ मामिच्छतीति । ततो मा भून्मुनिचन्द्रसूरेरपि प्रेषणमित्यसौ कथयाञ्चकार – सावद्या प्रतिष्ठा, अतः श्राद्धविधेयैषा, न चैषा साधूनां करणीया – इति । प्रतिक्रुष्टा

---

તેવા **માર્ગે** = ગચ્છવિશેષના રસ્તે, **તે** = હમણા કહેલ ચન્દ્રપ્રભાચાર્ય, **લાગ્યા** = તેવા પ્રકારની ભવિતવ્યતા વગેરેને કારણે જોડાયા.

તે પ્રસંગ આ પ્રમાણે છે - વિ.સં. ૧૧૪૯ માં કોઈ શ્રાવકે વિનંતિ કરી કે મારે ત્યાં પ્રતિષ્ઠા પ્રસંગે શ્રીમુનિચન્દ્રસૂરિજીને મોકલો. આ વિનંતિથી મોટા આચાર્ય શ્રીચંદ્રપ્રભસૂરિજીને પોતાનું અપમાન લાગ્યું, કે હું આવું એમ આ ઈચ્છતો નથી. તેથી મુનિચન્દ્રસૂરિને ય ન મોકલું, એમ ધારીને તેમણે કહ્યું કે - ‘પ્રતિષ્ઠા સાવદ્ય છે. માટે શ્રાવકોએ પ્રતિષ્ઠા કરવી જોઈએ. સાધુઓએ પ્રતિષ્ઠા ન કરવી જોઈએ.’

चैषा नवीनप्ररूपणाऽन्यैः सुविहिताचार्यैः । ततश्चाचार्यचन्द्रप्रभुः पृथग्भूयैकोनषष्ट्यधिकैकादशशते वैक्रमेऽब्दे पूर्णिमागच्छं प्रवर्त्तयामास । तस्मिंश्च श्राद्धप्रतिष्ठा - पूर्णिमादिनपाक्षिकादि-सामाचारीति । तथा -

**बारसवासगसएसु विक्कमकालाओ जलहिअहिएसु ।**
**जिणवल्लहकोहाओ कुच्च-**
**उरगणाओ खरयरया ॥५२॥**

**विक्रमकालाज्जलध्यधिकेषु द्वादशवर्षशतेषु**, चतुरधिकद्वादशशततमे वैक्रमेऽब्द इत्यर्थः, **जिनवल्लभकोपात्** - आचार्यजिनवल्लभसमुत्थाच्चैत्यवासिविषयकक्रोधात्

---

આ નવી પ્રરૂપણાનું અન્ય સુવિહિત આચાર્યોએ ખંડન કર્યું. પછી આચાર્ય ચન્દ્રપ્રભસૂરિજી છૂટાં થયા અને વિ.સં. ૧૧૫૯ માં તેમણે પૂર્ણિમાગચ્છનું પ્રવર્તન કર્યું. તેમાં શ્રાવકે પ્રતિષ્ઠા કરવી, પૂનમના દિવસે પાક્ષિક પ્રતિક્રમણ કરવું વગેરે સામાચારી હતી. તથા -

**વિક્રમ કાળથી બારસો ચાર વર્ષે જિનવલ્લભના કોપથી કુર્ચપુરગણથી ખરતરો (થયાં.) ॥૫૨॥**

વિ.સં. ૧૨૦૪ માં **જિનવલ્લભના કોપથી** = આચાર્ય જિનવલ્લભને ચૈત્યવાસીઓ પર આવેલા

**कूर्च्चपुरगणात्** (?) **खरतरकाः** समुत्पन्नाः ।

तद्वृत्तं चैवम् - चित्रकूटनगरजिनालयाश्चैत्यवासिनिश्रावर्त्तिनो बभूवुः, अतो जिनवल्लभसूरिस्तेषु कल्याणकदिनेषु प्रवेशं न प्राप । ततोऽसौ भाद्रपदबहुलदशमीं गर्भापहारकल्याणकतया प्ररूप्य श्रीवीरचैत्ये प्रविवेश । एवं कल्याणकषट्कनिरूपणतस्तद्गच्छः पृथगभूत् । ततोऽपि तत्पट्टधरो जिनदत्तसूरिश्चतुष्पर्वीमात्रपौषध-स्त्रीपूजानिषेधादिनवीनसामाचारीं प्ररूप्य

---

ગુસ્સાથી **કુર્ચપુરગણથી (?) ખરતરો ઉત્પન્ન થયાં.**

તેમનું વૃત્તાન્ત આ મુજબ છે - ચિત્તોડનગરના જિનાલયો ચૈત્યવાસીઓની નિશ્રામાં હતાં. તેથી જિનવલ્લભસૂરિને કલ્યાણકના દિવસોમાં તેમાં પ્રવેશ ન મળ્યો. તેથી તેમણે ભાદરવા વદ દશમની 'ગર્ભાપહારકલ્યાણક' તરીકે પ્રરૂપણા કરી શ્રીવીર ચૈત્યમાં પ્રવેશ કર્યો. આ રીતે છ કલ્યાણકની પ્રરૂપણા કરવાથી તેમનો ગચ્છ અલગ થયો. પછી પણ તેમના પટ્ટધર જિનદત્તસૂરિએ  એવી નવી સામાચારીની પ્રરૂપણા કરી કે માત્ર ચાર પર્વદિનોમાં જ પૌષધ કરાય, સ્ત્રીઓએ જિનપૂજા ન કરાય, વગેરે. આવી સામાચારીની પ્રરૂપણા

खरतरगच्छप्रवर्त्तको बभूवेति । किञ्च -

**पढमं चिअ संजाओ इगारगुणसट्ठि पुन्निमापक्खो ।**
**बारह चरुत्तरए खरतरपक्खो समुपन्नो ॥५३॥**

**प्रथम**मित्यादि । उक्तार्थम् । ततोऽपि -

**बारहचउदहुतरए मत अंचलिआह ।**
**छत्तीसइ पुण फडसूअं(?) तिहा**
**धी आगमिआंह ॥५४॥**

**चतुर्दशोत्तरद्वादशशततमे** वैक्रमेऽब्देऽञ्चलिकानां

---

કરીને જિનદત્તસૂરિ ખરતરગચ્છના પ્રવર્તક થયા.

વળી -

**પહેલા જ વિ.સં. ૧૧૫૯ માં પૂર્ણિમા પક્ષ થયો. વિ.સં. ૧૨૦૪ માં ખરતરપક્ષ ઉત્પન્ન થયો. ॥૫૩॥**

**પહેલા** ઈત્યાદિ ઉપર કહેલા અર્થ મુજબ સમજવું. ત્યાર પછી પણ -

**બારસો ચૌદમાં અંચલિકોનો મત થયો. છત્રીસ વર્ષે આ આગમિકોનો મત થયો. ॥૫૪॥**

વિ.સં. ૧૨૧૪ માં અંચલિકોનો મત થયો. તેમાં

**मतमभूत्** । अत्र हेतुः - कर्करग्रामनिकटे बेणपसंवसथे नाढानाम्नी पूर्णिमागच्छश्राद्धी बभूव । सा च श्रीमती स्वजनसाधर्मिकान् पालयाञ्चकार । सकृत् पूर्णिमागच्छीयाऽऽचार्यस्तत्रत्यश्राद्धान् धर्मनिर्वाहप्रश्नं चक्रे । चख्युश्च ते 'नाढाप्रसादात्' । सूरिराह-केयं नाढा ? देवगुर्वोः प्रसादादित्येवोच्यताम् ॥ श्रुत्वैतत् कुपिता नाढा । किञ्च तस्याग्रे तदा मुखवस्त्रिका न बभूवातस्तद्वन्दनं सूरिणा न स्वीकृतम् ।

अत्रान्तरे पूर्णिमागच्छीयोपाध्यायनरसिंहः श्राद्धप्रतिक्रमणं निषेध्य विधिपक्षमतं स्थापयाञ्चक्रे । बेणप आगत्य श्राद्धानां

---

આ કારણ હતું - કર્કર ગામની પાસેના બેણપ ગામમાં નાઢા નામની પૂનમિયાગચ્છની શ્રાવિકા હતી. તે ધનવાન હતી અને સ્વજનો-સાધર્મિકોનું પાલન કરતી હતી. એકવાર પૂનમિયા ગચ્છના આચાર્યે ત્યાંના શ્રાવકોને ધર્મ અને નિર્વાહ વિષે પ્રશ્ન કર્યો. તેમણે કહ્યું, 'નાઢાની કૃપાથી.' ત્યારે આચાર્યે કહ્યું, 'આ નાઢા કોણ છે ? દેવ-ગુરુની કૃપાથી એમ જ કહો.' આ સાંભળીને નાઢાને ગુસ્સો આવ્યો. વળી ત્યારે તેની પાસે મુહપત્તિ ન હતી, માટે આચાર્યે તેનું વંદન ન સ્વીકાર્યું.

આ અરસામાં પૂનમિયા ગચ્છના ઉપાધ્યાય નરસિંહે શ્રાવકોના પ્રતિક્રમણનો નિષેધ કરીને 'વિધિપક્ષ' મતની

मुखवस्त्रिकां प्रतिषिषेध । नाढासहितसङ्घमञ्चलेन वन्दापयाञ्चकार । ततः प्रसन्ना नाढाऽष्टसहस्रव्ययेन नडियादवास्तव्यचैत्यवासिसूरिहस्तेन तमुपाध्यायमाचार्यपदं दापयामास । नाम च तस्य ततः प्रभृतिरार्यरक्षित इति चक्रे । एवमनेन मुखवस्त्रिकायाः स्थाने वस्त्राञ्चलप्रयोगेण वन्दनविधिः प्रवर्त्तितः, अतो विधिपक्षोऽञ्चलनाम्ना प्रथितः ।

ततोऽपि **षट्त्रिंशद्वर्षे**, पञ्चाशदुत्तरद्वादशशततमे वैक्रमेऽब्द इत्यर्थः, देवभद्रसूरिणा शीलगुणसूरिसहचारिणा **आगमिकानाम्** - त्रिस्तुतिकापरनाम्नाम्, **धीः** - मतम्, प्रवर्त्तिता । शिष्टं तु

---

સ્થાપના કરી. બેણપમાં આવીને શ્રાવકોને મુહપત્તિનો નિષેધ કર્યો. નાઢા સાથે સંઘને વસ્ત્રના છેડાથી વંદન કરાવ્યું. તેનાથી પ્રસન્ન થયેલી નાઢાએ આઠ હજારના વ્યયથી નડિયાદમાં રહેતા ચૈત્યવાસી આચાર્યના હાથે તે ઉપાધ્યાયને આચાર્યપદ અપાવ્યું અને ત્યારથી તેમનું નામ ‘આર્યરક્ષિત’ એવું કર્યું. આ રીતે તેમણે મુહપત્તિના બદલે વસ્ત્રના છેડાના પ્રયોગથી વંદનની વિધિ પ્રવર્તાવી, માટે વિધિપક્ષ અંચલગચ્છના નામે પ્રસિદ્ધ થયો.

પછી **છત્રીસ** વર્ષે = વિ.સં. ૧૨૫૦ માં શીલગુણસૂરિના સહચારી દેવભદ્રસૂરિએ **આગમિકોનો** = ત્રિસ્તુતિક એવા બીજા નામવાળાની **મતિ** = મત,

न सम्यग् ज्ञायते । मतोद्भववद् ग्रन्थोद्भवाद्यपि तत्तत्काले ज्ञेयमित्याह –

**विक्कमकालस्स गए अउणत्तीसुत्तरे सहस्संमि (१०२९) ।**
**धणपालेण विरइआ देसीसद्दाण माल त्ति ॥५५॥**

**विक्रमकालस्यैकोनत्रिंशदुत्तरे सहस्रे गते** सति **धनपालेन** – भोजराजसभाविभूषणेन कवीश्वरेण, **देशीशब्दानां माला इति**नाम्नी कृतिः **विरचिता** । अयं कवीश्वरः

---

પ્રવર્તાવી. બાકીનું બરાબર સમજાતું નથી. (આ ત્રિસ્તુતિક મત થોડા સમયમાં વિચ્છેદ પામ્યો. વર્તમાનમાં જે મત છે, તે રાજેન્દ્રસૂરિજીથી ચાલ્યો છે.) મતોની ઉત્પત્તિની જેમ તે તે કાળે ગ્રંથોની ઉત્પત્તિ પણ જાણવા યોગ્ય છે, માટે કહે છે -

**વિક્રમકાળથી એક હજાર ઓગણત્રીશ વર્ષ ગયા, ત્યારે ધનપાલે દેશી શબ્દોની માળા બનાવી. ॥૫૫॥**

વિ.સં. ૧૦૨૯ માં **ધનપાળે** = ભોજરાજાની સભાના શણગાર એવા કવીશ્વરે **દેશી શબ્દોની માળા એવા** નામની કૃતિ **બનાવી.**

આ કવીશ્વર સર્વદેવ બ્રાહ્મણના પુત્ર હતા. મુંજરાજા

सर्वदेवब्राह्मण-पुत्रो मुञ्जराजभोजराजयोः पुरोहितो बभूव । प्राक्काले जिनधर्मद्वेष्यपि भ्रातृमुनिशोभनविहितप्रतिबोधेन परमार्हतीभूय तिलकमञ्जरी-ऋषभपञ्चाशिका - वीरस्तुति - द्विसन्धान-काव्यादिरचनामप्यसौ चकारेति । किञ्च -

**दुब्भिक्खंमि पणट्ठे पुणरवि मेलित्तु समणसंघाओ ।**
**महुराए अणुओगो पवत्तिओ खंदिलेण तया ॥५६॥**

**दुर्भिक्षे** - अनावृष्ट्यतिशयेन यत्र भिक्षाया अपि दौर्लभ्यं स्यात्तादृशे कालविशेषे, श्रुते **प्रणष्टे** सति **पुनरपि श्रमण-सङ्घात्** तं **मेलयित्वा तदा स्कन्दिलेन** - आर्यस्कन्दिल-

---

અને ભોજરાજાના પુરોહિત હતા. પૂર્વકાળે જિનધર્મના દ્વેષી હોવા છતાં પણ ભાઈમુનિ શોભન દ્વારા કરાયેલા પ્રતિબોધથી પરમાર્હત થઈને તિલકમંજરી-ઋષભપંચાશિકા-વીરસ્તુતિ-દ્વિસંધાનકાવ્ય વગેરે રચના પણ તેમણે કરી હતી. વળી -

**દુર્ભિક્ષમાં નાશ થતા ફરી શ્રમણ-સંઘથી મેળવીને ત્યારે મથુરામાં સ્કંદિલે અનુયોગ પ્રવર્તાવ્યો. ॥૫૬॥**

**દુર્ભિક્ષ** = વરસાદ સાવ નહીં પડવાથી જેમાં ભિક્ષા પણ દુર્લભ થાય, તેવા કાળવિશેષમાં શ્રુત નાશ પામતા ફરીથી શ્રમણ સંઘ પાસેથી તેને મેળવીને ત્યારે **સ્કંદિલે** =

सूरिणा, **मथुरायामनुयोगः प्रवर्त्तितः**, शक्यसन्धानं श्रुतं सङ्घटितमित्यर्थः ।

**अत्र गुरुक्रमः** - इह हि दुःषमायाः सहायकमाधातुं परमसुहृदिव द्वादशवार्षिकं दुर्भिक्षमुदपादि । तत्र चैवंरूपे महति दुर्भिक्षे भिक्षालाभस्यासम्भवादवसीदतां साधूनामपूर्वार्थग्रहण-पूर्वार्थस्मरणश्रुतपरावर्तनानि मूलत एवापजग्मुः, श्रुतमपि चातिशायि प्रभूतमनेशत् । अङ्गोपाङ्गादिगतमपि भावतो विप्रनष्टम्, तत्परावर्त्तनादेरभावात् ।

ततो द्वादशवर्षानन्तरमुत्पन्ने महति सुभिक्षे मथुरापुरि

---

આર્ય સ્કંદિલસૂરિજીએ, મથુરામાં અનુયોગ પ્રવર્ત્યો, જે શ્રુતનું સંધાન થઈ શકે તેમ હતું તેનું જોડાણ કર્યું.

અહીં આ રીતે ગુરુક્રમ છે- અહીં દુષમાકાળને સહાય કરવા માટે પરમ મિત્ર જેવો બાર વર્ષનો દુકાળ પડ્યો. ત્યાં આવા સ્વરૂપના મોટા દુકાળમાં ભિક્ષા મળવી સંભવિત ન હોવાથી સાધુઓ સીદાવા લાગ્યા. નવા અર્થોનું સ્મરણ અને શ્રુતના પરાવર્તનો મૂળથી જ ગયા. ઘણું અતિશયસંપન્ન શ્રુત પણ નાશ પામ્યું. અંગો-ઉપાંગો વગેરેમાં રહેલું શ્રુત પણ ભાવથી (ઉપયોગથી ?) નાશ પામ્યું. કારણ કે તેના પરાવર્તન વગેરે થયા નહીં.

પછી બાર વર્ષ પછી મોટો સુકાળ થયો.

स्कन्दिलाचार्यप्रमुखश्रमणसङ्घेनैकत्र मिलित्वा यो यत् स्मरति, स तत् कथयतीत्येवं कालिकश्रुतं पूर्वगतं च किञ्चिदनुसन्धाय घटितम् । यतश्चैतन्मथुरापुरि सङ्घटितम्, अत इयं वाचना माथुरीत्यभिधीयते । सा च तत्कालयुगप्रधानानां स्कन्दिलाचार्याणामभिमता, तैरेव चार्थतः शिष्यबुद्धिं प्रापितेति तदनुयोगस्तेषामाचार्याणां सम्बन्धीति व्यपदिश्यते ।

अपरे पुनरेवमाहुः – न किमपि श्रुतं दुर्भिक्षवशादनेशत्, किन्तु तावदेव तत्काले श्रुतमनुवर्तते स्म, केवलमन्ये प्रधाना येऽनुयोगधराः, ते सर्वेऽपि दुर्भिक्षकालकवलीकृताः । एक

---

મથુરાનગરમાં શ્રી સ્કંદિલસૂરિ વગેરે શ્રમણ સંઘે એક સ્થાને મળીને, 'જેને જે યાદ હોય તે તે શ્રુત કહે', એ રીતે કાલિકશ્રુત અને કેટલુંક પૂર્વગત શ્રુત કાંઈક અનુસંધાન કરીને જોડ્યું. આ અનુસંધાન મથુરાનગરમાં કરાયું, તેથી આ વાચના 'માથુરી' કહેવાય છે અને તે ત્યારના યુગપ્રધાન સ્કંદિલાચાર્યને અભિમત હતી અને તેમણે જ અર્થથી શિષ્યબુદ્ધિમાં પ્રાપ્ત કરાવી. માટે તે અનુયોગ તે આચાર્યોનો કહેવાય છે.

અન્યો એમ કહે છે - કોઈ પણ શ્રુત દુકાળના કારણે નાશ નથી પામ્યું. પણ તે કાળે તેટલા જ શ્રુતની પરંપરા ચાલતી હતી. માત્ર બીજા જે મુખ્ય અનુયોગધરો

एव स्कन्दिलसूरयो विद्यन्ते स्म, ततस्तैर्दुर्भिक्षापगमे मथुरापुरि पुनरनुयोगः प्रवर्त्तित इति माथुरी वाचना व्यपदिश्यते । अनुयोगश्च तेषामाचार्याणामिति ।

साक्षी चात्र सिद्धान्तः - जेसिं इमो अणुयोगो पयरइ अज्जावि अद्धभरहम्मि । बहुनयरनिग्गयजसे तं वंदे खंदिला-यरिए - इति (नन्दीसूत्रे-३७) ।

**वलहीपुरंमि नयरे देवड्ढिअपमुहसयलसंघेण ।**
**पुत्थय आगम लिहिओ नवसय असीइ तह वीरा ।५७।**

---

હતા, તે સર્વ દુકાળનો કોળિયો બની ગયા. એક માત્ર સ્કંદિલસૂરિ જ વિદ્યમાન હતા. માટે તેમણે સુકાળ થતા મથુરાનગરમાં ફરી અનુયોગ પ્રવર્તાવ્યો. માટે આ માથુરી વાચના કહેવાય છે અને તે આચાર્યનો અનુયોગ કહેવાય છે.

આ બાબતમાં સિદ્ધાન્ત સાક્ષી છે- આજે પણ જેમનો આ અનુયોગ અર્ધભરતક્ષેત્રમાં પ્રવર્તે છે, તેવા ઘણા નગરોમાં વિસ્તરાયેલ યશવાળા સ્કંદિલ આચાર્યને હું વંદન કરું છું. (નંદીસૂત્ર ૩૭)

**તથા વીરથી નવસો એંશીએ વલભીપુરનગરમાં દેવર્દ્ધિક વગેરે સર્વ સંઘે પુસ્તકમાં આગમ લખ્યો. ।।૫૭।।**

**तथा वीरात्** - परमकारुणिकाच्छ्रीवर्द्धमानस्वामिनः, **अशीत्युत्तरनवशते** वर्षे, **वल्लभीपुरे नगरे देवर्द्धिकप्रमुख-सकलसङ्घेन पुस्तक आगमो लिखितः** । तत्र देवर्द्धिगणि-क्षमाश्रमणवृत्तम् - प्राग्भवेऽसौ हरिणैगमेषिदेवस्तीर्थकराद्वि-ज्ञातात्मदुर्लभबोधिकभावः स्वस्थानोत्पत्स्यमानदेवाय विमानभित्तौ स्वप्रतिबोधार्थं विज्ञप्तिं लिलेख । ततश्च्युत्वा सुराष्ट्रेषु वेरावळपट्टने कामर्धिक्षत्रियभार्याकलावतीकुक्षौ गर्भतयोदपद्यत। दृष्टमहर्द्धिकदेवस्वप्ना माता नवमासान्तरप्रसूतं पुत्रं देवर्द्धिनाम ददौ । इतश्च नूत्नहरिणैगमेषी तत्प्रतिबोधाय

---

**તથા વીરથી** = પરમ કરુણાધર શ્રી વર્દ્ધમાન સ્વામિથી, નવસો એંશી વર્ષે વલભીપુર નગરમાં દેવર્દ્ધિક આદિ સકળ સંઘે પુસ્તકમાં આગમ લખ્યો. તેમાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણનું વૃત્તાંત આ પ્રમાણે છે - પૂર્વભવમાં તેઓ હરિણૈગમેષી દેવ હતા. તેમણે તીર્થંકર પાસેથી જાણ્યું કે પોતે દુર્લભબોધિ છે. તેથી તેમણે પોતાના સ્થાને જે દેવ આવે, તેના માટે પોતાના વિમાનની દીવાલ પર પોતાને પ્રતિબોધ કરવા માટે વિજ્ઞપ્તિ લખી. પછી ચ્યવીને સૌરાષ્ટ્રમાં વેરાવળ નગરમાં કામર્ધિ ક્ષત્રિયની પત્ની કલાવતીની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયા. માતાએ સ્વપ્નમાં મહર્દ્ધિક દેવ જોયો હતો. માટે પુત્રનું નામ

पत्रमेकं प्रेषयामास, तत्र चैवं लिखितमभूत् - स्वभित्तिलिखितं पत्रं मित्र ! त्वं सफलीकुरु । हरिणैगमेषी वक्ति संसारं विषमं त्यज - इति। स्वप्नेऽप्येवमुक्तोऽप्यसौ न बुबुधे । ततः सिंहादि-भयदर्शनेन संसारान्निर्वेदमुत्पाद्य तेन लोहित्या-चार्यान्तिके प्रव्रज्यां ग्राहीतः । ततश्च देवर्द्धिमुनिना स्वगुरू-पासनेन ज्ञानमवाप्य गणिपदमुपकेशगच्छीयदेवगुप्ताचार्यपार्श्व-सेवया सार्थमेकपूर्वज्ञानं सूत्रतश्च द्वितीयपूर्वज्ञानमवाप्य क्षमाश्रमणपदं च प्राप्तम् । उक्तकाले च वल्लभीपुरे चतुरशी-

---

દેવર્દ્ધિ રાખ્યું. આ બાજુ નવા હરિણૈગમેષી દેવે તેને પ્રતિબોધ કરવા માટે એક પત્ર મોકલ્યો. તેમાં આ રીતે લખેલું હતું - 'મિત્ર ! પોતાની દીવાલ પર લખેલા પત્રને તું સફળ કર. હરિણૈગમેષી કહે છે, કે તું વિષમ સંસારનો ત્યાગ કર.' સ્વપ્નમાં પણ આ રીતે કહ્યું, પણ તે બોધ ન પામ્યા. પછી સિંહ વગેરેનો ભય દેખાડવા દ્વારા સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવીને તેણે લોહિત્ય આચાર્ય પાસે દીક્ષા લેવડાવી. પછી દેવર્દ્ધિ મુનિએ પોતાના ગુરુની ઉપાસના કરવા દ્વારા જ્ઞાન મેળવીને ગણિપદ મેળવ્યું. ઉપકેશગચ્છીય દેવગુપ્તાચાર્યના પડખા સેવીને અર્થસહિત એક પૂર્વ અને સૂત્રથી બીજા પૂર્વનું જ્ઞાન મેળવીને ક્ષમાશ્રમણ પદ મેળવ્યું. અને ઉપરોક્ત કાળે વલભીપુરમાં

त्यागमादिग्रन्थान् पुस्तकारूढान् चकार, पर्यन्ते चासौ शत्रुञ्जयेऽनशनं विधाय स्वर्गमाससादेति । किञ्च -

**एगुणवीससएहि चउदसवरिसहि वीरनिव्वाणा ।**
**छासिवरिसाउ होही कक्की समणाण पडिकूलो ॥५८॥**

**वीरनिर्वाणात्** - श्रीवर्द्धमानस्वामिसिद्धिगमनात्, **एकोनविंशतिशतैश्चतुर्दशवर्षैः षडशीति-वर्षायुः श्रमणानां प्रतिकूलः** साधुप्रत्यनीक इत्यर्थः, **कल्की** नृपो **भविष्यति**, अत्र भविष्यत्कालप्रयोगतः श्रीवीरवचनस्य साक्षादुद्धरण-मिदमिति ज्ञापितम् । अत्र विशेषवक्तव्यतामाह -

---

ચોર્યાશી આગમ વગેરે ગ્રંથોને પુસ્તકારૂઢ કર્યા. અંત સમયે તેમણે શત્રુંજય પર અનશન કર્યું અને સ્વર્ગે ગયા. વળી -

**વીરનિર્વાણથી ઓગણીસો ચૌદ વર્ષે શ્રમણોને પ્રતિકૂળ છ્યાશી વર્ષના આયુષ્યવાળો કલ્કી થશે. ॥૫૮॥**

શ્રમણોને પ્રતિકૂળ = સાધુઓનો શત્રુ, શેષ સુગમ છે. અહીં ભવિષ્યકાળના પ્રયોગથી એમ જણાવ્યું છે, કે આ શ્રીવીરવચનનું સાક્ષાત્ ઉદ્ધરણ છે. આ વિષયમાં વિશેષ વિગત કહે છે -

**पाडलिपुरंमि कक्की चंडालकुलंमि चित्तमासंमि ।**
**अट्ठमि विट्ठी जाओ चउम्मुहो बीयनामे वि ॥५९॥**

**पाटलीपुरे** - पाटलीपुत्रनाम्नि पत्तने, **चण्डालकुले** - म्लेच्छकुले, **चैत्रमासे अष्टम्याम्** दिने **विष्टौ** - भद्राभिधाने करणविशेषे, स **कल्की** नृपो **जातः**, तस्य च **चतुर्मुख** इति **द्वितीयनामापि** बभूव । तथा चोक्तम् - मन्निर्वाणाद् गतेष्वब्दशतेष्वेकोनविंशतौ । चतुर्दशाब्द्यां च म्लेच्छकुले चैत्राष्टमीदिने ॥ विष्टौ भावी नृपः कल्की स रुद्रोऽथ चतुर्मुखः ।

---

**પાટલીપુરમાં ચંડાળકુળમાં ચૈત્ર મહિનામાં આઠમે વિષ્ટિમાં બીજા નામથી ચતુર્મુખ કલ્કી જન્મ્યો. ॥૫૯॥**

**પાટલીપુત્રમાં** = પાટલીપુત્ર નામના નગરમાં, **ચંડાળકુળમાં** - મ્લેચ્છકુળમાં ચૈત્ર મહિનામાં આઠમના દિવસે, **વિષ્ટિમાં** = ભદ્રા નામના જ્યોતિષશાસ્ત્રમાં પ્રસિદ્ધ કરણવિશેષમાં તે કલ્કી રાજા થયો. તેનું **ચતુર્મુખ** એવું **બીજું નામ પણ** હતું.

કહ્યું પણ છે... (ઉપર મુજબ સમજવું. માત્ર ત્રીજું નામ રુદ્ર પણ જણાવ્યું છે.)

नामत्रयेण विख्यातः पाटलीपुत्रपत्तने - इति (**त्रिषष्टिशलाका-पुरुषचरित्रे** १०/१३/७८-७९)।

स चार्थलोभातिशयाभिभूतः सन् मुनीनप्यर्थं याचिष्यते, करमददानाँश्च तान् रोत्स्यते । सकृत् पुरदेवताकृतनिर्भत्सनेन निवृत्ताग्रहोऽपि पुनरप्यासन्नमृत्युः कल्की सङ्घसहितान् मुनीन् गोवाटके न्यस्य भिक्षायाः षष्ठं भागं याचिष्यते । तदा च सङ्घकायोत्सर्गानुभावेन चलितासनः शक्रो वृद्धद्विजरूपेण तत्रागत्य राजपर्षदि कल्किनं वक्ष्यति-भिक्षुभ्यो भिक्षांशं याचमानः किं न लज्जसे ? मुञ्चामून्, अन्यथा ते महाननर्थो

---

પ્રભુ વીરે કહ્યું કે, ધનના અતિશય લોભથી પરાભૂત થઈને સાધુઓ પાસે પણ ધનયાચના કરશે. મુનિઓ કરવેરો નહીં આપે, ત્યારે તેમને કેદમાં પૂરશે. એક વાર પુરદેવતાના ઠપકાથી આગ્રહ છોડી દેશે. પણ ફરીથી અંત સમયે કલ્કી સંઘસહિત મુનિઓને ગાયના વાડામાં પૂરીને ભિક્ષાનો છઠ્ઠો ભાગ માંગશે. ત્યારે શ્રીસંઘના કાયોત્સર્ગના પ્રભાવે શક્રનું સિંહાસન ચલાયમાન થશે. શક્ર વૃદ્ધ બ્રાહ્મણના રૂપે ત્યાં આવીને રાજસભામાં કલ્કીને કહેશે કે, 'સાધુઓ પાસેથી ભિક્ષાનો ભાગ માંગતા તને શરમ નથી આવતી ? એમને છોડી દે, નહીં તો તારો મોટો અનર્થ થશે.' ત્યારે કલ્કીએ

भावी - इति । तदा क्रोधात् तदपसारणाज्ञाकारिणं कल्किनं शक्रश्चपेटाताडनाद् भस्मराशीकरिष्यति । तत्पश्चाद्वक्तव्यतां साक्षाद् गण्डिकाकृदेवाह -

**कक्की हणिउं दत्तं तप्पुत्तं सिक्खिउं करवि(?)इंदो ।**
**रज्जे ठविही सो पुण पुरे**
**पुरे चेइउं(यं) काही ॥६०॥**

**कल्किनं हत्वा** - उक्तरीत्या पञ्चतां प्रापय्य, **तत्पुत्रं दत्तं शिक्षयित्वा** - त्वया देवगुरुभक्तेन भाव्यमित्यादिहित-शिक्षां दत्त्वा, **इन्द्रस्तं राज्ये स्थापयिष्यति, स पुनः पुरे**

---

ક્રોધથી આદેશ કર્યો કે, 'આને અહીંથી કાઢી મુકો.' તે સમયે શક્રે તમાચો મારવાપૂર્વક કલ્કીને રાખનો ઢગલો કરી દીધો. તેના પછીની વાત સાક્ષાત્ ગંડિકાકાર જ કહે છે -

**ઈન્દ્ર કલ્કીને હણીને તેના પુત્ર દત્તને શીખવીને રાજ્યે સ્થાપશે. અને તે નગરે નગરે જિનાલય કરાવશે. ॥૬૦॥**

**કલ્કીને હણીને** - ઉપરોક્ત રીતે મૃત્યુ પમાડીને, **તેના પુત્ર દત્તને શીખવીને** = તારે દેવ-ગુરુના ભક્ત થવું, એવી હિતશિક્ષા આપીને, **ઈન્દ્ર તેને રાજ્યમાં સ્થાપશે, અને તે નગરે નગરે જિનાલય કરાવશે** = પિતાના પાપના

**पुरे चैत्यम्**-जिनालयम्, **कारयिष्यति**-पितृपापफलादिस्मृत्या सञ्जाताधिकपुण्यमतिर्विधापयिष्यति, तदाहुः - पितुः पापफलं घोरं शक्रशिक्षां च संस्मरन् । दत्तः करिष्यति महीमर्हच्चैत्य-विभूषिताम् - इति (**त्रिषष्टिशलाकापुरुषचरित्रे १०/१३/१२२**) ।

ननु नैतद्वृत्तं घटितं ज्ञायत इति चेत् ? सत्यम्, तथापि नाघटितमिति वक्तुं शक्यते, वर्तमानपाटलीपुत्रपुरस्यैव मूल-पाटलीपुरत्वे तथाविधप्रमाणाभावात्, मध्यखण्डस्योपलब्ध-देशादत्यधिकक्षेत्रत्वात्, अतिशयज्ञानाद्यन्तरेण तदभावविषय-

---

ફળ વગેરેને યાદ કરવાથી પુણ્ય કરવાની વધુ અભિલાષાથી નિર્માણ કરાવશે. કહ્યું પણ છે - પિતાના પાપનું ફળ અને ઈન્દ્રે કરેલી ભયંકર શિક્ષાને યાદ કરતો દત્ત ધરતીને અરિહંતના ચૈત્યોથી વિભૂષિત કરશે. (ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રે ૧૦/૧૩/૧૨૨)

**શંકા :-** આ વૃત્તાંત બન્યો હોય એવું જણાતું નથી.

**સમાધાન :-** સાચી વાત છે. પણ તો ય આ વૃત્તાંત બન્યો નથી એવું ન કહી શકાય. કારણ કે 'વર્તમાન પાટલીપુત્ર જ મૂળ પાટલીપુર છે' એ વાતમાં કોઈ પુષ્ટ પ્રમાણ નથી. વળી ભરતક્ષેત્રના મધ્યખંડનો જેટલો ભાગ વર્તમાનમાં મળે છે, તેના કરતાં તેનું ક્ષેત્ર ઘણું મોટું છે. વળી અતિશય જ્ઞાન વગેરે સિવાય તેના અભાવનો નિશ્ચય

निश्चयासम्भवात्, सर्वज्ञोक्तिप्रामाण्याद् भावनिश्चयसम्भवाच्च।

एवं यावत्पञ्चमारप्रान्तं जिनधर्मस्य निरन्तरा प्रवृत्तिर्भविष्यति । तत्पर्यन्ते तु यद् भावि तदाह –

**पंचमअरस्स अंते दोहत्थतणुअ वीसवरिसाऊ ।**
**कयछट्ठतवोकम्मं अट्ठमिअं दोकरावेइ ॥६१॥**

**पञ्चमारस्यान्ते द्विहस्ततनुकाः** हस्तद्वयप्रमाणदेहोच्छ्रयाः, **विंशतिवर्षाऽऽयुषः**, एवंरूपा मनुष्या भविष्यन्ति । **कृते**त्यादि। अत्राशयो न सम्यगवबुध्यते । तत्काले षष्ठमुत्कटं

---

સંભવિત નથી. વળી સર્વજ્ઞના વચનના પ્રામાણ્યથી તે ઘટના ઘટી - એવો નિશ્ચય થઈ શકે છે.

આ રીતે પાંચમા આરાના છેડા સુધી જૈન ધર્મની નિરંતર પ્રવૃત્તિ થશે. તેના છેડે તો જે થશે તે કહે છે -

**પાંચમા આરાના અંતે બે હાથના શરીરવાળા વીશ વર્ષના આયુષ્યવાળા મનુષ્યો થશે. કૃતષષ્ઠ તપકર્મ અષ્ટમિક દોકરાવેઈ (?) ॥૬૧॥**

પાંચમા આરાના અંતે બે હાથના શરીરવાળા = બે હાથ પ્રમાણ શરીરની ઊંચાઈવાળા, વીશ વર્ષના આયુષ્યવાળા આવા મનુષ્યો થશે. **કૃત** ઈત્યાદિ. અહીં

तपो भविष्यति, चरममुनिश्चाष्टमभक्तेन स्वर्गं गमिष्यतीति तु ग्रन्थान्तरतो विद्मः ।

पञ्चमारपर्यन्तभाविसाधुप्रभृतिनामान्याह -

**दुप्पसहो फग्गुसिरी नाइलसड्ढो अ सच्चसिरिसड्ढी ।**
**तह विमलवाहणनिवो सुमुहो**
**तह पच्छिमो मंती ॥६२॥**

**दुःप्रसहः फल्गुश्रीर्नागिलश्राद्धश्चसत्यश्रीश्राद्धी,** एतानि क्रमेणापश्चिमश्रमणश्रमणीश्रावकश्राविकाभिधानानि ।

---

આશય બરાબર સમજાતો નથી. તે કાળે 'છટ્ઠ' એ ઉત્કૃષ્ટ તપ હશે અને ચરમમુનિ અટ્ઠમપૂર્વક સ્વર્ગે જશે, એટલું અન્ય ગ્રંથથી જાણીએ છીએ.

પાંચમા આરાના છેડે જે સાધુ આદિ થશે, તેમના નામો કહે છે -

**દુઃપ્રસહ, ફલ્ગુશ્રી, નાગિલશ્રાવક અને સત્યશ્રી શ્રાવિકા, તથા વિમલવાહન રાજા તથા અંતિમ મંત્રી સુમુખ. ॥૬૨॥**

દુઃપ્રસહ, ફલ્ગુશ્રી, નાગિલ શ્રાવક અને સત્યશ્રી શ્રાવિકા, આ ક્રમથી ચરમ શ્રમણ, શ્રમણી, શ્રાવક અને

उक्तञ्च - दुप्पसहो अणगारो नामेण अपच्छिमो पवयणस्स। फग्गुसिरी समणीणं सा वि य समणीणऽपच्छिमिया ॥ सेट्ठी य नाइलो नाम गहवती सावगाण पच्छिमतो । सच्चसिरि साविगाणं सा वि य तइया अपच्छिमिया - इति (**तीर्थोद्गालौ** ८३९, ८४२) ।

**तथा विमलवाहननृपः तथा पश्चिमः** - अन्तिमः, **मन्त्री** - अमात्यः **सुमुखः** । किञ्च -

**वीसाउ दुप्पसहो एगवयारी दसालियधरो अ ।**
**सोहम्मे सायरओ चइउं तह सिज्झही भरहे ॥६३॥**

**दुःप्रसहः** - चरमयुगप्रधानाचार्यः, तमेव विशेषयति

---

શ્રાવિકાના નામો છે. કહ્યું પણ છે... (ઉપર મુજબ સમજવું.)

તથા વિમલવાહન રાજા તથા **ચરમ** = અંતિમ, **મંત્રી** = અમાત્ય સુમુખ થશે. વળી -

**દુઃપ્રસહ વીશ (વર્ષના) આયુષ્યવાળા, એકાવતારી, દશવૈકાલિકધારી, સૌધર્મમાં સાગરક તથા ભરતમાં સિદ્ધ થશે. ॥૬૩॥**

**દુઃપ્રસહ** = ચરમ યુગપ્રધાન આચાર્ય, તેમને જ

**विंशत्यायुः** - विंशतिसंवत्सरभवस्थितिकः, तत्कालीनोत्कृष्टायुर्धारक इत्यर्थः, तमेव विशेषयति - स्वर्गगमनानन्तरं सिद्धिप्राप्तेरर्वागेक एवावतारोऽवशिष्यते यस्य सः - **एकावतारी**, पुनस्तमेव विशेषयति - **दशकालिकधरः** - दशवैकालिकानुयोगधारकः, उक्तञ्च - सो दाइ अट्ठवासो दियलोयसुहं सुयं अणुगणेंतो । पव्वइही दुप्पसहो अणुसट्ठो नाइलज्जेणं ॥ सो पव्वइतो संतो महया जोगेण सुंदरुज्जोगो । कम्मक्खतोवसमियं सिक्खीहि सुतं दसवेतालं ॥ दसवेतालियधारी पुज्जीहि जणेण जह व दसपुव्वी । सो पुण

---

વિશેષિત કરે છે- વીશ વર્ષના આયુષ્યવાળા, અર્થાત્ તે કાળના ઉત્કૃષ્ટ આયુષ્યના ધારક. તેમને જ વિશેષિત કરે છે- સ્વર્ગગમન બાદ મોક્ષની પ્રાપ્તિ પૂર્વે જેમનો એક જ અવતાર બાકી રહ્યો છે, તેવા = **એકાવતારી**, ફરી તેમને જ વિશેષિત કરે છે. **દશકાલિકધર** = દશવૈકાલિક અનુયોગના ધારક. કહ્યું પણ છે - દિવ્યલોકના સુખ અને શ્રુતનું (પૂર્વભવના સંસ્કારથી) અનુગુણન કરતાં (સ્મરણ કરતા) આઠ વર્ષના દુઃપ્રસહને નાગિલાર્ય પ્રતિબોધ કરશે અને તેઓ દીક્ષા લેશે. દીક્ષા લીધા બાદ તેઓ મહાન યોગથી સુંદર ઉદ્યોગવાળા, કર્મના ક્ષયોપશમપૂર્વક દશવૈકાલિક શ્રુતને ભણશે. દશવૈકાલિકધારી એવા તેમને

सुट्ठुतरागं पुज्जीही समणसंघेणं - इति (**तीर्थोद्गालौ** ८३२-८३४) ।

स च पर्यन्तेऽष्टमभक्तेन **सौधर्मे** कल्पे **सागरकः**, सागरनाम्नि विमान उत्पत्स्यते, **तथा च्युत्वा भरते सेत्स्यति**, मनुजजन्मावाप्यापुनरागतिं गतिं गमिष्यतीत्यर्थः, तदाह - उववज्जिही विमाणे सागरनामम्मि सो य सोहम्मे । तत्तो य चइत्ताणं सिज्झीही नीरजो धीरो - इति (**तीर्थोद्गालौ** ८६०)।

ननु सागरोपमं तत्र तदायुरित्येव तात्पर्यं भविष्यति, न तु सागरसञ्ज्ञविमानोत्पत्ताविति चेत् ? न, शास्त्रान्तरविरोधात्,

---

લોકો દશપૂર્વીની જેમ પૂજશે અને શ્રમણસંઘ તો તેમને વધુ સારી રીતે પૂજશે. (તીર્થોદ્ગાલિ ૮૩૨-૮૩૪)

અને તેઓ અંતસમયે અટ્ઠમ તપ કરવા સાથે સૌધર્મ કલ્પમાં **સાગરક** = સાગર નામના વિમાનમાં ઉત્પન્ન થશે. **તથા ચ્યવીને ભરતમાં સિદ્ધ થશે** = મનુષ્યજન્મ પામીને જ્યાંથી ફરી પાછા આવવાનું નથી તેવી ગતિમાં જશે. કહ્યું પણ છે... (ઉપર મુજબ સમજવું)

**શંકા** - દેવલોકમાં તેમનું આયુષ્ય એક સાગરોપમ હશે - એવું કહેવાનું તાત્પર્ય હશે, સાગર નામના વિમાનમાં ઉત્પન્ન થશે, એવું તાત્પર્ય નહીં હોય.

तथा च तद्वचः - अट्ठमभत्तेण कयाणसणो सोहम्मे कप्पे पलिओवमाओसरो (?) एगावयारो उप्पिज्जहइ दुप्पसहो सूरि - इति (**तीर्थकल्पे २०**) ।

ततोऽपि

**पच्चुसे जिणधम्मो मज्झण्हे नासई अ नयधम्मो ।**
**अग्गी अ पच्छिमण्हे दुसमाए अंतदिवसंमि ॥६४॥**

**दुःषमाया अन्तदिवसे** - चरमदिने **प्रत्यूषे** - प्रातः-काले, **जिनधर्मो नङ्क्ष्यति**, धर्मिविरहे धर्मावस्थानासम्भवात्,

---

**સમાધાન** - ના, કારણ કે એમ માનતા અન્ય શાસ્ત્રથી વિરોધ આવે. અન્ય શાસ્ત્રમાં કહ્યું છે - અટ્ઠમ તપ પૂર્વક અનશન કરીને દુપ્પસહસૂરિજી સૌધર્મ દેવલોકમાં પલ્યોપમ આયુષ્યવાળા એકાવતારી (દેવપણે) ઉત્પન્ન થશે. (તીર્થકલ્પ ૨૦).

ત્યારબાદ -

**દુઃષમાના ચરમદિને સવારે જિનધર્મ, બપોરે ન્યાય ધર્મ અને સાંજે અગ્નિ નાશ પામશે. ॥૬૪॥**

**દુઃષમાના અંતદિને** = છેલ્લા દિવસે, **જિનધર્મનો નાશ થશે**, કારણ કે ધર્મિના અભાવે ધર્મનું અવસ્થાન

तद्विरहश्चान्तिमसाध्वादेः स्वर्गगमनात्, **मध्याह्ने च नयधर्मः** - न्यायमुद्रा नाशमेष्यति, तत्प्रवर्त्तकराजादिव्युच्छेदात्, **पश्चिमाह्ने** -अपराण्हे **च अग्निः**-अनलः व्युत्छेत्स्यति, तदाहुः-पूर्वाह्नेऽथ चरित्रस्य समुच्छेदो भविष्यति । मध्याह्ने राजधर्मस्या-पराह्ने जातवेदसः-इति (**त्रिषष्टिशलाकापुरुषचरित्रे १०/१३/१५२**) ।

एवं दुःषमारसमाप्तौ प्रारप्स्यते दुःषमदुःषमाभिधः षष्ठारः, तस्मिंश्च कीदृशा मनुष्या भविष्यन्तीत्याह -

**घोरमुह मच्छभक्खा किसणा वियडा मणू निरयगामी ।**
**छट्ठंते इगहत्था बिलवासी वीसवरिसाऊ ॥६५॥**

---

સંભવિત નથી. ધર્મિનો અભાવ એટલા માટે કે અંતિમ સાધુ વગેરે ત્યારે સ્વર્ગે જશે **અને બપોરે નયધર્મ** = ન્યાયમર્યાદા નાશ પામશે, કારણ કે તેના પ્રવર્તક રાજા વગેરેનો વિચ્છેદ થશે **અને સાંજે અગ્નિનો** વિચ્છેદ થશે. તે કહ્યું પણ છે... (ઉપર મુજબ સમજવું.)

આ રીતે દુઃષમા આરો સમાપ્ત થતા દુઃષમાદુઃષમા નામનો છઠ્ઠો આરો શરૂ થશે અને તેમાં કેવા મનુષ્યો થશે, એ કહે છે -

**ભયંકર મુખવાળા, માછલીનું ભોજન કરનારા, કૃશ, નિર્વસ્ત્ર, નરકગામી, છઠ્ઠાના અંતે એક હાથની અવગાહના**

**घोरमुखाः** - दर्शनमात्रतोऽप्यतिसाध्वससम्पादकशिरसः, **मत्स्यभक्ष्याः** - मीनभोजनाः, **कृशाः** - दभ्रगात्राः, **विवृताः** - वस्त्रादिभिरसंवृता नग्ना इति यावत्, **निरयगामिनः** - प्रायो नरकयायिनः, **षष्ठान्ते** - अतिदुःषमाभिधषष्ठारपर्यन्तभागे तु **एकहस्ताः** - रत्निमात्रप्रमाणदेहोच्छ्रायाः, **बिलवासिनः** - वैताढ्यगिर्यन्तर्गतद्वासप्ततिदरीविशेषवसतयः, **विंशतिवर्षायुषः** - उत्कृष्टतोऽपि विंशतिसंवत्सरभवस्थितयः, एतच्च

---

**વાળા, ગુફાવાસી, વીશ વર્ષના આયુષ્યવાળા મનુષ્યો (થશે.) ॥૬૫॥**

**ભયંકર મુખવાળા** = જેમને જોવા માત્રથી પણ અત્યંત ડર લાગે એવા મસ્તક વાળા, **મત્સ્યભક્ષ્ય** = માછલી ખાનારા, **કૃશ** = ક્ષીણ શરીરવાળા, **વિવૃત** = વસ્ત્ર વગેરેથી નહીં ઢંકાયેલ શરીરવાળા = નગ્ન, નરકગામી = પ્રાયઃ નરકમાં જનારા, **છટ્ઠાના અંતે** - અતિદુઃષમા નામના છઠ્ઠા આરાના અંત ભાગે, **એક હાથવાળા** = માત્ર એક હાથની ઊંચાઈ ધરાવતા શરીરવાળા, **ગુફામાં રહેનારા** = વૈતાઢ્ય પર્વતની અંતર્ગત બોત્તેર ગુફાવિશેષોમાં નિવાસ કરનારા, **વીશ વર્ષના આયુષ્યવાળા** = ઉત્કૃષ્ટથી પણ વીશ વર્ષની ભવસ્થિતિના

पुरुषानधिकृत्य द्रष्टव्यम्, स्त्रीणां तु षोडशाब्दप्रमाणायुष्कत्वात्, एवंविधा **मनुष्याः** भविष्यन्ति ।

किञ्च,

**वासाण वीससहस्स नवसय**
**तिगमास पंचदिण पहरा ।**
**इक्का घडिआ दो पल अक्खर**
**अडयाल जिणधम्मो ॥६६॥**

अक्षरार्थः सुगमः, तात्पर्यं तु तथाविधसम्प्रदाय-विरहान्नावबुध्यते । अन्यत्रैषा गाथा लेशविशेषत उपलभ्यते,

---

ધારક. આ વાત પુરુષોને આશ્રીને સમજવી, કારણ કે સ્ત્રીઓ તો સોળ વર્ષ પ્રમાણ આયુષ્યવાળી હોય છે. એવા **મનુષ્યો** થશે.

વળી,

**વીશ હજાર નવસો વર્ષ, ત્રણ મહિના, પાંચ દિવસ, પ્રહર, એક ઘડી, બે પલ, અડતાલીશ અક્ષર, જિનધર્મ. ॥૬૬॥**

અક્ષરાર્થ સુગમ છે. ભાવાર્થ તો તથાવિધ સંપ્રદાય (ગુરુપરંપરાથી આવેલ અર્થ)ના અભાવે જણાતો નથી.

यथा - वासाण वीससहस्सा नव सय **छम्मास** पंचदिण पहरा । इक्का घडिया दो पल अक्खर अडयाल जिणधम्मो - इति (रत्नसञ्चये ८४) ।

किञ्च,

**दुसम दसमच्छरिअं भसमग्ग छेवट्ठ दाहिणं खेत्तं ।**
**विसमविसपंचगेहिं नरतिरिया ते जए विरला ॥६७॥**

**दुःषमा** - प्रकृत्यैव दुष्टः कालः, तस्मिन्नपि **दशाश्चर्याणि**, मकारोऽलाक्षणिकः, तानि च जिनोपसर्गादीनि प्रसिद्धानि, एतच्च प्रकृतावसर्पिण्या एव वैषम्यज्ञापकम्,

---

અન્યત્ર આ ગાથા થોડા ફેરફાર સાથે મળે છે, જેમ કે... (ત્રણ માસની બદલે છ માસ છે.) વળી,

**દુઃષમા, દશ આશ્ચર્ય, ભસ્મગ્રહ, સૈવાર્ત્ત (સંઘયણ), દક્ષિણનું ક્ષેત્ર, વિષમ-વિષ પંચકથી જે નર-તિર્યંચ છે, તે જગતમાં વિરલ છે. ॥૬૭॥**

**દુઃષમા** = સ્વભાવથી જ દુષ્ટકાળ, તેમાં પણ દશ આશ્ચર્યો, અહીં 'મ'કાર છે તે અલાક્ષણિક છે. દશ આશ્ચર્યો જિનોપસર્ગ વગેરે પ્રસિદ્ધ છે. આ વસ્તુ પ્રસ્તુત અવસર્પિણીની જ વિષમતાને જણાવે છે, તેમાં પણ **ભસ્મગ્રહ**ની અસર, તેમાં પણ **સેવાર્ત્ત** સંઘયણ =

तस्मिन्नपि **सेवार्त्तं** संहननम्, शिथिलतमास्थिबन्धविशेषः, अत्यल्पं शारीरं बलमित्यशयः, तथा **दाक्षिणम्** - दक्षिणदिशाभवम्, **क्षेत्रम्** - आकाशांशविशेषः, एतदपि दोषपोषनिबन्धनम्, तद्वतां तत्रोत्पादस्यागमाभिहितत्वात् ।

एवं विषमतया विषवद्दुष्टं चैतदनन्तरोक्तं पञ्चकम् - **विषमविषपञ्चकम्,** तस्मिन् सति, वचनविभक्तिव्यत्ययः प्राकृतत्वात्, **जगति** ये धर्मनिरतास्ते **नरतिर्यञ्चो विरलाः** - अतिस्तोकाः, अन्यथापि विशिष्टसत्त्वसाध्यत्वाद्धर्मस्योक्त-

---

હાડકાઓનું સૌથી શિથિલ જોડાણ, અત્યંત ઓછું શારીરિક બળ એમ કહેવાનો આશય છે. **દક્ષિણનું** = દક્ષિણ દિશામાં રહેલું, **ક્ષેત્ર** = આકાશનો અંશવિશેષ, આ પણ દોષોની પુષ્ટિ કરનારું કારણ છે. કારણ કે દોષિત આત્માઓ ત્યાં વધારે ઉત્પન્ન થાય છે, એવું આગમમાં કહ્યું છે.

આ રીતે વિષમ હોવાથી વિષની જેમ દુષ્ટ એવું હમણા કહેલું પંચક = **વિષમવિષપંચક**, આ સ્થિતિમાં, વચન અને વિભક્તિનો વ્યત્યય પ્રાકૃત હોવાને કારણે થયો છે. **જગતમાં** જેઓ ધર્મમગ્ન છે **તે મનુષ્યો અને તિર્યંચો વિરલ છે** = ખૂબ થોડા છે, કારણ કે સાનુકૂળ પરિસ્થિતિમાં પણ ધર્મને સાધવા માટે વિશિષ્ટ સત્ત્વની

विषपञ्चके दुराराध्यत्वादिति ।

यच्च षष्ठारमनुष्यानां बिलवासित्वमुक्तम्, तत्र बिल-विषयवक्तव्यतामाह -

**नव नव दुतडसन्ने रहचक्कवहिण गंगसिंधूणं ।**
**सव्वे वि बिल बहुत्तरि वेअड्ढे आरओ परओ ॥६८॥**

**रथचक्रवाहिन्योः** - यावत् स्यन्दनचक्रयोरन्तरं भवति तावत्प्रमाणमात्रायततया वहन्तीनाम्, **गङ्गासिन्ध्वोः** नद्योः **द्वितटासन्ने** - तीरद्वयसमीपे, **नव नव**, अष्टवारं नव-

---

આવશ્યકતા હોય છે, માટે ઉપરોક્ત પાંચ વિષની હાજરીમાં ધર્મ વિશેષથી દુષ્કર છે.

છટ્ઠા આરાના મનુષ્યો ગુફાવાસી હોય છે, એવું જે કહ્યું, તેમાં ગુફાની વાત કહે છે -

**રથચક્રવાહિની ગંગા-સિંધુના બંને કિનારા પાસે નવ નવ... વૈતાઢ્યની આ બાજુ-પેલી બાજુ, સર્વ ગુફા બોત્તેર છે. ॥૬૮॥**

**રથચક્રવાહિની**=રથના બે પૈડાં વચ્ચે જેટલું અંતર હોય તેટલી પહોળાઈથી વહેતી, **ગંગા-સિંધુ** નદીઓના **બંને કિનારા** પાસે, **નવ નવ**, આઠ વાર નવ સંખ્યાવાળી ગુફાઓ

सङ्ख्याका बिला इत्याशयः, एवं **वैताढ्ये** पर्वते **आरतः परतश्च**, उभयभाग इत्यर्थः, **सर्वेऽपि बिला द्वासप्ततिः**, तदाहुः - तदा रथपथमात्रं गङ्गासिन्धुनदीजलम् । प्रवक्ष्यन्ति चलन्मत्स्यकच्छपादिभिराचितम् ॥ भाविनो बिलवासाश्च गिरौ वैताढ्यनामनि । द्वासप्ततिर्नद्युभयतटभूषु बिलानि तु । कूले कूले कूलिनीनां बिलानि नव तत्र च - इति (त्रिषष्टिशलाका-पुरुषचरित्रे १०/१३/१६८, १६५, १६६) ।

**छवरिसे गब्भधरा इत्थी छसत्तअरएसु तह ।**
**अट्ठमए नीर-खीर-घय-अमिअ-रस-सममेहा ॥६९॥**

---

એવો આશય છે. આ રીતે **વૈતાઢ્ય** પર્વતમાં **આ બાજુ** અને **પેલી બાજુ**, બંને ભાગે એવો અર્થ છે, **સર્વ ગુફાઓ બોત્તેર** છે. કહ્યું પણ છે - ત્યારે રથના માર્ગ જેટલું ગંગા અને સિંધુ નદીનું પાણી વહેશે. તે પાણી પણ તેમાં ચાલતા માછલા, કાચબા વગેરેથી ભરેલું હશે. વૈતાઢ્ય નામના પર્વતમાં બોત્તેર ગુફાનિવાસો થશે. નદીઓના બંને કાંઠે ગુફાઓ થશે. તેમાં નદીઓમાં કિનારે કિનારે નવ ગુફાઓ થશે. (ત્રિ.પુ.ચ. ૧૦/૧૩/૧૬૮, ૧૬૫, ૧૬૬)

**તથા છઠ્ઠા-સાતમા આરાઓમાં સ્ત્રી છ વર્ષે ગર્ભવતી (થશે.) આઠમામાં નીર-ક્ષીર-ઘી-અમૃત-રસ સમાન મેઘો થશે. ॥૬૯॥**

**तथा षष्ठसप्तमारयोः**, अवसर्पिण्यन्तिमारोत्सर्पिण्यादिमारयोरित्यर्थः, **स्त्री** - वनिता, जन्मतः **षड्वर्षे गर्भधरा** भविष्यति, तदातनषोडशवर्षायुष्कस्याधुनिकवर्षशतायुःसमानत्वात्, अत एवाह-छव्वरिसी गब्भधरी होही नारी उ दुक्खबीभच्छा । दच्छिंति पुत्तनत्तुय दससोलसवासिया थेरा ॥ सोलसवासा महिला पणत्तुए नत्तुए य दच्छिंति । एगंतदूसमाए पुत्तपउत्तेहिं परिकिण्णा - इति (तीर्थोद्गालौ ९४७, ९४८) ।

**अष्टमके** - उत्सर्पिणीसम्बन्धिद्वितीयारे, **नीरक्षीरघृतामृतरससममेघा** वर्षिष्यन्ति । वस्तुतस्त्वेते तदाद्यारपर्यन्ते

---

**તથા છટ્ઠા-સાતમા આરામાં** = અવસર્પિણીના છેલ્લા આરામાં અને ઉત્સર્પિણીના પહેલા આરામાં, **સ્ત્રી** = મહિલા, જન્મથી **છ વર્ષે ગર્ભવતી** થશે, કારણ કે તે સમયનું સોળ વર્ષનું આયુષ્ય વર્તમાનના સો વર્ષના આયુષ્ય સમાન હશે. માટે જ કહ્યું છે - એકાંત દુઃષમામાં છ વર્ષની સ્ત્રી ગર્ભવતી થઈ દુઃખી થશે અને જુગુપ્સનીય શરીરવાળી થશે. દશ અને સોળ વર્ષના વૃદ્ધો પુત્રોને પૌત્રોને જોશે. પુત્ર-પ્રપૌત્રોથી ઘેરાયેલી સોળ વર્ષની સ્ત્રી પ્રપૌત્રો અને પૌત્રોને જોશે. (તીર્થોદ્ગાલિ ૯૪૭-૯૪૮)

આઠમે = ઉત્સર્પિણીના બીજા આરામાં, જળ-દૂધ-ઘી-અમૃત-રસ સમાન મેઘો વરસશે.

वर्षिष्यन्ति, तथाप्यतिनिकटकालीनत्वादत्र द्वितीयार इत्यभिहितम् । एतेषां मेघानां प्रत्येकं कालमानं फलं चाह -

**इक्विक्को सत्तदिणे वरिसीही तत्थ निच्छुवइ पुढवी।**
**पढमो बीओ धन्नो मे(ने)हो तइओ चउत्थो अ ॥७०॥**

**एकैकः** - प्रत्येको मेघः, **सप्त दिनान्** यावद् **वर्षिष्यति** । **तत्र प्रथमो** मेघः **पृथ्वीम्** - महीम्, **निःस्पृशति** - निर्वापयति । **द्वितीयो** मेघः **धान्यम्** उत्पादयति । **तृतीयो** मेघः **स्नेहं** जनयति । **चतुर्थश्च** मेघः

---

હકીકતમાં તો આ મેઘો ઉત્સર્પિણીના પ્રથમ આરાના અંતે વરસશે. પણ અત્યંત નજીકના કાળમાં હોવાથી અહીં બીજા આરામાં એમ કહ્યું છે. આ પ્રત્યેક મેઘોનું કાળપ્રમાણ અને ફળ કહે છે -

**એક-એક સાત દિવસ સુધી વરસશે, તેમાં પ્રથમ પૃથ્વીને શાંત કરે છે. બીજો ધાન્ય, ત્રીજો સ્નેહ અને ચોથો... ॥૭૦॥**

**એક-એક** = પ્રત્યેક મેઘ, સાત દિવસ સુધી વરસશે. તેમાં **પહેલો** મેઘ **પૃથ્વીને** = ધરતીને **નિસ્પર્શ કરે છે**- શાંત કરે છે. **બીજો** મેઘ **અનાજ** ઉત્પન્ન કરે છે. **ત્રીજો** મેઘ **ચીકાશ** ઉત્પન્ન કરે છે અને **ચોથો** મેઘ...

**पोसेइ ओसहीओ तह रसदव्वाइ पंचमो मेहो ।**
**अणवंमि इरिअंमिय सिलागपुरिसाण तेवट्ठा ॥७१॥**

**ओषधीन् पोषयति, तथा पञ्चमो मेघो रसद्रव्याणि** करोति, पृथिव्यादीनां रसं करोतीत्यर्थः, यथोक्तम् - उत्सर्पिण्यां दुःषम-दुःषमान्तसमयेऽम्बुदाः । भाविनः पञ्च सप्ताहवर्षिणस्ते पृथक् पृथक् ॥ तत्राद्यः पुष्करो नाम महीं निर्वापयिष्यति । द्वितीयः क्षीरमेघाख्यो धान्यानुत्पादयिष्यति ॥ तृतीयो घृतमेघाख्यः स्नेहं सञ्जनयिष्यति । तुर्यस्त्वमृतमेघाख्य ओषध्यादि करिष्यति ॥ पृथ्व्यादीनां रसं कर्ता रसमेघश्च पञ्चमः । पञ्चत्रिंशद्दिनीं वृष्टिर्भाविनी सौम्यदुर्दिनाः - इति (त्रिषष्टिशलाकापुरुषचरित्रे १०/१३/१७३-१७६) ।

ततश्च यथा **अणवम्मि** त्ति अवसर्पिण्यां तथा **इरिअमि**

---

**ઔષધિઓને પુષ્ટ કરે છે. તથા પાંચમો મેઘ રસદ્રવ્યો (કરે છે.) અવસર્પિણીની જેમ ઉત્સર્પિણીમાં પણ ત્રેસઠ શલાકા પુરુષ (થશે.) ॥૭૧॥**

**ઔષધિઓને પુષ્ટ કરે છે. તથા પાંચમો મેઘ** રસદ્રવ્યોને કરે છે = પૃથ્વી વગેરેના રસને ઉત્પન્ન કરે છે. જેમ કે કહ્યું છે... (ઉપર મુજબ સમજવું.)

અને પછી જેમ **અવસર્પિણીમાં** એમ **ઉત્સર્પિણીમાં**

**य** त्ति उत्सर्पिण्यामपि **शलाकापुरुषानाम्** - तीर्थकरादीनां **त्रिषष्टिः** बोद्धव्या । यथाभिहितम् - भाविन्यां तु पद्मनाभः शूरदेवः सुपार्श्वकः - इत्यादि (अभिधानचिन्तामणौ १-५३)। उपसंहरति -

**अबुहजणजाणणत्थं सरणत्थं अप्पणो समासेण ।**
**कालचक्कस्स गाहा पइपहुसूरीहिं उद्धरिया ॥७२॥**

**अबुधजनज्ञापनार्थम्** - दुःषमारभावानभिज्ञलोकावगमनहेतोः, प्रयोजनान्तरमाह - **आत्मनश्च स्मरणार्थम्**, सत्यपि

---

પણ **શલાકાપુરુષો** - તીર્થંકરો વગેરે, **ત્રેસઠ** સમજવા. જેમ કે કહ્યું છે - ભાવિ ચોવીશીમાં પદ્મનાભસ્વામી, શૂરદેવસ્વામી, સુપાર્શ્વસ્વામી ઈત્યાદિ. (અભિધાનચિંતામણિ ૧-૫૩)

હવે ઉપસંહાર કરે છે -

**અજ્ઞ લોકને જણાવવા માટે, પોતાના સ્મરણ માટે પ્રતિપ્રભુસૂરિજીએ સંક્ષેપથી કાલચક્રની ગાથા ઉદ્ધૃત કરી છે. ॥૭૨॥**

**અજ્ઞ લોકને જણાવવા માટે** = દુષમા આરાના ભાવોથી અજાણ લોકને જ્ઞાન થાય એ માટે, અન્ય પ્રયોજન કહે છે - અને **પોતાના સ્મરણ માટે**, કારણ કે

ज्ञाने पुनः पुनः स्मरणविरहे विस्मृतिप्रसक्तेः, प्रस्तुतग्रन्थकर्तृभिः **प्रतिप्रभुसूरिभिः कालचक्रस्य गाथाः** - सुषमसुषमाद्यरनिर्मिताध्वरथाङ्गप्रतिपादिका आर्याः, **समासेन** - सङ्क्षेपतः, तद्रुचिसत्त्वानुग्रहार्थत्वात्प्रयासस्य, **उद्धृताः** - मूलस्थानाविसंवादितयाऽऽगमतः पृथगवस्थापिताः । मिथ्याऽस्तु दुःसन्दब्धं मम । कृतकृपाः शोधयन्तु बहुश्रुताः ।

---

જ્ઞાન હોવા છતાં પણ ફરી ફરી સ્મરણ ન કરાય તો વિસ્મરણ થઈ જવાની આપત્તિ આવે. પ્રસ્તુત ગ્રંથના કર્તા **પ્રતિપ્રભુસૂરિજીએ કાલચક્રની ગાથા** = સુષમસુષમા વગેરે આરા દ્વારા બનેલ સમયચક્રનું પ્રતિપાદન કરનારી ગાથા, **સમાસથી** = સંક્ષેપથી, કારણ કે પ્રસ્તુત ગ્રંથરચનાનો પ્રયાસ સંક્ષેપરુચિ જીવો પર અનુગ્રહ કરવા માટે કર્યો છે. **ઉદ્ધૃત કરી** = મૂળ સ્થાન સાથે વિસંવાદ ન આવે એ રીતે આગમથી અલગ વ્યવસ્થાપિત કરી. મેં દોષયુક્ત ગ્રંથગુંફન કર્યું હોય તો તે મિથ્યા થાઓ. કૃપા કરીને બહુશ્રુતો આનું સંશોધન કરે.

इति

चरमतीर्थपतिश्रमणभगवन्महावीरस्वामिशासने

युगादिदेवश्रीआदिनाथपुण्यसान्निध्ये

श्री अठवालाइन्स जैन सङ्घ - सुरतमध्ये

२०६७तमे वैक्रमेऽब्दे कार्तिकीपूर्णिमायां

तपागच्छीयाचार्यदेवश्रीमद्विजयप्रेम-भुवनभानु-पद्म-हेमचन्द्रसूरीश्वरशिष्य-

आचार्यविजयकल्याणबोधिसूरिसंवर्णिता

श्रीप्रतिप्रभुसूरिविरचितदुःषमगण्डिकाग्रन्थे नूतनवृत्तिरूपा

दुःषमोपनिषद्

---

ઇતિ

ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીરસ્વામિશાસને

યુગાદિદેવ શ્રી આદિનાથ પુણ્યસાન્નિધ્યે

શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ-સુરત મધ્યે

વિ.સં. ૨૦૬૭ - કારતક પૂર્ણિમા દિને

તપાગચ્છીય આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-

હેમચન્દ્રસૂરીશ્વરશિષ્ય

આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ સંવર્ણિતા

શ્રી પ્રતિપ્રભુસૂરિવિરચિત દુઃષમગંડિકા ગ્રંથ પર નૂતનવૃત્તિ રૂપ

દુઃષમોપનિષદ્

## પરિશિષ્ટ-૧

### શ્રી હર્ષનિધાનસૂરિકૃત
### રત્નસંચય પ્રકરણ અંતર્ગત દુઃષમાસ્વરૂપ

#### પાંચમા આરાને અંતે રહેવાનો સંઘ વગેરે

**दुप्पसहो फग्गुसिरी, नाइलसड्ढो अ सच्चसिरिसड्ढी ।**
**तह विमलवाहणनिवो, सुमुहो अपच्छिमो मंती ॥८०॥**

**અર્થ :** દુષ્પ્રસભ નામના સૂરિ, ફલ્ગુશ્રી નામની સાધ્વી, નાગિલ નામનો શ્રાવક, સત્યશ્રી નામની શ્રાવિકા તથા વિમલવાહન નામનો રાજા અને સુમુખ નામનો મંત્રી - આટલા જણ પાંચમા આરાને છેડે છેલ્લા થવાના છે. (૦)

#### દુષ્પ્રસભસૂરિનું જ્ઞાન તથા ગતિ વગેરે

**दसविआलियधारी, वीसवरिसाऊ हत्थदुगदेही ।**
**छट्ठस्स तवो य तहा, बारसवरिसेहि सामन्नं ॥८१॥**

**અર્થ :** દુષ્પ્રસભસૂરિ દશવૈકાલિક સૂત્રના જાણનાર થશે, તેનું વીશ વર્ષનું આયુષ્ય અને બે હાથનું શરીર

હશે, ઉત્કૃષ્ટ છઠ્ઠ તપ કરશે, તથા બાર વર્ષની વયે તે દીક્ષા ગ્રહણ કરશે. (૮૧)

**अट्ठमभत्तस्स अंते, सुहमे सारए विमाणम्मि ।**
**देवो तओ अ चविउं, दुप्पसहो सिज्झिही भरहे ॥८२॥**

**અર્થ :** અંત સમયે તે અઠ્ઠમ તપ કરી સુધર્મા નામના પ્રથમ દેવલોકમાં સારદ નામના વિમાનમાં દેવ થશે. ત્યાંથી ચવી તે દુષ્પ્રસભસૂરિનો જીવ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થઈ ચારિત્ર પાળી સિદ્ધિ પદને પામશે. (૮૨)

## પાંચમા આરાના અંતના ભાવ

**समत्ते जिणधम्मे, मज्झन्ने नासई य निवधम्मो ।**
**अग्गी वि पच्छिमस्सन्ने, दुसमाए अंतदेसंमि ॥८३॥**

**અર્થ :** દુષમા નામના પાંચમા આરાને અંતે પહેલે પહોરે જિનધર્મ સમાપ્ત થશે, મધ્યાન્હે (બીજા પહોરે) રાજધર્મ નાશ પામશે એટલે રાજા અને મંત્રી વીજળી પડવાથી મૃત્યુ પામશે, પાછલે (ત્રીજે) પહોરે અગ્નિ પણ નાશ પામશે. (દુષ્પ્રસભ આચાર્ય, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારે ઉપાશ્રયમાં એક સાથે મૃત્યુ પામશે.) (૮૩)

## પાંચમા આરામાં જિનધર્મની સ્થિતિનું કાળમાન

**वासाण वीससहस्सा, नव सय छम्मास पंचदिण पहरा ।**
**इक्का घडिया दो पल, अक्खर अडयाल जिणधम्मो ॥८४॥**

**અર્થ :** પાંચમા દુષમ આરામાં વીશ હજાર ને નવસો વર્ષ, છ માસ, પાંચ દિવસ, એક પહોર, એક ઘડી, બે પળ અને અડતાળીશ અક્ષર (વિપળ) એટલો વખત જિનધર્મ રહેશે. (૮૪) (આ પ્રમાણેના કાળપ્રમાણનો હેતુ સમજાતો નથી. કેમ કે સામાન્ય રીતે ૨૧૦૦૦ વર્ષ પર્યંત જૈનધર્મ રહેશે એમ ક્ષેત્રસમાસમાં પણ કહેલ છે.) આ ગાથા દીવાળી કલ્પની છે, એમ ૩૫૦ ગાથાના સ્તવનમાં ઉપાધ્યાયજી મહારાજ લખે છે. જુઓ તેની ઢાળ ૧૬મી ગાથા ૧૭મી.

## ગૌતમ તથા સુધર્મા સ્વામીનો નિર્વાણ સમય

**वीरजिणे सिद्धिगए, बारसवरिसेहि गोयमो सिद्धो ।**
**तह वीराओ सोहम्मो, वीसवरिसेहि सिद्धिगओ ॥२६६॥**

**અર્થ :** શ્રી મહાવીર જિનેશ્વર મોક્ષે ગયા ત્યારપછી બાર વર્ષે ગૌતમ સ્વામી મોક્ષે ગયા, તથા મહાવીર

સ્વામીના નિર્વાણથી વીશ વર્ષ ગયા ત્યારે સુધર્માસ્વામી સિદ્ધિમાં ગયા. (૨૬૬)

## જંબૂસ્વામીના નિર્વાણનો સમય તથા તે સાથે દશ સ્થાનોનો વિરહ

**सिद्धिगए वीरजिणे, चउसट्ठिवरिसेहि जंबुणा मुत्ति ।**
**केवलणाणेण समं, वुच्छिन्ना दस इमे ठाणा ॥२६७॥**
**मण१ परमोह२ पुलाए३, आहार४ खवग५ उवसम्मे६ ।**
**कप्पे७ संजमतिग८ केवल९**
**सिद्धि१० जंबुम्मि वुच्छिन्ने ॥२६८॥**

**અર્થ :** શ્રી મહાવીર જિનેશ્વર સિદ્ધિપદ પામ્યા પછી ચોસઠ વર્ષે જંબૂસ્વામીની મુક્તિ થઈ છે. તેમની સાથે કેવલજ્ઞાન સહિત આ દશ સ્થાનો વિચ્છેદ થયા છે. મનઃપર્યવ જ્ઞાન ૧, પરમાવધિ જ્ઞાન ૨, પુલાકલબ્ધિ ૩, આહારક શરીર ૪, ક્ષપકશ્રેણિ ૫, ઉપશમશ્રેણિ ૬, જિનકલ્પ ૭, પહેલા ત્રણ ચારિત્ર (સૂક્ષ્મસંપરાય, પરિહાર વિશુદ્ધિ અને યથાખ્યાત) ૮, કેવળજ્ઞાન ૯ અને મોક્ષ ૧૦ - આ દશ સ્થાનકો જંબૂસ્વામીની સાથે વિચ્છેદ થયા છે. (૨૬૭-૨૬૮)

## બીજી વસ્તુઓના વિચ્છેદનો સમય

**पुव्वाणं अणुओगो, संघयण पढमयं च संठाणं ।**
**सुहुममहापाणझाणं, वुच्छिन्ना थूलभद्दम्मि ॥२६९॥**

**અર્થ :** છેલ્લા ચાર પૂર્વનો અનુયોગ ૧, પહેલું વજ્રર્ષભનારાચ સંઘયણ ૨, પહેલું સમચતુરસ્ર સંસ્થાન ૩ તથા સૂક્ષ્મ મહાપ્રાણ નામનું ધ્યાન ૪ - આ ચાર સ્થાનો સ્થૂલભદ્રની પછી વિચ્છેદ પામ્યા છે. (૨૬૯)

**दसपुव्वी वुच्छेओ, वयरे तह अद्धकीलसंघयणा ।**
**पंचहि वाससएहिं, चुलसी य समय अहियम्मि ॥२७०॥**

**અર્થ :** તથા વજ્રસ્વામી પછી દશમા પૂર્વનો વિચ્છેદ થયો છે, તથા મહાવીરના નિર્વાણથી પાંચસો ને ચોરાશી વર્ષ ઝાઝેરા વ્યતીત થયા ત્યારે કીલિકા સુધીના ચાર (બીજાથી પાંચમા સુધીના) સંઘયણ વિચ્છેદ ગયા છે. (૨૭૦) (બે બે સંઘયણ જુદે જુદે વખતે વિચ્છેદ થયાનું સંભવે છે. કેમ કે અહીં ગાથામાં ચોથું પાંચમું જ નીકળે છે.)

**चउपुव्वीवुच्छेओ, वरिससए सित्तरम्मि अहियम्मि ।**
**भद्दबाहुंमि जाओ, वीरजिणिंदे सिवं पत्ते ॥२७१॥**

**અર્થ :** શ્રી મહાવીર જિનેન્દ્ર મોક્ષ પામ્યા પછી કાંઈક અધિક એકસો ને સીતેર વર્ષ ગયા ત્યારે શ્રી ભદ્રબાહુસ્વામીને સમયે (તેમની પછી) ચાર પૂર્વનો વિચ્છેદ થયો. (૨૭૧) (શ્રી સ્થૂલભદ્રને તે ચાર પૂર્વ માત્ર મૂળથી ભણાવ્યા હતા, અર્થથી નહીં.)

## ચાર કાળિકાચાર્યનો સમય વગેરે

**सिरिवीराऊ गएसु, पणतीसहिए तिसयवरिसेसु ।**
**पढमो कालगसूरि, जाओ सामुज्जनामु त्ति ॥२७२॥**

**અર્થ :** શ્રી મહાવીર સ્વામીના નિર્વાણથી કાંઈક અધિક ત્રણસો ને પાંત્રીશ વર્ષ ગયા ત્યારે પહેલા કાલિકાચાર્ય નામના સૂરિ થયા. તેનું બીજું નામ શ્યામાચાર્ય હતું. (૨૭૨)

**चउसयतिपन्नवरिसे, कालिगगुरुणा सरस्सती गहिया ।**
**चिहुसयसत्तरिवरिसे, वीराऊ विक्कमो जाओ ॥२७३॥**

**અર્થ :** વીરના નિર્વાણથી ચારસો ને તેપન વર્ષે બીજા કાલિકાચાર્ય થયા, તેણે મ્લેચ્છ રાજાને લાવી ગર્દભિલ્લ રાજાને હણીને પોતાની ભાણેજ સરસ્વતી

નામની સાધ્વીને ગ્રહણ કરી હતી. વીર નિર્વાણથી ચારસો ને સીતેર વર્ષે વિક્રમ રાજા થયા. (૨૭૩)

**पंचेव य वरिससए, सिद्धसेणदिवायरो पयडो ।**
**सत्तसय वीस अहिए, कालिकगुरु सक्कसंथुणिओ ॥२७४॥**

**અર્થ :** વીરનિર્વાણથી પાંચસો વર્ષે સિદ્ધસેન દિવાકર સૂરિ થયા, અને કાંઈક અધિક સાતસો ને વીશ વર્ષે ત્રીજા કાલિકાચાર્ય થયા, તેમણે શક્રેન્દ્રના પૂછવાથી નિગોદનું યથાર્થ સ્વરૂપ કહ્યું હતું તેથી શક્રેન્દ્રે તેમની સ્તુતિ કરી હતી. (૨૭૪)

**नवसय तेणुएहिं, समइक्कंतेहिं वद्धमाणाओ ।**
**पज्जूसणा चउत्ती, कालिगसूरिहि ता ठविया ॥२७५॥**

**અર્થ :** વર્ધમાનસ્વામીના નિર્વાણથી નવસો ને ત્રાણું વર્ષ વ્યતીત થયા ત્યારે ચોથા કાલિકસૂરિએ પાંચમને બદલે ચોથને દિવસે પર્યુષણા (સંવચ્છરી) સ્થાપન કરી. (૨૭૫)

**जीयं काऊण पुण, तुरमणि दत्तस्स कालियज्जेणं ।**
**अवि य सरीरं चत्तं, न य भणियमहम्मसंजुत्तं ॥२७६॥**

**અર્થ :** ભાણેજને બોધ કરવો તે જીત-આચાર છે

એમ જાણીને તુરમણી નામની નગરીમાં પોતાના ભાણેજ દત્ત નામના રાજા પાસે કાલિકાચાર્ય ગયા. તેમણે પોતાના શરીરનો ત્યાગ કર્યો એટલે દરકાર ન કરી, પરંતુ અધર્મયુક્ત અસત્ય વચન ન જ બોલ્યા. એટલે કે દત્ત રાજાએ પ્રાણાંત સુધીનો ભય બતાવ્યા છતાં યજ્ઞનું ફળ પૂછ્યું ત્યારે ગુરુએ યજ્ઞનું ફળ નરક જ કહ્યું. તેથી દત્ત રાજા અતિ કોપ પામ્યો, પરંતુ તે ગુરુને કાંઈ પણ કરી શક્યો નહીં, ઉલટો પોતે મરીને નરકે ગયો. (૨૭૬)

## આગમને પુસ્તકારૂઢ કર્યાનો સમય

**वल्लहिपुरम्मि नयरे, देवड्ढीपमुहेण समणसंघेण ।**
**पुत्थे आगम लिहिओ, नवसय असीइ तदा वीरो ॥२७७॥**

**અર્થ :** વીરનિર્વાણથી નવસો ને એંશી વર્ષે વલ્લભીપુર નગરમાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ વગેરે શ્રમણસંઘે આગમને પુસ્તકમાં લખાવ્યા. (૨૭૭)

## દિગંબરની ઉત્પત્તિનો સમય

**रहवीरपुरनयरे, तह सिद्धिगयस्स वीरनाहस्स ।**
**छसयनवउत्तरीए, खमणा पाखंडिया जाया ॥२७८॥**

**અર્થ :** શ્રી વીરપ્રભુ સિદ્ધિમાં ગયા પછી છસો ને નવ વર્ષે રથવીરપુર નામના નગરમાં પાખંડી શ્રમણ (દિગંબર) થયા. (૨૭૮)

## બીજીવાર આગમનું પુસ્તકારૂઢપણું

**दुब्भिक्खम्मि पणट्ठे, पुणरवि मेलित्तु समणसंघाओ ।**
**महुराए अणुओगो, पव्वत्तई खंदिलो सूरि ॥२७९॥**

**અર્થ :** બાર વર્ષનો દુકાળ પૂર્ણ થયો ત્યારે સ્કંદિલાચાર્ય નામના સૂરિએ ફરીથી મથુરાનગરીમાં સકળ શ્રમણસંઘ એકઠો કરી આગમનો અનુયોગ (વ્યાખ્યા) પ્રવર્તાવ્યો. (આગમો પુસ્તકારૂઢ કર્યા.) આનું નામ માથુરી વાચના કહેવાય છે. (૨૭૯)

## પૂર્ણિમા તથા અમાવાસ્યાને બદલે ચૌદશની પાખી કરવાનો સમય

**बारसवाससएसु, पुण्णिमदिवसाउ पक्खियं जेण ।**
**चउदसी पढमं पव्वं, पकप्पियं साहिसूरीहिं ॥२८०॥**

**અર્થ :** વીરનિર્વાણથી બારસો વર્ષે સ્વાતિસૂરિએ પૂર્ણિમાના દિવસને બદલે ચૌદશની પાખીનું પર્વ પ્રથમ

પ્રવર્તાવ્યું. (૨૮૦) (તપગચ્છની માન્યતા પ્રમાણે પાખી તો ચૌદશની જ હતી, ચોમાસી પૂર્ણિમાની હતી તે જ્યારથી ચોથની સંવત્સરી કરી ત્યારથી ચૌદશની ઠરાવી).

**पणपण्णबारससए, हरिभद्दो सूरि आसि पुव्वकए ।**
**तेरसय वीस अहिए, वरिसेहिं बप्पभट्टिपहू ॥२८२॥**

**અર્થ :** વીરનિર્વાણથી બારસો ને પંચાવન વર્ષે હરિભદ્રસૂરિ પ્રથમ ગ્રંથકાર થયા અને કાંઈક અધિક તેરસો ને વીશ વર્ષે બપ્પભટ્ટસૂરિ થયા.

શ્રીભુવનભાનુસૂરિ

100

જન્મ શતાબ્દી વર્ષ

૧૯૬૭ ૨૦૬૭

યુગો સુધી ઝળહળશે ભુવનભાનુના અજવાળા ☆ જન્મશતાબ્દી વર્ષે ભાવભીની શ્રદ્ધાંજલિ ☆

વૈરાગ્યવારિધિ
તિતિક્ષામૂર્તિ
અધ્યાત્મયોગી
અપ્રમત્તસાધક
નિર્યામણાનિપુણ
ન્યાયવિશારદ
સંઘહિતચિંતક
વર્ધમાન તપોનિધિ
ગચ્છાધિપતિ સૂરિ
[illegible]
સુવિશુદ્ધસંયમી
પ્રવચનપ્રભાવક
અનેકાંતદેશનાદક્ષ
શ્રેષ્ઠશ્રમણશિલ્પી
શિબિર આદ્યપ્રણેતા
બાળદીક્ષાસંરક્ષક
અપ્રતિમ પ્રભુભક્ત
અદ્ભુત ગુણાનુરાગી
નિર્દોષચર્યાચારી
સર્વતોમુખી પ્રતિભાસ્વામી

૧૯૬૭ ૨૦૬૭

સૂરિ પ્રેમના જમણા હાથ સમાન

વિરાટ સમુદાય સંયમ શિલ્પી

પરિષહોમાં ય પરમ સમતા

# સમતાસાગર પં. શ્રી પદ્મવિજયજી ગણિવર્ય




નિરીહતાનિરધિ

કલિકાળના એક મહાસાધક

# સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી વર્ષે ભાવભીની શ્રદ્ધાંજલિ

શાસ્ત્રસમુદ્રના પારગામી

કેન્સરની યાતનામાં ય માસક્ષમણની સાધના

તિતિક્ષાની એક પરાકાષ્ઠા

# अथ प्रशस्तिः

श्रीमते वीरनाथाय, कारूण्यपुण्यपाथसे ।
चरमतीर्थनाथाय, परोपकारिणे नमः ।।१।।

गौतमस्वामिने स्वस्ति, सुधर्मस्वामिने नमः ।
तत्परम्परयाऽऽयात-यतीन्द्रेभ्यो नमो नमः ।।२।।

शुभ्राभ्रशुभ्रसन्ततत्या-मेतस्यामभवत् किल ।
विजयानन्दसूरीशः, सुरीशसेव्यतां गतः ।।३।।

ततोऽपि कमलः सूरिः, संयमकमलाकरः ।
उपाध्यायस्तथा वीरो, वीर आन्तरविग्रहे ।।४।।

सर्वागमरहस्यज्ञ-स्ततो दानसूरीश्वरः ।
ततोऽपि प्रेमसूरीशः, सिद्धान्तैकमहोदधिः ।।५।।

भुवनभानुसूरीश-स्ततो न्यायविशारदः ।
पंन्यासोऽस्यानुजः पद्मः, समतारससागरः ।।६।।

विराजते विनेयोऽस्य, मादृशेषु कृपापरः ।
वैराग्यदेशनादक्षः, श्रीहेमचन्द्रसूरिपः ।।७।।

तत्पादपङ्कजालिना, सूरिकल्याणबोधिना ।
सन्दृब्धोऽयं प्रबन्धस्तु, कुर्यात् सर्वस्य मङ्गलम् ।।८।।



## શ્રી જિનશાસન સુકૃત મુખ્ય આધારસ્તંભ

(૧) શ્રી નયનબાળા બાબુભાઈ જરીવાલા પરિવાર
હ. લીનાબેન ચંદ્રકુમારભાઈ જરીવાલા - મુંબઈ.

(૨) શ્રી મૂળીબેન અંબાલાલ શાહ પરિવાર
હ. રમાબેન પુંડરીકભાઈ શાહ, ખંભાત - મુંબઈ.

(૩) શ્રી નયનબાળા બાબુભાઈ જરીવાલા પરિવાર
હ. શોભનાબેન મનીશભાઈ જરીવાલા - મુંબઈ

(૪) શ્રી સાયરકંવર યાદવસિંહજી કોઠારી પરિવાર
હ. મીનાબેન વિનયચન્દ્ર કોઠારી

(આપ પણ રૂા. ૧૧ લાખ આપીને શ્રી જિનશાસન સુકૃત મુખ્ય આધારસ્તંભ બની શકો છો.)

## શ્રી જિનશાસન સુકૃત આધારસ્તંભ

(૧) શ્રી કમળાબેન કાંતિલાલ શાહ પરિવાર
હ. બીનાબેન કીર્તિભાઈ શાહ (ઘાટકોપર-સાંઘાણી)

(આપ પણ રૂા. ૫ લાખ આપીને શ્રી જિનશાસન સુકૃત આધારસ્તંભ બની શકો છો.)

## શ્રી શ્રુતોદ્ધાર મુખ્ય આધારસ્તંભ

(૧) શ્રી અઠવાલાઈન્સ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ અને
શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.

(આપ પણ રૂા. ૧૧ લાખ આપીને શ્રી શ્રુતોદ્ધાર મુખ્ય આધારસ્તંભ બની શકો છો.)

## શ્રી શ્રુતોદ્ધાર આધારસ્તંભ

(૧) શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
શ્રી પાવાપુરી તીર્થ જીવમૈત્રી ધામ

(૨) શ્રી માટુંગા શ્વે.મૂ. જૈન સંઘ - મુંબઈ

(૩) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર - પાટણ

(૪) શ્રી મનફરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - મનફરા
પ્રેરક : પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપ્રભસૂરીશ્વરજી મહારાજા

(૫) શ્રી ગોવાલિયા ટેન્ક જૈન સંઘ - મુંબઈ

(૬) શ્રી નવજીવન શ્વે.મૂ. જૈન સંઘ - મુંબઈ

(૭) નડિયાદ શ્રી શ્વે.મૂ. જૈન સંઘ - નડિયાદ

(આપ પણ રૂા. ૫ લાખ આપીને શ્રી શ્રુતોદ્ધાર આધારસ્તંભ બની શકો છો.)

## શ્રુતસમુદ્ધારક

૧) ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ. (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજયભુવનભાનુસૂરિ મ. સા.ના ઉપદેશથી)

૨) શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.

૩) શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
(પ. પૂ. તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજયહિમાંશુસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૪) શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ.
(પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદસૂ. મ.સા.ની પ્રેરણાથી)

૫) શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ. પૂ. પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬) નયનબાલા બાબુભાઈ સી. જરીવાલા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ (પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૭) કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી)

૮) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાળા ટ્રસ્ટ, દાદર, મુંબઈ.

૯) શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઇ. (પ.પૂ. આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૧૦) શ્રી સાંતાક્રુઝ શ્વેતાં. મૂર્તિ તપાગચ્છ સંઘ, સાંતાક્રુઝ, મુંબઇ. (પ.પૂ. આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૧૧) શ્રીદેવકરણ મૂલજીભાઇ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઇ. (પ. પૂ. મુનિરાજ શ્રી સંયમબોધિવિ. મ. સા.ની પ્રેરણાથી)

૧૨) સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.
(પૂજ્ય સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ., પૂજ્ય સાધ્વી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ.ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩) બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઇ-૬.
(પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિવિજયજી મ.સા., પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૧૪) શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિરાજશ્રી રમ્યઘોષ વિ.મ.ની પ્રેરણાથી)

૧૫) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગલ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ. (પ. પૂ. આચાર્યદેવ શ્રીરૂચકચંદ્રસૂરિ મ.ની પ્રેરણાથી)

૧૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૧૭) શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ.ની પ્રેરણાથી)

૧૮) શ્રી કલ્યાણજી સૌભાગ્યચંદજી જૈન પેઢી, પિંડવાડા. (સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા.ના સંયમની અનુમોદનાર્થે)

૧૯) શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૦) શ્રી આંબાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.ની પ્રેરણાથી)

૨૧) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ.
(પૂ. આચાર્યશ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૨૨) શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ. (પૂ. ગણિવર્ય શ્રીઅક્ષયબોધિવિજયજી મ.ની પ્રેરણાથી)

૨૩) શ્રી મહાવીર જૈન શ્વેતા. મૂર્તિપૂજક સંઘ, પાલડી, અમદાવાદ. શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય. (પ. પૂ. આચાર્યશ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ સા.ની પ્રેરણાથી)

૨૪) શ્રી માટુંગા જૈન શ્વેતાં. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઇ.

૨૫) શ્રી જીવિત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા. (રાજસ્થાન)
(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિવિ. મ.સા. તથા મુનિરાજશ્રી મહાબોધિવિ. મ.સા.ની પ્રેરણાથી)

૨૬) શ્રી વિશા ઓશવાલ તપાગચ્છ જૈન સંઘ, ખંભાત. (વૈરાગ્યદેશનાદક્ષ પ. પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૭) શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર મુંબઈ-૪૦૦ ૦૦૭.

૨૮) શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ. (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના સં. ૨૦૫૩ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે જ્ઞાનનિધિમાંથી)

૨૯) શ્રીસીમંધરજિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઇ), મુંબઇ. (મુનિરાજશ્રી નેત્રાનંદવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૦) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૩૧) શ્રીકૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ. (પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્‌વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૨) શ્રી બાબુભાઈ સી. જરીવાલા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા-૨. (પ. પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૩) શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૩૪) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના. (પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૫) શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત. (પૂ.પં. શ્રી અક્ષયબોધિ વિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૬) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાલા ટ્રસ્ટ, આરાધના ભુવન, દાદર, મુંબઈ. (મુનિરાજશ્રી અપરાજિતવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૭) શ્રી જવાહરનગર જૈન શ્વેતા. મૂર્તિ. સંઘ, ગોરેગાવ, મુંબઈ. (પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૩૮) શ્રી કન્યાશાળા જૈન ઉપાશ્રય, ખંભાત. (પ.પૂ. સા. શ્રી રંજનશ્રીજી મ. સા., પૂ. પ્ર. સા. શ્રી ઈંદ્રશ્રીજી મ. સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે પ. પૂ. સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ. સા., પ. પૂ. સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ. સા. તથા પ.પૂ. સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી)

૩૯) શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઈ. (પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી જયસુંદરવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૪૦) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ૯૦ ફુટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ) (પૂ. પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૧) શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી. (પ.પૂ.આ. શ્રી ગુણરત્નસૂરિ મ.ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રી પુણ્યરત્નવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. યશોરત્નવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૨) શ્રી કોઈમ્બતુર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, કોઈમ્બતુર.

૪૩) શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ. (પ. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મ. સા.ની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ, દીક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી.)

૪૪) શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી રાજપાલવિજયજી મ.સા. તથા પૂ.પં. શ્રી અક્ષયબોધિવિ. મ.સા.ની પ્રેરણાથી)

૪૫) જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઇ.

૪૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાં. મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની સંઘમાં થયેલ ગણિ પદવીની અનુમોદનાર્થે)

૪૭) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાં. મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પૂ. મુનિરાજશ્રી સત્યસુંદર વિ. મ.સા.ની પ્રેરણાથી)

૪૮) રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ, મુંબઇ. (પ્રેરક-પૂ. મુનિરાજશ્રી રત્નબોધિવિજયજી મ. સા.)

૪૯) શ્રી મરીન ડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઇ.

૫૦) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ, બાબુલનાથ, મુંબઇ (પ્રેરક-મુનિરાજ શ્રી સત્ત્વભૂષણવિજયજી મ.)

૫૧) શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ મુંબઇ. (પ્રેરક : પૂ. ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૫૨) શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ, બાણગંગા, મુંબઇ.

૫૩) શ્રી વાડિલાલ સારાભાઇ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ, મુંબઇ (પ્રેરક : મુનિરાજશ્રી રાજપાલવિજયજી તથા પંન્યાસ શ્રીઅક્ષયબોધિવિજયજી ગણિવર.)

૫૪) શ્રી પ્રિન્સેસ સ્ટ્રીટ, લુહારચાલ જૈન સંઘ. (પ્રેરકઃ પૂ. ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૫૫) શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ. (પ્રેરક-મુનિરાજશ્રી રાજપાલવિજયજી તથા પં.શ્રી અક્ષયબોધિવિજયજી ગણિવર)

૫૬) સા. શ્રી સૂર્યયશાશ્રીજી તથા સા. શ્રી સુશીલયશાશ્રીના પાર્લા (ઈ) કૃષ્ણકુંજમાં થયેલ ચોમાસાની આવકમાંથી.

૫૭) શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ, અમદાવાદ (પ્રેરક-પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ.)

૫૮) શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, સમારોડ, વડોદરા (પ્રેરક-પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૫૯) શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ-કોલ્હાપુર (પ્રેરક-પૂ.મુનિરાજશ્રી પ્રેમસુંદરવિજયજી મ.)

૬૦) શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. પૂ. સંઘ, અમદાવાદ (પ્રેરક - પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી પુણ્યરત્નવિજયજી ગણિ)

૬૧) શ્રી દિપક જયોતિ જૈન સંઘ, કાલાચોકી, પરેલ, મુંબઈ (પ્રેરક - પૂ.પં. શ્રી ભુવનસુંદરવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રી ગુણસુંદરવિજયજી ગણિવર્ય)

૬૨) શ્રી પદ્મમણિ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - પાબલ, પુના (પ. પૂ. પંન્યાસજી શ્રી કલ્યાણબોધિવિજયજી ગણિની વર્ધમાન તપની સો ઓળીની અનુમોદનાર્થે પ. પૂ. પંન્યાસ શ્રીવિશ્વકલ્યાણવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬૩) ૐકારસૂરીશ્વરજી આરાધના ભુવન - સુરત (પ્રેરક- આ. ગુણરત્નસૂરિ મ. ના શિષ્ય મુનિરાજશ્રી જિનેશરત્નવિજયજી મ.)

૬૪) શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાયડુ કોલોની, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ.

૬૫) શ્રી આદીશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ-મુંબઈ.

૬૬) શ્રી આદીશ્વર શ્વેતાંબર ટ્રસ્ટ, સાલેમ(પ્રેરક-પ.પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.)

૬૭) શ્રી ગોવાલિયા ટૅક જૈન સંઘ, મુંબઈ.

૬૮) શ્રી વિલેપાર્લા શ્વે. મૂ.પૂ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ.

૬૯) શ્રી નેનસી કોલોની જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

૭૦) માતુશ્રી રતનબેન નરસી મોનજી સાવલા પરિવાર. (પૂ. પં. શ્રી કલ્યાણબોધિવિજયજીના શિષ્ય મુનિરાજશ્રી ભકિતવર્ધનવિજયજી મ. સા. તથા પૂ. સાધ્વીજી શ્રી જયશીલાશ્રીજી મ. ના સંસારી સુપુત્ર રાજનની પુણ્યસ્મૃતિ નિમિત્તે હ. : સુપુત્રો નવીનભાઈ, ચુનીલાલ, દિલીપ, હિતેશ.

૭૧) શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઇ.) મુંબઇ (પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૭૨) શ્રી ધર્મવર્ધક શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાર્ટર રોડ નં. ૧, બોરીવલી (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૭૩) શ્રી ઉમરા જૈન સંઘની શ્રાવિકાઓ (જ્ઞાનનિધિમાંથી) (પ્રેરક : પ.પૂ. મુનિરાજ શ્રી જિનેશરત્નવિજયજી મ.સા.)

૭૪) શ્રી કેશરિયા આદિનાથ જૈન સંઘ, ઝાડોલી, રાજ. (પ્રેરક : પ.પૂ. મુ. શ્રી મેરૂચંદ્ર વિ. મ. તથા પં. શ્રી હિરણ્યબોધિ વિ. ગ.)

૭૫) શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદીવલી, મુંબઈ (પ્રેરક : પ.પૂ. મુનિરાજ શ્રી હેમદર્શનવિ. મ.)

૭૬) શ્રી જૈન શ્વે. મૂ. સુધારાખાતા પેઢી, મહેસાણા.

૭૭) શ્રી વિક્રોલી સંભવનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, વિક્રોલી (ઈ), મુંબઈની આરાધક બહેનો તરફથી (જ્ઞાનનિધિમાંથી)

૭૮) શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત, મુંબઈ. (પ્રેરક - પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભ. શ્રીમદ્‌વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૭૯) શાહ જેસિંગલાલ મોહનલાલ આસેડાવાલાના સ્મરણાર્થે હ. પ્રકાશચંદ્ર જે. શાહ (આફ્રિકાવાળા) (પ્રેરક : પં. કલ્યાણબોધિ વિ. ગણિવર)

૮૦) શેઠ કનૈયાલાલ ભેરમલજી ચેરીટેબલ ટ્રસ્ટ, ચંદનબાળા, વાલકેશ્વર, મુંબઈ.
૮૧) શ્રી નવા ડીસા શ્વે.મૂ.પૂ. જૈન સંઘ (બનાસકાંઠા)
૮૨) શ્રી પાલનપુર જૈન મિત્ર મંડળ સંઘ, બનાસકાંઠા (પ્રેરક - પૂ. પંન્યાસપ્રવર કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય.)
૮૩) શ્રી ઉંઝા જૈન મહાજન (પ્રેરક - પૂ. પંન્યાસપ્રવર શ્રી અપરાજિતવિજયજી ગણિવર્ય તથા પૂ. મુનિરાજ શ્રી હેમદર્શનવિ. મ.)
૮૪) શ્રી સીમંધર જૈન દેરાસર, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ), મુંબઈ. (પ્રેરક - પૂ.સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજીના શિષ્યા પૂ.સા. શ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજી આદિ)
૮૫) શ્રી બાપુનગર શ્વે. મૂ. જૈન સંઘ, અમદાવાદ.
૮૬) શ્રી શેફાલી જૈન સંઘ, અમદાવાદ.
૮૭) શાન્તાબેન મણિલાલ ઘેલાભાઈ પરીખ ઉપાશ્રય, સાબરમતી, અમદાવાદ. (પ્રેરક- સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. તથા સા.શ્રી રત્નત્રયાશ્રીજી મ.)
૮૮) શ્રી આડેસર વિશા શ્રીમાળી જૈન દેરાવાસી સંઘ (પ્રેરક - આ. શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.)
૮૯) શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાલા એવં શ્રી શ્રેયસ્કર મંડલ, મહેસાણા.
૯૦) શ્રી તપાગચ્છ સાગરગચ્છ આણંદજી કલ્યાણજી પેઢી, વિરમગામ (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)
૯૧) શ્રી મહાવીર શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, વિજયનગર, નારણપુરા, અમદાવાદ
૯૨) શ્રી સીમંધરસ્વામિ જૈન સંઘ, અંધેરી (પૂર્વ) (પ્રેરક : સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.)
૯૩) શ્રી ચકાલા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)
૯૪) શ્રી અઠવાલાઈન્સ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ તથા શ્રી ફૂલચન્દ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત
૯૫) શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ - સંસ્થાન, બ્યાવર (રાજસ્થાન) (પ્રેરક : આ. શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.)
૯૬) પાલનપુરનિવાસી મંજૂલાબેન રસિકલાલ શેઠ (હાલ મુંબઈ), (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)
૯૭) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.જૈન સંઘ, પદ્માવતી એપાર્ટમેન્ટ, નાલાસોપારા (ઈ), (પ્રેરક- પ.પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.)
૯૮) શ્રી ઋષભ પ્રકાશભાઈ ગાલા, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વે.), (પ્રેરક : પ.પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.)
૯૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધક ટ્રસ્ટ, પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતી (પ.પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આ.દે. શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના ઉપકારોની સ્મૃતિમાં)
૧૦૦) શ્રી કુંદનપુર જૈન સંઘ, કુંદનપુર - રાજસ્થાન, હ. શ્રી શાંતિલાલજી મુથા.

**શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું**

# જ્ઞાનામૃતં ભોજનમ્...

પરિવેષક

**પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આ. હેમચન્દ્રસૂરીશ્વર શિષ્ય**

**આ. કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.**

૧. **સિદ્ધાન્તમહોદધિ મહાકાવ્યમ્** - સાનુવાદ.

૨. **ભુવનભાનવીયમ્ મહાકાવ્યમ્** - સાનુવાદ, સવાર્તિક.

૩. **સમતાસાગર મહાકાવ્યમ્** - સાનુવાદ.

૪. **પરમપ્રતિષ્ઠા કાવ્યમ્** - સાનુવાદ, કલાત્મક આલ્બમ સાથે.

૫. **જીરાવલીયમ્ કાવ્યમ્** - સાનુવાદ.

૬. **પ્રેમમંદિરમ્** - કલ્યાણમંદિર પાદપૂર્તિ સ્તોત્ર-સાનુવાદ, સવાર્તિક.

૭. **છંદોલંકારનિરૂપણમ્** - કવિ બનવાનો શોર્ટકટ-પોકેટ ડાયરી.

૮. **તત્ત્વોપનિષદ્** -

૯. **વાદોપનિષદ્** -

૧૦. **વેદોપનિષદ્** -

૧૧. **શિક્ષોપનિષદ્** -

(૮-૧૧) શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિકૃત ષષ્ઠી, અષ્ટમી, નવમી, અષ્ટાદશી દ્વાત્રિંશિકા પર સંસ્કૃત વૃત્તિ - સાનુવાદ.

૧૨. **સ્તવોપનિષદ્** - શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ તથા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય કૃત અદ્ભુત સ્તુતિઓના રહસ્ય -સાનુવાદ.

૧૩. **સત્ત્વોપનિષદ્** - યોગસાર ચતુર્થપ્રકાશવૃત્તિ - સાનુવાદ. (માત્ર સંયમી ભગવંતો માટે)

૧૪. **દેવધર્મોપનિષદ્** - મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત દેવધર્મપરીક્ષા ગ્રંથની ગુર્જર ટીકા.

૧૫. **પરમોપનિષદ્** - મહોપાધ્યાય શ્રીયશોવિજયજી આદિ કૃત પાંચ પરમકૃતિઓ પર ગુર્જરવૃત્તિ,

| | | |
|---|---|---|
| ૧૬. | આર્ષોપનિષદ્-૧ | શ્રી પ્રત્યેકબુદ્ધપ્રણીત ઋષિભાષિત (ઈસિભાસિયાઈ) આગમસૂત્ર પર સંસ્કૃત ટીકા. |
| ૧૭. | આર્ષોપનિષદ્-૨ | |
| ૧૮. | વૈરાગ્યોપનિષદ્ | શ્રી હરિહરોપાધ્યાયકૃત ભર્તૃહરિનિર્વેદ નાટક-ભાવાનુવાદ. |
| ૧૯. | સૂક્તોપનિષદ્- | પરદર્શનીય અદ્ભુત સૂક્તોનો સમુચ્ચય તથા રહસ્યાનુવાદ. |
| ૨૦. | કર્મોપનિષદ્- | સિદ્ધાન્તમહોદધિ શ્રી પ્રેમસૂરીશ્વરજી કૃત કર્મસિદ્ધિ ગ્રંથ પર ભાવાનુવાદ. |
| ૨૧. | વિશેષોપનિષદ્- | શ્રી સમયસુંદર ઉપાધ્યાયજી કૃત વિશેષ-શતક ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ. |
| ૨૨. | હિંસોપનિષદ્- | શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ અવચૂરિ અલંકૃત હિંસાષ્ટક ગ્રંથ પર ગુર્જર ટીકા. |
| ૨૩. | અહિંસોપનિષદ્- | અજ્ઞાતકર્તૃક (પ્રવાદતઃ શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત) નાનાચિત્તપ્રકરણ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ. |
| ૨૪. | ધર્મોપનિષદ્- | વેદથી માંડીને બાઈબલ સુધીના ધર્મશાસ્ત્રોના રહસ્ય. |
| ૨૫. | શમોપનિષદ્- | નવનિર્મિત સપ્તક પ્રકરણ - સાનુવાદ. |
| ૨૬. | લોકોપનિષદ્- | શ્રી હરિભદ્રસૂરિકૃત લોકતત્ત્વનિર્ણય ગ્રંથ પર સંસ્કૃત વૃત્તિ (ભાગ-૧). |
| ૨૭. | આત્મોપનિષદ્- | શ્રી ઉદયનાચાર્યકૃત આત્મતત્ત્વવિવેક ગ્રંથ પર ગુર્જર ટીકા (ભાગ-૧). |
| ૨૮. | સામ્યોપનિષદ્- | મહો. શ્રી યશોવિજયજી કૃત સમાધિ - સામ્યદ્વાત્રિંશિકા સચિત્ર સાનુવાદ. |
| ૨૯. | આગમોપનિષદ્- | વિસંવાદપ્રકરણ (આગમપ્રતિપક્ષનિરાકરણ) પર વિશદ વિવરણ. |

| | | |
|---|---|---|
| ૩૦. | **સ્તોત્રોપનિષદ્** - | શ્રી વજસ્વામિકૃત શ્રી ગૌતમસ્વામીસ્તોત્ર -સચિત્ર સાનુવાદ. |
| ૩૧.<br>૩૨. | **દર્શનોપનિષદ્** - | શ્રી માધવાચાર્યકૃત સર્વદર્શનસંગ્રહ ગ્રંથ પર ગુર્જર ટીકા. ભાગ : ૧-૨ |
| ૩૩-૩૪-૩૫. | **રામાયણના તેજ કિરણો** - | રામાયણી માટે પર્યાપ્ત આલંબન. ભાગ-૧-૨-૩. |
| ૩૬. | **જ્ઞાનોપનિષદ્** - | અષ્ટાવક્ર ગીતા પર સંસ્કૃત વૃત્તિ. |
| ૩૭.<br>૩૮. | **સંબોધોપનિષદ્** | સટીક શ્રી રત્નશેખરસૂરિકૃત સંબોધસપ્તતિ ગ્રંથ પર ગુર્જરવૃત્તિ. ભાગ : ૧-૨ |
| ૩૯. | **ઈષ્ટોપનિષદ્** - | શ્રી પૂજ્યપાદસ્વામિકૃત ઈષ્ટોપદેશ ગ્રંથ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ. |
| ૪૦.<br>૪૧. | **વિમોહોપનિષદ્** - | શ્રી યશપાલમંત્રીકૃત મોહરાજપરાજય નાટક પર વિષમપદ વ્યાખ્યા અને અનુવાદ. ભાગ : ૧-૨ |
| ૪૨. | **શ્રામણ્યોપનિષદ્** - | દશવિધ યતિધર્મ પર નવનિર્મિત પ્રકરણ (બીજું નામશ્રમણશતક). |
| ૪૩. | **સફળતાનું સરનામું** - | સફળતાની ઈચ્છુક વ્યક્તિએ વાંચવા યોગ્ય ગુર્જર ગ્રંથ. |
| ૪૪. | **પ્રસન્નતાની પરબ** - | વક્તા-શ્રોતા બન્નેને ઉપયોગી વૈરાગ્યાદિ રસઝરણા. |
| ૪૫. | **સૂત્રોપનિષદ્** - | શ્રીસૂત્રકૃતાંગસૂત્ર દ્વિતીય શ્રુતસ્કંધની સંસ્કૃત સંગ્રહણી. શ્રી સૂત્રકૃતાંગદીપિકા ભાગ-૨ ના પુનઃસંપાદન સાથે. |
| ૪૬. | **પ્રવ્રજ્યોપનિષદ્** - | અજ્ઞાતકર્તૃક પ્રવ્રજ્યાવિધાન પર ગુર્જર વૃત્તિ. |

| | | |
|---|---|---|
| ૪૭. | દેશનોપનિષદ્- | વૈરાગ્યદેશનાદક્ષ પૂ. ગુરુદેવશ્રીના વાચનાઓનું સંસ્કૃત કાવ્યમય અવતરણ. |
| ૪૮. | જીરાવલા જુહારીએ- | ગીત ગુંજન. |
| ૪૯. | અસ્પર્શોપનિષદ્- | મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત અસ્પૃશદ્ગતિવાદ પર ગુર્જર વૃત્તિ. |
| ૫૦. | હિતોપનિષદ્- | અધ્યાત્મકલ્પદ્રુમના યતિશિક્ષોપદેશાધિકાર તથા યતિશિક્ષા-પંચાશિકા પર ગુર્જર વાર્તિક+સાનુવાદ સાવચૂરિ યતિવિચાર. |
| ૫૧. | ઉપદેશોપનિષદ્- | ઉપદેશરત્નકોષ પર સંસ્કૃતવૃત્તિ-સાનુવાદ. |
| ૫૨. | પ્રાર્થનોપનિષદ્- | અલંકારિક સ્તુતિઓ પર તાત્પર્યવૃત્તિ-સાનુવાદ. |
| ૫૩. | સદ્બોધોપનિષદ્- | સદ્બોધચન્દ્રોદય પંચાશિકા પર સંસ્કૃત સાનુવાદ વાર્તિક. |
| ૫૪.<br>૫૫. | અંગોપનિષદ્- | અદ્યાવધિ અમુદ્રિત ગ્રંથ<br>શ્રી અંગચૂલિકાસૂત્ર પર સંસ્કૃત વૃત્તિ ભાગ-૧-૨ |
| ૫૬. | વર્ગોપનિષદ્- | અદ્યાવધિ અમુદ્રિત ગ્રંથ<br>શ્રી વર્ગચૂલિકાસૂત્ર પર સંસ્કૃત વૃત્તિ. |
| ૫૭. | આગમની આછી ઝલક | |
| ૫૮. | જૈનં જયતિ શાસનમ્ - | બુદ્ધિજીવીઓને અવિશ્વસનીય જૈન સિદ્ધાન્તોની આધુનિક પ્રસંગો દ્વારા સિદ્ધિ. |
| ૫૯. | આજ આનંદ ભયો - | અંજનશલાકા-સ્ટેજ પ્રોગ્રામમાટે આલંબન. |
| ૬૦. | પંચકોપનિષદ્- | શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત **જ્ઞાનપંચક-વિવરણ** ગ્રંથ પર નૂતન સંસ્કૃત વૃત્તિ. |

| | | |
|---|---|---|
| ૬૧. | **અવધૂતોપનિષદ્** - | શ્રી દત્તાત્રેય અવધૂત પ્રણીત **અવધૂતગીતા**ની મનનીય સૂક્તિઓ પર નૂતન સંસ્કૃત વૃત્તિ. |
| ૬૨. | **દુઃષમોપનિષદ્** - | દુઃષમગંડિકા ગ્રંથ પર વિશદ વૃત્તિ. |
| ૬૩. | **પ્રથમોપનિષદ્** - | પ્રથમવાર પ્રકાશિત થતી વિશિષ્ટ કૃતિઓ, રત્નાકરપંચવિંશતિકા-પ્રાચીન ટીકા, વનસ્પતિસપ્તતિકા-સાવચૂરિ, જંબૂ અધ્યયન, ગિરનારતીર્થપ્રતિષ્ઠા પ્રશસ્તિ. |
| ૬૪. | **અર્હન્નામસહસ્રસમુચ્ચય** - | કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યરચિત કૃતિ-સચિત્ર સંપાદન. |
| ૬૫. | **ઉપાસનોપનિષદ્** - | પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત ધૂમાવલિ + સર્વજિનસાધારણસ્તવન આ બે વિશિષ્ટ કૃતિઓ-સચિત્ર સાનુવાદ. |
| ૬૬. | **સુખોપનિષદ્** - | પરમસુખપ્રાપ્તિરૂપ ચિત્તશુદ્ધિફળ, સચિત્ર-સાનુવાદ. |
| ૬૭. | **દયોપનિષદ્** - | જીવદયા પ્રકરણ પર નૂતન સંસ્કૃત વૃત્તિ-સાનુવાદ |
| ૬૮. | **શંખેશ્વર સ્તોત્ર** - | મહો. યશોવિજયજી મહારાજાની કૃતિ, સચિત્ર-સાનુવાદ. |
| ૬૯. | **દાનાદિ પ્રકરણ** - | શ્રી સૂરાચાર્યકૃત પ્રકરણ, ત્રુટિતકાવ્યપૂર્તિ + અનુવાદ સહ. |
| ૭૦. | **ધ્યાનોપનિષદ્** - | પ.પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી લિખિત ધ્યાન અને જીવન પુસ્તકનો સંસ્કૃત તાત્પર્યાનુવાદ. |
| ૭૧. | **પંચસૂત્રોપનિષદ્** - | પ.પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી લિખિત ઉચ્ચ પ્રકાશના પંથે પુસ્તકનો સંસ્કૃત તાત્પર્યાનુવાદ. |

૭૨. પૂર્ણોપનિષદ્- મહો. યશોવિજયજી મહારાજા કૃત જ્ઞાનસાર અંતર્ગત પૂર્ણાષ્ટક સચિત્ર - સાનુવાદ.

૭૩. મગ્નોપનિષદ્- મહો. યશોવિજયજી મહારાજા કૃત જ્ઞાનસાર અંતર્ગત મગ્નાષ્ટક સચિત્ર - સાનુવાદ.

૭૪. ગૌતમાષ્ટક- પૂર્વાચાર્યકૃત મહાપ્રભાવક કૃતિ સચિત્ર - સાનુવાદ.

૭૫. વીરોપનિષદ્- શ્રીભદ્રબાહુસ્વામીકૃત કલ્પસૂત્ર અંતર્ગત પ્રભુ વીરનું સ્વરૂપ સચિત્ર - સાનુવાદ.

૭૬. આચારોપનિષદ્- દશ સામાચારી વિષયક નવનિર્મિત સંસ્કૃત પ્રકરણ - સાનુવાદ.

૭૭થી ૧૦૦- આનંદઘનની આત્માનુભૂતિ અલગારી અવધૂત શ્રી આનંદઘનજી મહારાજ પ્રણીત આધ્યાત્મિક પદ આધારિત પરિશીલન શૃંખલા.

બોટિકોપનિષદ્- અદ્યાવધિ અમુદ્રિત કૃતિઓ બોટિક-પ્રતિષેધ, બોટિકનિરાકરણ, બોટિકોચ્ચાટન, દિગંબર-મતવિચાર દિગંબરમતખંડનના સંકલન સાથે અનેક પ્રાચીન ગ્રંથોના આધારે દિગંબર મતની સમીક્ષા.

• વિવાહચૂલિકા • અજીવકલ્પ • જીવસંખ્યા પ્રકરણ • સમ્યક્ત્વ પંચવિંશતિકા • નિશાભોજન પ્રકરણ • બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય • સમ્યક્ત્વ સ્વરૂપ



દુઃષમ આરે ઇણ ભરતે...

દુઃષમકાળના અનેકાનેક
ભૂતકાલીન અને ભવિષ્યકાલીન
પ્રસંગોનું નિરૂપણ કરતી
એક ઐતિહાસિક કૃતિ.

અનેક હસ્તાદર્શો પરથી સંશોધન-સંપાદન કરીને
નવનિર્મિત ટીકા સાથે સૌ પ્રથમ પ્રસ્તુતિ.

૬૨

MULTY GRAPHICS
(022) 23873222 23884222